નાસમજો દિમાગમાં બાઝી ગયેલાં અજ્ઞાનતાનાં
તેમજ ઈસ્લામથી પૂર્વગ્રહનાં જાળાં દૂર કરે અને સમજે કે...

# સ્ત્રી માટે સંપૂર્ણ પર્દો શરીઅતથી સાબિત છે અને છે જ !

**તંત્રીલેખ**

નૂરે ખુદા હૈ કુફ્ર કી હરકતપે ખંદાઝન
ફૂંકોંસે યહ ચિરાગ બુઝાયા ન જાયેગા

મને કેટલાક ભાઈઓએ જણાવ્યું કે ૧૯ નવે. ૦૬ના 'દિવ્ય ભાસ્કર'માં રસરંગ વિભાગમાં 'ગુણવંત શાહ' નામની કોઈ વ્યક્તિએ ઈસ્લામના હુકમ સ્ત્રીઓના પર્દાની વિરુધ્ધ પોતાના મનનું ઝહેર ઓક્યું છે. તો મેં કહ્યું કે ગુજરાતનો ગુણવંત શાહ હોય કે કે ઈંગ્લેન્ડનો મંત્રી જેક સ્ટ્રો હોય કે પ્રધાન મંત્રી ટોની બ્લેયર હોય કે કોઈ અન્ય વિધર્મી હોય, એઓ એવું લખે તથા બોલે એ સ્વભાવિક છે ! કારણ કે એમના ત્યાં સ્ત્રીઓ શરીર પ્રદર્શનમાં અને ફેશનમાં એટલી હદે કંટ્રોલ બહાર પહોંચી ચૂકી છે કે તેમની તેણીઓ સ્વચ્છંદતાની સઘળી સીમાઓ વટાવી ચૂકી છે અને શરમ તથા હયા તેમને ત્યાં એવી રીતે માતમ કરી રહી છે કે તેમના ત્યાં તેને કોઈ પૂછનાર જ નથી રહ્યું ! એમના ત્યાં બાપ તથા ભાઈ સામે પુત્રી તથા બહેન નગ્નતભર્યા ડ્રેસો પહેરી ગૈર મર્દો સાથે ડાન્સ કરે છે અને પુત્ર સામે મમ્મી પર પુરૂષ સાથે નાચવામાં શરમાતી નથી. જ્યારે મુસલમાનોમાં હિંદ શું કે યૂરોપ શું ? દરેક જગાએ હજી પણ અસંખ્ય બાઈઝ્ઝત બાપર્દા જીવનારી નેક ખાતૂનો મૌજૂદ છે જેઓ ઈજ્જતભેર પર્દાની સાથે પોતાના શરીરોને, ચહેરાઓને ઢાંકીને એક સુસભ્ય તથા સુઘડ સમાજમાં શરમને સાચવીને જીવી રહી છે, જેથી પર્દાધારી નેક ખાતૂનોને ઈજ્જતભેર જીવતી જોઈને તેમને જલન થાય છે ! અને એ જ કારણે અવનવા તરંગી તુક્કા કરીને આવા શાહો કે ભટ્ટો અવારનવાર વર્તમાન પત્રોનાં પાનાંઓ પર પોતાની કુબુધ્ધિ તથા મૂર્ખતાનું પ્રદર્શન કરતા જોવા મળે છે.

સામાન્યથી સામાન્ય બુદ્ધિવાળો માણસ પણ સમજે છે કે દરેક સમાજમાં આજે જે કાંઈ ખરાબીઓ ફેલાઈ રહી છે, આડા વહેવારના તથા વ્યભિચાર તથા બળાત્કારના બનાવો બને છે, યુવતીઓની છેડતીના, યુવતીઓના ભાગી જવાના કે ભગાડી જવાના, કુંવારી માતાઓ બનવાના વગેરે જે બનાવો બને છે, વળી તેમાંથી લડાઈ, ઝઘડા, ખૂનો પણ થાય છે, તેનું કારણ સ્ત્રીઓનો શારીરિક નગ્નતા જાહેર કરતો વર્તમાન પહેરવેશ છે. એવા પારદર્શક તથા ચુસ્ત પોશાકો પહેરવામાં આવી રહ્યા છે કે યુવાનોની નિગાહો ફટકી જાય છે, અને પછી ન થવાની ખરાબીઓ જન્મ લે છે. એ જ વર્તમાન પત્રો લખે છે કે ટી.વી.એ પશ્ચિમની નગ્નતાભર્યી બિકીનીધારી કુસંસ્કૃતિને આપણા ઘરોમાં ઘૂસાડી છે જેના કારણે દરેક કૌમના સમાજમાંથી સુસંસ્કારો વિદાય લઈ રહ્યા છે અને બેહયાઈ તથા સ્વચ્છંદતા તથા વ્યભિચાર

ફેલાઈ રહ્યો છે. સમાજની ઘણી સભ્ય વ્યક્તિઓ એના વિશે ચિંતાઓ પ્રગટ કરી રહી છે અને આ ખરાબીથી બચવા પોતાનાં મંતવ્યો રજૂ કરી રહી છે, તેવા સમયે આ સર્વ ખરાબીઓને જડમૂળથી ઉખેડવા માટે કોઈ અકસીર ઈલાજ હોય તો તે આ ઈસ્લામી પર્દો જ છે !

અને ખરાબીની શરૂઆત નજરોના ટકરાવથી, અને ચહેરાના હાવભાવોથી જ આગળ વધે છે, નજરો બહેકે છે તો દિલ બહેકે છે અને દિલ બહેકે છે તો પૂરું વજૂદ બહેકે છે અને એનું પરિણામ વ્યભિચારમાં પરિણામે છે. જેથી સ્ત્રીએ શરીર પર બુરખાની સાથે ચહેરો પણ ઢાંકેલો હશે તો કોઈ ફિત્નાને અવકાશ જ રહેશે નહીં. આટલી સામાન્ય વાત પણ એ મૂર્ખ લેખકને સમજમાં નથી આવતી ! અને સમજમાં ક્યાંથી આવશે ?! કારણ કે મનમાં મુસલમાન તથા ઈસ્લામ પ્રત્યે પૂર્વગ્રહ ભરેલો છે જેથી ન્યાયપૂર્વક ફેંસલો કરવા માટે તેમનું દિલ તથા દિમાગ ચાલશે જ નહીં ! એમનું કહેવું છે કે ટોપી, દાઢી, પર્દો વગેરે કોમવાદવર્ધક છે. સાચી વાત છે ! કે જેમના દિલમાં પાપ ભર્યું હશે તે ટોપી દાઢીવાળા તથા પર્દાવાળી સ્ત્રીને જોઈને તેમનાથી ધૃણા કરશે, જેમનું પોતાનું માનસ કોમવાદી હશે તેને જ આ ચીજો ખૂંચશે, તેનામાં રહેલ કોમવાદી માનસ જાગૃત થશે, નહીં તો ભલે ને કોઈ તેના ધર્મ પ્રમાણે ગમે તે પહેરવેશ પહેરે બીજા ધર્મવાળાને તેની સાથે શું લેવા દેવા છે ?! શું વરસોથી દરેક ધર્મવાળા પોતાના પહેરવેશ પહેરતા ન હતા ? દાઢી તથા પર્દો શું આજે નવો નીકળેલ છે ? તો ત્યારે કેમ આ કોમવાદ વકરતો ન હતો ? અને હવે તમને એ જણાય રહ્યો છે ? મૂળ વાત એ છે કે ખામી પોતાનામાં છે !! એટલે આવી વાતો સૂઝે છે.

અને સાંભળી લો ! અફઘાનિસ્તાન અને તાલીબાન સુધી ન જાવ ! આપણે હિંદુસ્તાનમાં રહીએ છીએ તો પ્રથમ આપણી આસપાસના સમાજનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરો ! કે જે મુસ્લિમ સ્ત્રીઓ પર્દો કરે છે, ચહેરો ઢાંકે છે તેમના પર પર્દો કરવા કોઈ જબરદસ્તી કરતું નથી ! પણ તેમને કુર્આનની સ્ત્રી મર્યાદાની તા'લીમને સારી રીતે સમજી લીધી છે અને સ્ત્રીની મર્યાદાઓને જાણી લીધી છે, તેથી સ્વેચ્છાએ જ બુરખા પહેરે છે અને પોતે સ્વેચ્છાએ જ ઈજ્જતદાર ખાતૂન તરીકે જીવવા માગે છે, મોડેલોની જેમ અર્ધનગ્ન થઈ ફરતી, શેરીઓમાં જાણે રેમ્પ કરતી હોય તેમ ચાલતી હરતી ફરતી મોડેલો જેમ જીવતી બેહયા સ્ત્રીઓ જેમ એ તેણીઓ બેઈજ્જતીની જિંદગી જીવવા નથી માંગતી. તો તમને એમાં શું વાંધો પડે છે ?!

અને સાંભળી લો કે ઈસ્લામ ધર્મના કાનૂન એ કોઈ એક બે સદી માટેના નથી કે તમે પંદરમી સદીની તથા એકવીસમી સદીની માનસિક્તાની વાત કરો, પણ ઈસ્લામના કાનૂન કયામત સુધીના સમય માટેના છે અને તેને હર દૌરમાં આસાનીપૂર્વક પાળી શકાય છે અને એને પાળવામાં સર્વની ભલાઈ જ ભલાઈ સમાયેલી છે. ઈસ્લામને તથા તેના કાનૂનોને દૂરથી ન જોયા કરો અને ઉપર છલ્લો અભ્યાસ કરી પૂર્વગ્રહ સાથે ન જુઓ ! બલ્કે ન્યાયપ્રિય દિલો દિમાગ હોય તો ધ્યાનપૂર્વક ચિંતનપૂર્વક અભ્યાસ કરશો તો તમારાં મંતવ્યો જરૂર બદલાઈ જશે. (ઈન્શાઅલ્ મૌલા તઆલા) અને જ્યારે તમને સમજ પડી જશે ત્યારે તમે પુરૂષોને બુરખો પહેરી પ્રેક્ટિકલ કરી જોવાનું કહેવાની મૂર્ખતા નહીં કરો !

હવે મારે મુસલમાન હોવાનાં દાવેદાર ભાઈ બહેનોને બે વાતો કહેવી છે તે એ કે, "જો સર્વ મુસ્લિમ સ્ત્રીઓ અલ્લાહ તથા રસૂલનાં, કુર્આન હદીષનાં ફર્માનો પર અમલ કરીને પર્દો કરતી હોત અને પુરૂષો સર્વ દાઢી રાખતા હોત તો આજે આ નાદાનોને એના વિશે કાંઈક કહેવાનો ચાન્સ જ ન રહેત. અફસોસ ! તમારી બેઅમલી અને કુર્આનના ફર્માનની વિરુધ્ધની જીવન પ્રણાલીએ, રસૂલે પાક ﷺની હદીષો

તથા તેમના ફર્માનોથી ઉલ્ટી જીવનની પદ્ધતિએ આજે ગૈર કૌમના ઈસ્લામથી અજ્ઞાન માણસોને મુસ્લિમ કૌમ પર તથા ઈસ્લામ પર કોઈ ન કોઈ ચીજને આડ બનાવીને ટીકા કરવાનો મોકો આપ્યો છે. પર્દાનો હુકમ કુર્આનથી જ છે, શું તમે કુર્આન નથી પઢતાં ? તેમાં નથી જોતાં ? ન જોયું હોય તો જુઓ ! તમે નહીં જુઓ તો કોણ જોશે ?! અરે ! યૂરોપ, અમેરિકા વગેરે દેશોમાં કુર્આનનો અભ્યાસ કરીને ત્યાંના લોકો ઈસ્લામ સ્વીકારી રહ્યા છે, સાચા પાકા પાબંદ મુસ્લિમ બની રહ્યા છે, ગોરી સ્ત્રીઓ બાપર્દા થઈ રહી છે ! અને તમે મુસલમાનના ઘરે જન્મ લીધો છતાં કુર્આનને પઢવાથી સમજવાથી દૂર...! કુર્આનના આદેશથી ગાફેલ ! અફસોસ ! અફસોસ !

સાંભળો ! આ અગાઉ પણ એનો ઉલ્લેખ અમે કરી ચૂક્યા છીએ કે કુર્આનમાં પર્દા વિશે રબ તઆલાનું ફર્માન છે :– يَآيُّهَا النَّبِيُّ قُلْ لِّاَزْوَاجِكَ وَبَنٰتِكَ وَنِسَآءِ الْمُؤْمِنِيْنَ يُدْنِيْنَ عَلَيْهِنَّ مِنْ جَلَابِيْبِهِنَّ

**તર્જુમો** : "અય નબી ! પોતાની પત્નીઓ, સાહેબઝાદીઓ અને મુસલમાનોની સ્ત્રીઓને ફર્માવી દો કે પોતાના ચહેરા પર ચાદર નાખેલ રહે, એનાથી તેણીઓ ઓળખવામાં આવશે અને એમને તકલીફ નહીં આપવામાં આવશે, અને અલ્લાહ બખ્શનાર મહેરબાન છે." *(સૂ. અહઝાબ, આ. ૫૯, પારા–૨૨)*

શું આ કુર્આનનું ફર્માન નથી ? જ્યારે ત્યારના પવિત્ર દૌરમાં અતિશય નેક ખાતૂનો એટલે નબીની બીવીઓ, દીકરીઓ તથા તે દૌરની નેક મુસ્લિમ સ્ત્રીઓને ચહેરો ઢાંકવાનો આદેશ અલ્લાહે કર્યો તો **કયો મૂર્ખ એવો આગ્રહ સેવશે કે આજના સ્વચ્છંદી તથા ખરાબીના દૌરમાં હવે પર્દો કરવાની કે ચહેરો ઢાંકવાની જરૂર નથી ?** જેનામાં બુદ્ધિનો છાંટો પણ હશે તે પણ કબૂલશે કે ખરેખર આજના બેહયાઈભર્યા તથા ખતરનાક માહોલમાં તો અતિ વિશેષ જરૂરી છે કે સ્ત્રી પર્દો કરે તથા ચહેરો પણ ઢાંકે. પણ આ વાત કોણ સમજશે ? જેનામાં બુદ્ધિ હશે તે જ સમજશે અને તે જ અમલ કરશે.

આશ્ચર્યની વાત છે કે પર્દા વિરુધ્ધ ઝહેર ઓકનારાઓને ત્યાં ધાર્મિક તહેવારોમાં પણ એટલી આધુનિક્તા તેમણે સ્વીકારી લીધી છે કે સ્ત્રી પુરૂષો ભેગા મળીને ફેશનેબલ તથા અંગ પ્રદર્શન કરતાં ભડકાવનારા પોશાકો પહેરી શરીરની ખુલ્લી પીઠો પર, ખભા સુધી ખુલ્લા માંસલ હાથો પર ટેટુની ડિઝાઈનો કરી ખૂબસૂરતીનું પ્રદર્શન કરીને મોડી રાત સુધી ડાન્સ કરે, અને સઘળા તેની મજા માણે ! યુવાની હિલોળે ચઢે અને જોનારા આનંદ લૂંટે ! અને દિવસો સુધી રાત રાતભર જાગીને યુવાન યુવાન છોકરા છોકરીઓ, મન ફાવે ત્યાં હરે ફરે અને ન કરવાનાં કામો કરે, અને જતા દહાડે એનાં માઠાં પરિણામો આવે ત્યારે માંબાપની તથા યુવતીઓની હાલત અકથ્ય થઈ જાય ! એવા અસંખ્ય બનાવો થતા રહે છે કે ક્યાંક કુંવારી માં બનનારીઓ આપઘાત કરે છે તો ક્યાંક ઉકરડામાંથી નવજાત શીશુ મળે છે ! તેનો ઉપાય શોધવાની એમને ચિંતા નથી અને વિના કારણે મુસ્લિમ સ્ત્રીના પર્દાને કે જે આ ખરાબીઓથી બચાવનાર છે તેને વારંવાર ચર્ચાના એરણે ચઢાવે છે. ફિકર તો એમણે પોતાના સમાજની કરવી જોઈએ કે આ ખરાબીઓ ક્યાં જઈને અટકશે !

અને શાહના લેખમાં કેટલીક મુસ્લિમ નામધારી સ્ત્રીઓ જેમ કે શબાના, નઝમા હેપ્તુલ્લાહ, બેનઝીર ભુટ્ટો વગેરેનો ઉલ્લેખ કરીને જણાવાયું છે કે, "તેણીઓ સાડીઓમાં શોભી રહી છે ! તેણીઓ બુરખો નથી પહેરતી.... વગેરે. તો શું એ તેણીઓ પાસેથી મુસ્લિમોએ ઈસ્લામ શીખવાનો છે કે પછી એમને ઈસ્લામની સમજ આપવાની છે ?! એ નાદાન સ્ત્રીઓ તો કુર્આનના હુકમોને અવગણીને કોઈ નાચનારી

બની પોતાના હુસ્નને જાહેર કરીને નાણા કમાઈ રહી છે, તો કોઈકે રાજકરણમાં ઝંપલાવી લાખોનાં કૌભાંડો કર્યાં છે તો કોઈકે એવા ગુનાહો કર્યા છે કે જેના કારણે દેશવટો ભોગવી રહી છે ! **આવી ખરડાયેલી છબીવાળી સ્ત્રીઓને કોણ આદર્શ બનાવી શકે ?! એ જ કે જેની મતી મારી ગઈ હોય.** અને એવી માર્ગ ભૂલેલી સ્ત્રીઓનું સમર્થન મુસ્લિમ પર્સનલ લોના બની બેઠેલા મેમ્બર કલ્બે સાદિક જેવા ગુમરાહ રાજકરણી, કહેવાતા મોલ્વી જ કરી શકે છે.

આવો ! કુર્આનમાં પર્દા માટે ક્યાં ક્યાં અને કેવા કેવા હુકમો છે તેઓ અભ્યાસ કરતા ચાલો :–

وَلَا يُبْدِيْنَ زِيْنَتَهُنَّ اِلَّا لِبُعُوْلَتِهِنَّ اَوْ اٰبَآئِهِنَّ اَوْ اٰبَآءِ بُعُوْلَتِهِنَّ اَوْ اَبْنَآئِهِنَّ۔۔۔ عَوْرٰتِ النِّسَآءِ

**તર્જુમો** : "અને પોતાનો શણગાર જાહેર ન કરે પણ પોતાના પતિ કે પોતાના બાપ દાદા કે પતિના બાપદાદા કે પોતાના પુત્રો કે પતિના પુત્રો (જે બીજી પત્નીથી હોય) કે પોતાના ભાઈઓ કે ભત્રીજાઓ કે બહેનના પુત્રો કે પોતાના મઝહબની સ્ત્રીઓ કે પોતાની દાસીઓ જે માલિકીપણામાં હોય અથવા તે બાળકો પર જેમને સ્ત્રીની શરમની ચીજોની ખબર ન હોય." *(સૂ. નૂર, પારા–૧૮, રૂકૂઅ–૧૦)*

આ હુકમ કોઈ ટેમ્પરરી ન હતો, બલ્કે જેટલી મુસ્લિમ સ્ત્રીઓ કિયામત સુધી થશે દરેકને કુર્આન કહી રહ્યું છે કે, **ગૈર મર્દોથી "પર્દો કરો ! પર્દો કરો !"** છતાં મુસ્લિમ સ્ત્રીઓ ન માને અને પુરૂષો તેણીઓને પર્દા માટે ન સમજાવે તો એઓ બંનેવ કુર્આનના હુકમનો અનાદર કરનાર ગણાશે. મુસલમાનો ! જરા ઠંડા દિલે વિચારો ! અલ્લાહથી વધુ તમારી ભલાઈ ચાહનાર કોણ છે ?! તે જ ફર્માવે છે કે, હે ઔરતો ! પર્દો કરો ! એમાં જ તમારી ભલાઈ છે.

જે મુસ્લિમ સ્ત્રીઓ બની ઠનીને શણગાર કરીને, સુંદર દેખાય તેવી સજી ધજીને પર પુરૂષો સમક્ષ પોતાનું હુસ્ન જાહેર કરવા માટે જાહેર સ્થળે નીકળે કે T.V. કે ફિલ્મના પર્દા પર ચમકે અથવા ટેનિસની ખેલાડી બની પોતાના સીના તથા જાંગોને જગત સમક્ષ જાહેર કરે કે મિનિસ્ટર બને કે વડા પ્રધાન બની જાય..... પણ શરીરની ખૂબસૂરતી લોકો માટે પ્રદર્શનમાં મૂકનાર સ્ત્રીઓ કોઈપણ હોય ભલે પોતાને તે તેણીઓ એજ્યુકેટેડ સમજે હોશિયાર સમજે પણ કુર્આનનો હુકમ એવી અંગ પ્રદર્શન કરતી સ્ત્રીઓને અજ્ઞાન, અનએજ્યુકેટેડ કહે છે. સાંભળો !:–

وَلَا تَبَرَّجْنَ تَبَرُّجَ الْجَاهِلِيَّةِ **તર્જુમો** : (ગૈરો સમક્ષ શણગાર જાહેર કરવો) "આ જાહિલોનો (અજ્ઞાનોનો) તરીકો છે જેને આ તેણીઓએ અપનાવી લીધો." *(સૂરએ અહઝાબ, આયત–૩૩)*

એટલે કે ઈસ્લામના આગમન પહેલાં સ્ત્રીઓની સ્થિતિ એક રમકડા જેવી હતી, તેણીને મનોરંજનનું સાધન જ સમજવામાં આવતું હતું, લોંડીઓ શણગાર કરીને વેશ્યાગીરીનો ધંધો જાહેરમાં અપનાવતી હતી અને તેની આવક તેના માલિકો લઈ લેતા હતા. ઈસ્લામે જ આવીને સ્ત્રીને મુક્તિ અપાવી, તેણીને ઈજ્જત આપી, પતિ ઉપર પત્નીના હક્કો, ઔલાદ પર માંના હક્કો, બાપ પર પુત્રીના હક્કો લાગુ પાડી સ્ત્રી જાત પર અહેસાન કર્યું અને તેણીના શરીરના પ્રદર્શનને રોકી પર્દાથી તેણીને ઈજ્જત આપી. અને તેણીની પોતાની ઈજ્જત સચવાય રહે માટે કુર્આને હુકમ આપ્યો :–

وَقَرْنَ فِیْ بُيُوْتِكُنَّ وَلَا تَبَرَّجْنَ تَبَرُّجَ الْجَاهِلِيَّةِ **તર્જુમો** : "હે સ્ત્રીઓ ! ઘરોમાં જામીને બેસી રહો ! (એટલે કે શરઈ જરૂરત વિના ન નીકળો) અને જાહિલિયત (અજ્ઞાનતા, પછાતપણા)ના જમાના જેવો

બનાવ શણગાર બનાવતી ન ફરો !" *(સૂ. અહઝાબ, રુકૂઅ-૧, આયત-૩૩)*

એટલે જે મુસ્લિમ સ્ત્રીઓ પોતે એજ્યુકેટેડ હોવાનો ભરમ રાખી ફેશનેબલ બનીને બેપર્દા ફરતી હોય તેવી તેણીઓ જો કુર્આન પર ઈમાન રાખતી હોય તો કુર્આનની આ આયતોનો ઠંડા દિલે અભ્યાસ કરે અને જ્ઞાની અને અજ્ઞાનીનો ફરક કુર્આનથી સમજે.

કુર્આનમાં રબ તઆલાનું ફર્માન છે કે : وَقُلْ لِّلْمُؤْمِنٰتِ يَغْضُضْنَ مِنْ اَبْصَارِهِنَّ وَيَحْفَظْنَ فُرُوْجَهُنَّ

**તર્જુમો** :"અને મુસલમાન સ્ત્રીઓથી ફર્માવી દો કે પોતાની નજરો નીચી રાખે અને પોતાના શિયળને સાચવે." *(સૂ. નૂર, પારા-૧૮, રૂ. ૧૦)*

અને સહાબાને કુર્આનમાં હુકમ થયો કે : وَاِذَا سَاَلْتُمُوْهُنَّ مَتَاعًا فَسْئَلُوْهُنَّ مِنْ وَّرَآءِ حِجَابٍ

**તર્જુમો** : "જો તમે એમનાથી કોઈ ચીજ માંગો તો પર્દાની બહારથી માંગો, એમાં તમારી અને એમના દિલોની વધારે પવિત્રતા તથા પાકીઝગી છે." *(સૂ. અહઝાબ, પારા-૨૨, રુકૂઅ-૪, આયત-૫૩)*

આ છે કુર્આનમાં સ્ત્રીની પવિત્રતા તથા ઈજ્જતની સાચવણી માટેના પર્દાના હુકમોની એક ઝલક. જેનો સાર આ પ્રમાણે છે :-

જાડાં (શરીર ઝલકે નહીં તેવાં) અને ઘેરવાળાં (ખુલતાં, ચુસ્ત નહીં !) કપડાંઓ પહેરે, માથાથી પગ સુધી શરીરને ઢાંકીને નીકળે કે મોં તથા હથેળીઓ સિવાય વાળ, ગળુ, ભૂજાઓ, કોણીઓ, પેટ, પિંડલી કોઈ જાહેર ન થાય. જો એમાંથી કોઈ પણ જાહેર કરીને નીકળે તે સ્ત્રીઓ "ફાસિકા" (ઉઘાડે છોગે ખુલ્લમ ખુલ્લા હરામ કામ કરનારી) અને એમના પુરૂષો "દય્યૂષ" છે, એવા લોકોથી બચવું જોઈએ. *(હવાલો : ફતાવા રઝવિય્યહ, ભાગ-૧૦, નિસ્ફ આખિર, પેજ-૧૨૯)*

જો કે સ્ત્રીનો ચહેરો સતરે અવરતમાં દાખલ નથી, પણ જ્યારે જરૂરત મુજબ બહાર નીકળવાનું થાય તો પર્દો નાખવો જરૂરી છે. જેમ કુર્આનમાં ખાસ એના માટે આદેશ થયો કે :-

يٰٓاَيُّهَا النَّبِيُّ قُلْ لِّاَزْوَاجِكَ وَبَنٰتِكَ وَنِسَآءِ الْمُؤْمِنِيْنَ يُدْنِيْنَ عَلَيْهِنَّ مِنْ جَلَابِيْبِهِنَّ.....*(છેવટ સુધી)*

"અય નબી ! પોતાની પત્નીઓ, સાહેબઝાદીઓ અને મુસલમાનોની સ્ત્રીઓને ફર્માવી દો કે પોતાના ચહેરા પર ચાદર નાખેલ રહે, એનાથી તેણીઓ ઓળખવામાં આવશે અને એમને તકલીફ નહીં આપવામાં આવશે, અને અલ્લાહ બખ્શનાર મહેરબાન છે." *(સૂ. અહઝાબ, આ. ૫૯)*

જ્યારે આટલા સ્પષ્ટપણે કુર્આનથી મોઢા પર નકાબ નાખવો (મોઢું ઢાંકવું) સાબિત છે, તો પછી શા માટે કહેવામાં આવે છે કે, "કુર્આનમાં પર્દાનો હુકમ નથી ! મોઢું ઢાંકવાનો હુકમ નથી !" જાણો છો ! આ હુકમ તે પવિત્ર અતિ પાકીઝા સ્ત્રીઓને, નબીની પાક બીબીઓ, પુત્રીઓ તથા સહાબી સ્ત્રીઓને થયેલો અને તે પણ અતિ ફર્માંબરદાર હસ્તીઓ, ખૌફે ખુદાનાં પૂતળાંઓ સહાબાએ કિરામથી પર્દો કરવાના માટે થયેલો ! તો **આજના કળી યુગમાં જ્યાં લગભગ દરેક નજર આંખના ઝિનામાં પડવા તલસે છે તેવા દૌરમાં તો આ હુકમ અધિક જરૂરી બની જાય છે.**

કહેવાતી મુસ્લિમ નામધારી "ફાસિકા" સ્ત્રીઓ જેઓ પોતાના ચહેરા તથા શરીરને મેકઅપથી આકર્ષક બનાવી લોકો સમક્ષ રૂપાળી દેખાવા, લોકોને આકર્ષવાના કામો કરે છે તેવી નાલાયક સ્ત્રીઓના

દાખલા આપી ઈસ્લામના પર્દા વિરુધ્ધ લખવું કે બોલવું એવું કામ બુદ્ધિનું દેવાળુ નીકળ્યું હોય તે જ કરી શકે છે.

કુર્આનના ફર્માનો ઉપરાંત રસૂલુલ્લાહ ﷺનાં ફર્માનોમાં હદીષોમાં જે સ્ત્રીઓ મેકઅપ કરીને સજીધજીને લોકો સમક્ષ પોતાને જાહેર કરે છે તેમના વિશે શું હુકમો છે તે પણ જાણી લો :–

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "ઔરત (સ્ત્રી) **ઔરત** છે, એટલે કે **પર્દામાં રાખવાની ચીજ** છે, જ્યારે તેણી બહાર નીકળે છે તો શૈતાન તે સ્ત્રીને તાકીને જુએ છે. એટલે કોઈ પરાયી સ્ત્રીને જોવું 'શૈતાની કૃત્ય' છે. *(તિર્મિઝી શરીફ)*

એક હદીષમાં છે કે, "જે સ્ત્રી એટલા માટે શણગાર કરે કે લોકો મારા પ્રતિ આકર્ષાય તો તે તેણી 'વ્યભિચારીણી' છે.

પુરૂષો માટે હુકમ છે કે, "જે મુસલમાનની પ્રથમ નજર કોઈ સ્ત્રીની સુંદરતા પર પડી ગઈ (વિના ઈરાદે) અને તેણે નજરો નીચી કરી લીધી તો અલ્લાહ તઆલા એને ઈબાદત બનાવી દે છે જેની મીઠાશ તે અનુભવે છે." *(પેજ–૨૭૦)* સ્ત્રી તરફ અચાનક વિના ઈરાદે પડેલી પ્રથમ નજર માફ છે, પછી પડતી નજર સખત ગુનોહ છે.

ફર્માવ્યું, "જેણે કોઈ સ્ત્રી પર વિચાર કર્યો અને કપડાંઓ જોયાં ત્યાં સુધી કે એના અંગોના ભાગો તેના સમક્ષ જાહેર થઈ ગયા તો તે જન્નતની ખુશ્બુ (પણ) મેળવશે નહીં." *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૧૦, અવ્વલ–૮૪)*

એક હદીષમાં છે કે, "હઝરત ઉમ્મે સલમહ્ رضی اللہ عنہا થી રિવાયત છે કે, હું અને હઝરત મૈમૂનહ હુઝૂરની ખિદમતમાં હાજર હતાં, એવામાં (એક નાબીના સહાબી) હઝરત ઈબ્ને ઉમ્મે મકતુમ رضی اللہ عنہ સામેથી હુઝૂરની ખિદમતમાં આવી રહ્યા હતા. તો સરકારે (અમને બંનેને) ફર્માવ્યું કે, પર્દો કરી લો ! (હઝરત ઉમ્મે સલમા ફર્માવે છે કે) મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ શું તે આંધળા નથી ? તે અમને જોઈ શકશે નહીં. ફર્માવ્યું, શું તમે બંનેવ પણ નાબીના છો ? શું તમે નહીં જુઓ !" *(અહમદ, તિર્મિઝી, અબૂ દાઊદ)* એટલે કે,"પુરૂષને જેવી રીતે અજનબી ઔરતને જોવી જાઈઝ નથી એ જ રીતે સ્ત્રીએ અજનબી (નામહરમ) પુરૂષને જોવો પણ જાઈઝ નથી."

ચહેરા પર નકાબ (પર્દો) આટલા માટે જરૂરી છે કે બુરી નજરો પડવાથી કે બુરી નજરો કરવાથી બચી શકાય, અને સૌ જાણે છે કે ગુનાહોનું મૂળ નજરો બહેકવાથી જ શરૂ થાય છે. અને આ કુર્આન તથા હદીષથી સાબિત જ છે.

જેથી આવા અધુરીયા લેખકોએ કોઈ અન્યના ધર્મમાં પૂર્વગ્રહથી દખલગીરી કે ચંચૂપાત ન કરવો જોઈએ, નહીં તો જો સામેથી તેમના ધર્મની માન્યતાઓમાં રહેલી કેટલીયે મૂર્ખામીઓ જાહેર થવા લાગશે તથા ધર્મના નામે ચાલતાં નાણાનાં કૌભાંડો તથા ઝઘડા, સાધુઓ થકી સૃષ્ટિ વિરુધ્ધનાં કૃત્યોના બનાવો તથા સેક્સ કાંડો વિશે સવાલો થવા લાગશે તો તેમને માથુ લાગશે ! શાંતિપ્રિય મુસ્લિમોની ખામોશીને કાયરતા કે બેવકૂફી ન સમજવી જોઈએ અને આવા અજ્ઞાનતાભર્યા ઢંગધડા વિનાના તુક્કાબાજીવાળાં લખાણોથી બચવું જોઈએ. અને રાષ્ટ્રની પ્રગતિ માટેના અન્ય વિષયોમાં રસ લઈ સાચા દેશ પ્રેમી બનવું જોઈએ.

-કાર્યાલય

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન

અઝ: ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## ★ સૂરએ બકરહની તફસીર ★

يَاَيُّهَا الَّذِيْنَ
اٰمَنُوا اسْتَعِيْنُوْا بِالصَّبْرِ وَالصَّلٰوةِ ؕ اِنَّ اللّٰهَ مَعَ الصّٰبِرِيْنَ ﴿۱۵۳﴾
وَلَا تَقُوْلُوْا لِمَنْ يُّقْتَلُ فِىْ سَبِيْلِ اللّٰهِ اَمْوَاتٌ ؕ بَلْ اَحْيَآءٌ
وَّلٰكِنْ لَّا تَشْعُرُوْنَ ﴿۱۵۴﴾ وَلَنَبْلُوَنَّكُمْ بِشَىْءٍ مِّنَ الْخَوْفِ
وَالْجُوْعِ وَنَقْصٍ مِّنَ الْاَمْوَالِ وَالْاَنْفُسِ وَالثَّمَرٰتِ ؕ وَ
بَشِّرِ الصّٰبِرِيْنَ ﴿۱۵۵﴾ الَّذِيْنَ اِذَآ اَصَابَتْهُمْ مُّصِيْبَةٌ ۙ قَالُوْٓا اِنَّا
لِلّٰهِ وَاِنَّآ اِلَيْهِ رٰجِعُوْنَ ﴿۱۵۶﴾ؕ

**તર્જુમો** : હે ઈમાનવાળાઓ ! મદદ તલબ કર્યા કરો સબ્ર[૧૭૯] તથા નમાઝ (ના થકી), બેશક ! અલ્લાહ સબ્ર કરનારાઓ સાથે છે[૧૮૦]. અને ન કહ્યા કરો તેમને જેઓ કત્લ કરવામાં આવે છે[૧૮૧] અલ્લાહની રાહમાં કે તેઓ મુડદાં છે બલ્કે તેઓ જીવંત છે, પરંતુ તમે (તેને) સમજી નથી શકતા[૧૮૨] અને અમે જરૂર અજમાવીશું કોઈ એક ચીજની સાથે એટલે ખૌફ[૧૮૩] અને ભૂખ અને કમી કરવાથી (તમારા) માલો અને જાનો અને ફળોમાં. અને ખુશ ખબરી સંભળાવો તે સબ્ર કરનારાઓને કે જ્યારે પહોંચે છે તેમને કોઈ મુસીબત તો કહે છે બેશક ! અમે કેવળ અલ્લાહના જ છીએ, અને યકીનન ! આપણે એની તરફ પરત થનારા છીએ.

## તફસીર

**૧૭૯.** દુનિયાની ઈમામતની જે ઉચ્ચતા તમને બખ્શવામાં આવી છે એની જિમ્મેદારીઓથી મુક્ત થવાનો તરીકો એ બતાવવામાં આવી રહ્યો છે કે સબ્રનો દામન મજબૂતીથી પકડી રાખો, મુશ્કેલીઓથી ગભરાવ નહીં, બલ્કે અલ્લાહ તઆલાના સમર્થન તથા મદદ પર ભરોસો કરીને કદમ વધારતા ચાલો અને નમાઝથી તમારી બંદગીનો સંબંધ મજબૂત કરતા રહો, યકીનન ! કામયાબી તમારા કદમો ચૂમશે. (એની સ્પષ્ટતા અગાઉ પણ વર્ણન થઈ ચૂકી છે.)

**૧૮૦.** અહીં મઈય્યત (સાથી)થી ખાસ મઈય્યત મુરાદ છે એટલે કે સમર્થન તથા મદદનો સાથ. અને તફસીરવેત્તા મઝહરી લખે છે :–

**(અર્થ)** : "આ સંગત (સાથ)થી તે ખાસ સંગત મુરાદ છે જેની કૈફિયત વર્ણન નથી થઈ શક્તી, કેવળ આરિફ જ તેને સમજી શકે છે."

**૧૮૧.** જયારે બદરના મેદાનમાં કેટલાયે મુસલમાન શહીદ થયા તો લોકોએ કહેવાનું શરૂ કર્યું કે ફલાણો મરી ગયો, તે પોતાની જિંદગીની લિજ્જતોથી મેહરૂમ થઈ ગયો. ગૈરતે ઈલાહી તેને સહન ન કરી શકી કે જે લોકોએ તેના દીનની ઉચ્ચતાના માટે પોતાની જાનો કુર્બાન કરી તેમને મુર્દા કહેવામાં આવે, એટલા માટે આ આયત નાઝિલ કરીને અલ્લાહની રાહમાં જાન આપનારાઓને મુર્દા કહેવાથી સખ્તીથી રોકી

દેવામાં આવ્યા. બલ્કે બતાવ્યું કે તેઓ જીવંત છે. શહીદોની જિંદગી કયા પ્રકારની છે ? એના પર ચર્ચા કરતાં રૂહુલ મઆનીના લેખક ખુલાસો કરે છે : **(અર્થ)** : મોટાભાગના પૂર્વજ બુઝુર્ગોનો એ જ મઝહબ છે કે શહીદોની જિંદગી રૂહાની તથા જિસ્માની બંનેવ રીતની જિંદગી છે. પરંતુ પ્રથમ કૌલ સહીહ છે. અને તફસીરે મઝહરીના લેખક વર્ણવે છે કે : **(અર્થ)** : અલ્લાહ તઆલા તેમની રૂહોને શરીરોની શક્તિ આપે છે, તે (શહીદો) પોતાના દોસ્તોની મદદ કરે છે અને પોતાના દુશ્મનોનો નાશ કરે છે, ઈન્શાઅલ્લાહુ તઆલા.

**જ્યારે શહીદોની જિંદગીનો આ હાલ છે તો અંબિયા તથા ઉમ્મતના સિદ્દીકો જેઓ શહીદો કરતાંય મર્તબા તથા શાનમાં સર્વ સમંતિથી ઉચ્ચ તથા ચઢીયાતા છે તેમની જિંદગીમાં કઈ રીતે શંકા કરી શકાય છે.** એ જ જિંદગીના સબબે એમનાં ખાકી શરીરો પણ સહીસલામત રહે છે. જેમ કે ઈમામ માલિક رحمۃ اللہ علیہ એ રિવાયત ફર્માવ્યું કે, "જંગે ઓહદના ૪૬ (છેંતાલીસ) વરસો પછી હઝરત અમ્ર ઈબ્ને જમૂહ અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને જુબૈરની કબર (બંને એક જ કબરમાં દફન થયેલ હતા) પુરના કારણે જ્યારે ખુલી ગઈ તો **તેમનાં પવિત્ર શરીરોને તરોતાઝાં તથા સાજામાજાં જોવામાં આવ્યાં જાણે કે તેમને કાલેજ દફન કરવામાં આવ્યાં હોય !** *(મુઅત્તા)*

આ વીસમી સદીનો બનાવ છે કે જ્યારે દજલા નદી હઝરત અબ્દુલ્લાહ બિન જાબિર તથા અન્ય શહીદો رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની કબરોની તદન નજીક પહોંચી ગઈ તો ઈરાકની ગવર્નમેન્ટે શહીદોની લાશોને હઝરત સલ્માન ફારસીના મઝારે પાકના વિસ્તારમાં તબદીલ કરવા ચાહ્યું તો તે હઝરાતની કબરો ખોદવામાં આવી. **તેર સદીઓ પસાર થઈ ગયા પછી પણ તેમનાં પવિત્ર શરીરો સહીસલામત જોવા મળ્યાં ! હજારો લોકોએ ઈસ્લામનો આ મો'જિઝો તથા કુર્આનની આ આયતની સચ્ચાઈનો પોતાના માથાની આંખો વડે અનુભવ કર્યો.**

**૧૮૨.** એટલે કે આ જિંદગીની જાણકારી તથા હકીકત તમે પોતાની બુદ્ધિ તથા અક્કલ વડે નથી સમજી શકતા. જો તમારી બુદ્ધિ ન સમજી શકે તો ઈન્કારની હિંમત ન કરશો.

**૧૮૩. જ્યાં સુધી માણસ આ દુનિયામાં છે ત્યાં સુધી રંજો ગમ તથા મુસીબત તથા દુઃખ સાથે લગભગ તેનો ભેટો થતો રહે છે. કુર્આને પોતાના માનવાવાળાઓને એ ગલતફહમીમાં સપડાવા નથી દીધા કે ઈસ્લામના દામનમાં પનાહ લેવાથી તેઓ હવે દરેક પ્રકારની મુસીબતો તથા તકલીફોથી બચી ગયા. અલ્બત્ત, કુર્આને મુસલમાનોને સબ્રની એક ઢાલ આપી દીધી જેનાથી તેઓ મુસીબતો તથા આપત્તિઓના ક્રુર હુમ્લોઓથી પોતાનો બચાવ કરી શકે છે.** દરેક વ્યક્તિ જાણે છે કે જેના હાથથી સબ્રનો દામન છૂટી ગયો તેનામાં મુકાબલો કરવાની હિંમત જતી રહે છે અને મુસીબતો તેને તણખલાની જેમ વહાવીને લઈ જાય છે, પરંતુ જો અલ્લાહ તઆલા પર તવક્કુલ કરીને મુસીબતો સામે અડગ રહે તો એ કાળાં વાદળો આપોઆપ વિખેરાઈ જાય છે. તેમજ જે શખ્સોનો એ અકીદો હોય કે હું પણ અને મારું સર્વ કાંઈ મારું પોતાનું નથી બલ્કે અલ્લાહ તઆલાનું આપેલું છે તો કોઈના મૃત્યુ પર અથવા ખેતીવાડી તથા કારોબારમાં નુકસાન આવી પડતાં એટલો દિલગીર શા માટે થશે કે તેનો હોસલો જ તૂટી જાય, બલ્કે તે નવી જદ્દો જેહદના માટે પોતે પોતાને સ્વસ્થ પામશે. એટલા માટે કુર્આને દુઃખમય પ્રસંગોની લાંબી વણઝાર વર્ણન કરીને સાથે સાથે તે માર્ગ પણ બતાવી આપ્યો કે જેના પર અમલ કરવાથી તે આ ગંભીર સંજોગોમાં કામયાબી પ્રાપ્ત કરી શકે છે.

## દર્સે હદીષે પાક

### મિર્આતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

એટલે

# મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

(કાર્યાલય)

## ★ હદીષ : ૪૫ ★

હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنه થી ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, હઝરત આદમ તથા મૂસાએ પોતાના રબની નજીક[૧] મુનાઝરો કર્યો તો આદમ عليه السلام હઝરત મૂસા عليه السلام પર સરસાઈ પામ્યા. હઝરત મૂસાએ ફર્માવ્યું કે તમે તે આદમ છો જેને અલ્લાહે પોતાના દસ્તે કુદરત વડે પેદા કર્યા અને પોતાની રૂહ ફૂંકી[૨] અને પોતાના ફરિશ્તાઓ વડે તમને સિજદો કરાવ્યો[૩] જન્નતમાં રાખ્યા[૪] પછી આપે પોતાની લગઝિશના કારણે લોકોને નીચે ઉતારી આપ્યા[૫]. હઝરત આદમે ફર્માવ્યું કે તમે જ તે મૂસા છો જેમને અલ્લાહે પોતાની પયગંબરી તથા હમકલામીના માટે પસંદ કર્યા[૬] અને તમને તખ્તીઓ બખ્શી જેમાં દરેક ચીજનું ઉઘાડુ વર્ણન છે[૭] અને તમને ખાસ હમકલામી થકી નિકટતા આપી. જણાવો કે તમે મારી પેદાઈશથી કેટલા સમય પહેલાં તૌરાતને મેળવી કે રબે લખી આપ્યું હતું[૮]. હઝરત મૂસાએ ફર્માવ્યું, ચાલીસ વરસ પહેલાં[૯]. હઝરત આદમે ફર્માવ્યું, તો શું આપે તૌરાતમાં એ પણ જોયું કે આદમે પોતાના રબની ફર્માંબરદારીથી લગઝિશ કરી તો કામયાબ ન થયા ?[૧૦] ફર્માવ્યું, હા ! આપે ફર્માવ્યું, તો શું તમે આ લગઝિશ પર ઠપકો આપો છો ?![૧૧] જેને કરી લેવું મારા મુકદ્દસમાં મારી પેદાઈશથી ચાલીસ વરસો પહેલાં લખવામાં આવી ચૂક્યું હતું ![૧૨]. નબી ﷺ એ ફર્માવ્યું કે હઝરત આદમ عليه السلام હઝરત મૂસા عليه السلام પર સરસાઈ પામનાર રહ્યા[૧૩]. *(મુસ્લિમ)*

## ★ સમજૂતી ★

**૧.** ક્યાં તો આલમે અરવાહ (રૂહોની દુનિયા) છે અથવા મૂસા عليه السلام ના જમાનામાં આદમ عليه السلام ને જીવંત કરીને અને તેમની સાથે મુલાકાત કરાવીને, અથવા એ પ્રકારના પવિત્ર સ્થળોએ તેમની મુલાકાત થઈ. મિર્કાતમાં છે કે **અંબિયાએ કિરામ પોતાની કબરોમાં જીવતા છે, નમાઝો પઢે છે.** જુઓ આપણા હુઝૂરે મેઅરાજમાં સર્વ નબીઓ સાથે મુલાકાત કરી અને તેમને નમાઝ પઢાવી. એનાથી જાણવા મળ્યું કે હુઝૂરની નિગાહ આલમે અરવાહ પર પણ છે કે ત્યાંની હાલતો જુએ છે અને લોકોને સંભળાવે છે. કેમ કે જાહેર એ જ છે કે હુઝૂર આ જોયેલો પ્રસંગ વર્ણવી રહ્યા છે.

**૨.** એટલે આપનું શરીર મુબારક ફરિશ્તાના વાસ્તા વિના તથા મા બાપના માધ્યમ વગર દસ્તે કુદરત વડે બનાવ્યું અને પોતાના તમામ કમાલોનું ઉદ્ભવસ્થાન (મઝહર) કર્યું અને પોતાની પેદા કરેલી રૂહ આપના શરીરમાં જારી કરી. અહીં ઈઝાફત (નિસ્બત) શરાફતથી છે, નહીં તો ખુદા તઆલા ખૂદ રૂહથી પાક છે. રૂહની હકીકત રબ જ જાણે, પણ જાણવા મળે છે કે તે ફૂંકવાના લાયક કોઈ ચીજ છે, કેમ કે દરેક જગાએ તેના માટે ફૂંકવાનો જ શબ્દ આવે છે. અવલિયા અલ્લાહનું ઝાડ ફૂંક આના જેવી હદીષો અને આયતોથી કાઢેલ છે.

**3.** સર્વ ફરિશ્તાઓથી મુકર્રિબીન (નિકટતાવાળા) હોય અથવા જમીનના બારામાં તદબીર કરવાવાળા હોય અથવા આસ્માનના. તા'ઝીમી સિજદો એટલે જમીન પર પેશાની રાખીને છે, ન કેવળ રુકૂઅ તથા ન કેવળ ઝુકવું. (એટલે કેવળ રુકૂઅ કે ઝુકવું મતલબ નથી. *-અનુવાદક*)

રબ તઆલા ફર્માવે છે : فَقَعُوْا لَهٗ سَاجِدِیْنَ એ ઈબાદતનો સિજદો ન હતો કે જે ખુદાને થાય છે અને આદમ علیہ السلام કિબ્લો બનતા. જેવું કે لَكَ (લક)ના લામથી જાણવા મળ્યું. નહીં તો શૈતાન કદી પણ એનાથી ઈન્કાર ન કરત.

**૪.** કામચલાઉ (ટેમ્પરરી) ધોરણે તા'લીમ આપવાના માટે જેથી જમીનને એ રીતે આબાદ કરે, નહીં તો આપની પેદાઈશ જમીનની ખિલાફતના માટે હતી. એની તેહકીક અમારી તફસીરે નઈમીમાં જુઓ.

**૫.** એટલે કે ખતાએ ઈજતેહાદી, અને ભૂલથી ઘઉં ખાઈ લીધા જેના કારણે આપ જમીન પર તશરીફ લાવ્યા અને નસલ અહીં ચાલી. જો આપ ત્યાં (જન્નતમાં) રહેત તો આપણે સૌ ત્યાં પેદા થાત. **લતીફો** : એક ગુસ્તાખે કોઈ આલિમને કહ્યું કે "દાદા (આદમ)નો ગુનોહ આપણે ભોગવી રહ્યા છીએ ! ઘઉંનો દાણો તેમણે ખાધો અને સજા આપણને મળી. તે આપણને નીચે ઉતારી લાવ્યા !" આલિમે કહ્યું, "ગલત ! બલ્કે તારા જેવા મરદૂદોએ તેમને નીચે ઉતાર્યા ! રબ જાણતો હતો કે તેમની પીઠમાં તારા જેવા બેઈમાન પણ છે, જેથી હુકમ આપ્યો કે હે આદમ ! આ ખબીષોને જમીન પર ફેંકી આવો પછી પાછા આવી જજો." મૂસા علیہ السلامની આ રજૂઆત (સવાલ જવાબ) ગુસ્તાખીના તૌર પર નથી. અંબિયા દાદા (આદમ)ની ગુસ્તાખીથી મા'સૂમ છે.

**૬.** જમીન પર રહીને ફરિશ્તાના માધ્યમ વિના રબ તઆલાથી વાત કરવી (કલામ કરવું) એ મૂસા علیہ السلامની વિશિષ્ટતા છે, એટલા માટે આપનો લક્બ કલીમુલ્લાહ છે. લામકામાં પહોંચીને રબનો દીદાર અને તેની સાથે કલામ કરવી આપણા હુઝૂર ﷺની વિશિષ્ટતા છે, કેમ કે આપ હબીબુલ્લાહ છે.

**૭.** એટલે કે તૌરાત શરીફ જે ઝબરજદની તખ્તીઓ પર લખેલી અતા ફર્માવવામાં આવી. એમાં શરીઅતના હુકમો અને સર્વ ગયબી ઈલ્મોનું સ્પષ્ટ વર્ણન છે. યાદ રાખશો કે અતા (અર્પણ) વખતે તૌરાતમાં હિદાયત પણ હતી અને દરેક ચીજનું વર્ણન પણ હતું, પરંતુ કૌમની વાછરડાની પૂજાના કારણે મૂસા علیہ السلامના ગુસ્સે થવાના સબબે સૌ જમીન પર પડી ગઈ. તો હિદાયત તથા રહમત તો રહી ગઈ : تِبْیَانُ کُلِّ شَیْءٍ એમાંથી ઉઠાવી લેવામાં આવી. રબ તઆલા ફર્માવે છે :–

فَلَمَّا سَكَتَ عَنْ مُّوْسَى الْغَضَبُ اَخَذَ الْاَلْوَاحَ وَفِیْ نُسْخَتِهَا هُدًى وَّ رَحْمَةٌ لِّلَّذِیْنَ هُمْ لِرَبِّهِمْ یَرْهَبُوْنَ۔

જુઓ અહીં تِبْیَانُ નો ઉલ્લેખ નથી. ખુલાસો એ કે તૌરાતમાં સર્વ ગયબી ઈલ્મો હતા, પણ બાકી ન રહ્યા. પરંતુ **કુર્આન શરીફમાં સર્વ ગયબી ઈલ્મો હતા પણ અને બાકી (સલામત) પણ રહ્યા.**

રબ તઆલા ફર્માવે છે :–

نَزَّلْنَا عَلَیْكَ الْكِتٰبَ تِبْیَانًا لِّكُلِّ شَیْءٍ જેથી મૂસા علیہ السلامનો ઈલ્મ આપણા હુઝૂર ﷺના બરાબર નથી થઈ શક્તો.

**૮.** એટલે કે આપને તો ખબર છે કે મારી પેદાઈશના કેટલા અરસા પહેલાં તૌરાત શરીફ લોહે મહફૂઝમાં અથવા ફરિશ્તાઓના સહીફાઓમાં અથવા તે તખ્તીઓમાં લખવામાં આવી ચૂકી હતી. ત્રીજો અર્થ અધિક જાહેર છે. એનાથી જાણવા મળ્યું કે અંબિયા علیہم السلامની નિગાહ આ આલમની પેદાઈશથી પહેલાંના બનાવોને પણ જુએ છે કે જે બનાવ આદમ علیہ السلامની પેદાઈશથી પહેલાં થઈ ચૂક્યો તે મૂસા علیہ السلامની નજરો સમક્ષ છે. જેમ કે وجدت થી માલૂમ પડે છે.

**૯.** જો તખ્તીઓમાં લખવું મુરાદ છે તો સાલથી આ દુનિયાના વરસો મુરાદ થશે, અને જો લોહે મેહફૂઝમાં લખવું મુરાદ છે તો રબ તઆલાના સાલ (વરસો) મુરાદ થશે જ્યાંનું એક વરસ અહીંનાં હજાર વરસથી પણ વધારે છે. જેથી આ હદીષ પાછલી હદીષની વિરુધ્ધ નથી, કે લોહે મેહફૂઝનું

લખાણ આસ્માનની પેદાઈશથી પચાસ હજાર સાલ પહેલાં થયું. *(અઝ : અશ્અહ્ તથા મિર્કાત)*

યાદ રાખશો કે તૌરાત કલામે ઈલાહી કદીમ (હમેશાંથી) છે, તેના નુકૂસ (નકશો)નું લખવું હાદિષ (પછી ઉદ્ભવવું) છે, એનું અહીં વર્ણન છે.

**૧૦.** એટલે કે ગેરસમજથી જે મકસદના કારણે ઘઉંનો દાણો ખાધો હતો તે તેમને હાંસલ ન થયો, તે એ કે હમેશગીનું જીવન તથા મૌતથી બચી જવું. યાદ રાખશો કે અંબિયાએ કિરામ નબુવ્વતથી પહેલાં અને પછી સગીરા તથા કબીરા સર્વ ગુનાહોથી માસૂમ છે. *(મિર્કાત)* હા! ખતા, લગઝિશ, ઈજતેહાદી ગલતી થઈ શકે છે. અને રબ તરફથી ચેતવણી (એતાબ) જે તેમની લગઝિશો પર આવે છે એમાં હજારો હિકમતો હોય છે, જેથી અહીં عصٰیઅને غوٰیના એ જ અર્થો છે જે ફકીરે (લેખકે) વર્ણવ્યા છે.

**૧૧.** એટલે કે ઠપકાના અંદાઝમાં વાતચીત કરી રહ્યા છો. નહીં તો મૂસા علیہ السلام આપને ન ઠપકારી શકતા હતા ન ઠપકો આપ્યો. બેટાનો બાપ પર ખાસ કરીને નબી બાપ પર, શાગિર્દનો ઉસ્તાદ પર ટીકા ટીપ્પણ (ઠપકા)નો હક્ક નથી.

**૧૨.** અને રબ તઆલાએ પણ એની માફીનું એલાન ફર્માવી દીધું. યાદ રાખશો કે અહીં મૂસા علیہ السلامની નજર જાહેર પર હતી અને આદમ علیہ السلامનો જવાબ હકીકત પર આધારિત છે. આજે આપણા જેવા ગુનેહગાર તકદીરની આડ લઈને પોતાના ગુનાહોથી મુક્ત નથી થઈ શકતા. એટલે હે મૂસા! મારી આ ખતા અને જન્નતથી જમીન પર આવવું, અહીં આ બાગોબહાર લગાડવું એ સૌ રબ તઆલાના ઈરાદા તથા તેની મરજીથી હતું જેમાં હજારો રહસ્યો હતાં. તમે રહસ્યોના જાણકાર થઈને મને આવો પ્રશ્ન શા માટે કરો છો?

**૧૩.** કેમ કે હઝરત મૂસા علیہ السلامનો સવાલ શરીઅત પર અને હઝરત આદમનો જવાબ હકીકત પર આધારિત છે. હકીકત ગાલિબ (સરસાઈ પામનાર) રહે છે. હકીકતવાળા ખિઝર علیہ السلامએ બાળકને વાંક વિના કત્લ કરી નાખ્યો અને એમના પર ફત્વો લાગુ ન પડયો.

પેજ નં. ૨૮ નું ચાલુ....

નથી ?! આપે ફર્માવ્યું, નહીં ! અમને રસૂલુલ્લાહ ﷺએ આવો જ હુકમ આપ્યો છે. *(તિર્મિઝી શરીફ, ભાગ-૧, પેજ-૭૮)*

મુસલમાનો ! વિચારો કે કરીબ જેવા મહાન તાબઈ ચાંદ થયાની ખબર આપી રહ્યા છે કે અમીર મુઆવિયહ رضی اللہ عنہએ પણ ચાંદ જોયો છતાં તેમની ખબર માન્ય ન રહી! તો પછી આજકાલનો કોઈ મોલ્વી રેડીયો, ટી.વી. પર કહી આપે તેના પર ઈદ કઈ રીતે થશે ?!

**ચેતવણી** : ચાંદ વિશે હદીષમાં સ્પષ્ટ છે કે, **"ચાંદ જુઓ તો ઈદ કરો અને વાદળના કારણે ચાંદ ન દેખાય તો ૩૦ની ગણત્રી પૂર્ણ કરો."** ચાંદ થયો કે નથી થયો એ વાત નથી ! પણ વાદળના કારણે ન દેખાય તો ૩૦ પૂરા કરો **અને જો ચાંદ જોનારા શરઈ ગવાહો રૂબરૂ મળી જાય અને ગવાહી આપે તો ઈદ જાહેર થઈ શકે. આ સિવાય રેડીયો, ટી.વી., ફેક્સ, ફોન, પત્ર વગેરે ખબરો ભલે સાચી હોય પણ અન્ય જગાઓવાળા એના પર ઈદ કરી શક્તા નથી,** અને ચાંદની ગવાહી ન મળે તો શા માટે એક રોઝો ન ધરવો પડે તેના માટે આટલી ભારે ધાંધલ ધમાલ લોકો કરે છે ?! અરે ! રમઝાન જેવો એક દિવસ ફરી જિંદગીમાં ક્યાં મળવાનો છે એ તો સમજો ! માટે ખોટાં ફાંફાં મારવાં ન જોઈએ અને પબ્લિકે શાંત રહી ૩૦ રોઝા પૂરા કરવામાં જ સદ્નસીબી સમજવી જોઈએ. [વધુ માહિતી માટે "ચાંદની સાબિતના સાત તરીકા" કિતાબ દયાદરાથી "બરકાતે ખ્વાજા" (માસિક) કાર્યાલયના સરનામેથી મંગાવી શકશો.]

شفا شریف شفا شریف

# શિફા શરીફ

**મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી** رحمۃ اللہ علیہ

★ ઉર્દૂ અનુવાદક ★

મૌલાના અબ્દુલ હકીમ અખ્તર શાહજહાંપુરી

★ ગુજરાતી અનુવાદક ★

ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી *(પાટડીવાળા)*

❋ ❋ ❋ ❋ ❋ ❋ ❋ ❋ ❋ ❋ ❋ ❋ ❋ ❋ ❋

**(વિભાગ : ૧૩)**

## રસૂલુલ્લાહ ﷺનો જૂદો કરમ (મહેરબાની) અને સખાવત (ખૈરાત) અને સુજાઅત (બહાદુરી)

જાણવું જોઈએ કે આ શબ્દોનો અર્થ એકબીજાની નજીક છે, પરંતુ કેટલાક હઝરાતના નજીક થોડો ફર્ક છે. તેઓ બયાન કરે છે કે, કોઈ એવી વસ્તુને પ્રસન્નતા સાથે ખર્ચ કરવામાં આવે જે ઘણી ઈજ્જતવાળી અને ઘણો નફો આપવાવાળી હોય તો આ કરમ (મહેરબાની) છે. તેઓ તેને "હુર્રિયત" (આઝાદી)ના નામથી ઓળખે છે, જે અધમતાનું વિરોધાર્થી છે.

"સમાહત" એ છે કે, મનુષ્ય હર્ષપૂર્વક તે વસ્તુથી જુદાઈ ધારણ કરે જેનો બીજાઓની નજીક પણ તે જ હક્કદાર હોય. અને શકાલત એટલે અસભ્યતા, તેનુ વિરુધ્ધાર્થી છે. સખાવત એ છે કે સરળતા અને સગવડતા સાથે ખર્ચ કરવામાં આવે અને એવી કમાઈથી બચાવવામાં આવે જેને લોકો સારું ન સમજતા હોય. અને ઉદારદિલી પણ એ જ છે, જ્યારે કે તેમાં કમી કરવી તેનાથી વિપરીત (તેનું વિરુધ્ધાર્થી) છે.

આ ખૂબીઓને ધ્યાનમાં રાખી જોવામાં આવે તો પણ રસૂલુલ્લાહ ﷺજેવી બીજી હસ્તી નજરે પડશે નહીં. જે શખ્સે આપને જાણ્યા, ઓળખ્યા તે જ આપની પ્રશંસા કરનાર હશે. કાઝી અયાઝ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, અમારાથી કાઝી સહીદ અબૂ અલી સદફી رحمۃ اللہ علیہએ હદીષ બયાન કરી છે. તેમનાથી કાઝી અબુલ વલીદ અલ્બાજીએ, તેમનાથી અબૂઝર હરવીએ, તેમનાથી અબુલ હૈષમ અલ્કશમીનીએ અને અબૂ મુહમ્મદ સરખસી અને અબૂ ઈસ્હાક બલ્ખીએ, તેમનાથી અબૂ અબ્દુલ્લાહ ફરબરીએ, તેમનાથી ઈમામ મુહમ્મદ બિન ઈસ્માઈલ બુખારીએ, તેમનાથી મુહમ્મદ બિન કષીરે, તેમનાથી સુફયાને, તેમણે ઈબ્ને અલ્મુકન્દરથી સાંભળ્યું, તેમણે જાબિર બિન અબ્દુલ્લાહ (વફાત : હિ.સ. ૭૮)થી સાંભળ્યું. તેઓ ફર્માવે છે કે, રસૂલુલ્લાહ ﷺથી જે વસ્તુનો સવાલ કરવામાં આવ્યો ત્યારે આપે ક્યારેય પણ તેનો નકારમાં જવાબ આપ્યો નથી અને તેનું દષ્ટાંત હઝરત સુહેલ બિન સઅદ رضی اللہ عنہથી રિવાયત થયેલ છે :–

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે, રસૂલુલ્લાહ ﷺની સખાવતનો કોઈ જવાબ નથી અને રમઝાનુલ મુબારકમાં તો આપનો દરિયાએ કરમ અંતિમ હદે ઉભરાઈ પડતો હતો. જ્યારે જિબ્રઈલ علیہ السلام આપની બારગાહમાં હાજર થતા તો આપને તેજીથી ચાલનાર હવાથી વધુ સખી જોતા હતા.

હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે, એક શખ્સે આપનાથી સવાબ કર્યો. તે જ વખતે રસૂલુલ્લાહ ﷺ પાસે એટલી બકરીઓ હતી જેનાથી બે પહાડો વચ્ચેની જગ્યા ભરાયેલી હતી. આપે તે તમામ બકરીઓ તેને આપી દીધી. જ્યારે તે પોતાના કબીલામાં પહોંચ્યો તો કબીલાવાળાઓથી કહેવા લાગ્યો, ભાઈઓ ! મુસલમાન થઈ જાવ ! કેમ કે મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺ એટલું દાન કરે છે કે માલ પૂરો થવાની શંકા દિલમાં લાવતા જ નથી !

## કુર્બાનીનો ગોશ્ત કાફિરને આપવો જાઈઝ નથી

ગૈર કૌમ ઉપરાંત ગુસ્તાખે રસૂલ વહાબી, દેવબંદી, અહલે હદીષ, જમાઅતે ઈસ્લામીવાળા વગેરે મુર્તદોને કુર્બાનીનો ગોશ્ત આપવો જાઈઝ નથી, તેમનો ગોશ્ત લેવો પણ જાઈઝ નથી, **તેમનું ઝબહ કરેલ ગોશ્ત મુરદારના હુકમમાં છે,** ખાવું **હરામ** છે. એક માંસની નાની કટકી પણ તેના ઝબહ કરેલામાંથી અન્ય માંસમાં ભેગી થશે તો બધું જ **હરામ** થઈ જશે. આજકાલ લોકો દુનિયાદારીમાં એવા મસ્ત છે કે વહાબીઓ કે જેમના અકીદાઓ કુફ્રી છે તેમની સાથે સંબંધો રાખે છે, તેમનું માંસ લે છે, તેમને ત્યાં જમે છે, તેઓને ચેતવણી છે કે આ વહેવારની સજા આખેરતમાં ભયાનક ભોગવવી પડશે અને ઈમાન ખતરામાં મૂકેલું ગણાશે, માટે **બદ્‌મઝહબોથી સંબંધો કટ કરવા અનિવાર્ય છે.**

કેટલાય મોકાઓ પર આપે સો સો ઊંટ આપી દીધાં હતાં. આપે સફવાન બિન સલીમને સો ઊંટ આપ્યાં એથી વધીને બીજી વખત એટલાં જ, ત્રીજી વખત એટલાં જ આપ્યાં. આપની દાનશીલતાની હાલત નબુવ્વતની જાહેરાત પહેલાં પણ આવી જ હતી.

વરકા બિન નુફેલ કહ્યા કરતા હતા, આપ ભારે ખાનદાનવાળાઓ અને મજબૂર લોકોની સારસંભાળ રાખતા અને જરૂરિયાતવાળાઓના માટે માલ કમાય છે. આપે હોરઝન કબીલાવાળાના છ હજાર જંગી કેદીઓ કોઈપણ વળતર લીધા સિવાય પાછા આપી દીધા હતા. એક વખતે આપે હઝરત અબ્બાસ رضی اللہ عنہને એટલું સોનું આપ્યું કે, આપ તેને ઉઠાવી પણ ન શક્યા.

એક વખતની વાત છે કે, બારગાહે રિસાલતમાં નેવું હજાર દિરહમ રજૂ થયા આપે તેને એક ચાદર પર મૂકાવી દીધા અને વહેંચણી કરવા લાગ્યા. જે પણ સવાલ કરવાવાળો આવતો તેના પર મહેરબાની કરતા અને કોઈપણ સવાલ કરનારને ખાલી હાથે પાછો ફરવા ન દેતા. જ્યારે આપે તમામ દિરહમ વહેંચી દીધા ત્યારે તેના પછી એક સવાલી આવી ગયો. આપે ફર્માવ્યું, તમે મારા નામ પર પોતાની જરૂરિયાતવાળી ચીજો ખરીદી લો, જ્યારે બીજા કોઈના તરફથી માલ આવશે ત્યારે તમારા કરજને અમે ચૂકવી દઈશું. આ સમયે હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ અર્ઝ કરવા લાગ્યા, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم જે કામની શક્તિ નથી તે અલ્લાહ તઆલાએ જરૂરી જણાવી નથી. નબીએ કરીમ صلی اللہ علیہ وسلمને આ વાત પસંદ ન પડી. એક અન્સારીએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم આપ ખર્ચ કરતા જાવ કેમ કે અર્શનો માલિક આપના માલની કમીનો ખતરો કદી પણ આવવા દેશે નહીં. આ સાંભળી આપે સ્મિત ફર્માવ્યું અને મુબારક ચહેરા પર ખુશીની અસરો ઝલકવા લાગી. ફર્માવ્યું કે, મને આ જ હુકમ મળ્યો હતો. આ તિર્મિઝી શરીફની રિવાયત છે.

મુઅવ્વઝ બિન ઉફરા رضی اللہ عنہ ફર્માવે છે કે, એક વખતે મેં થાળીઓ રાખીને તાજી ખજૂરો અને નાની નાની કાકડીઓ બારગાહે રિસાલતમાં રજૂ કરી. આપે મને એક થેલી ભરીને સોનું આપ્યું. હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ક્યારેય આવવાવાળી કાલના માટે ભંડાર એકત્ર કરતા ન હતા. સરવરે કોનો મકાં صلی اللہ علیہ وسلمની દાનશીલતાના અસંખ્ય બનાવો છે.

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે, એક શખ્સ કોઈ હેતુસર બારગાહે રિસાલતમાં હાજર થયો. આપે વસ્ક (સાઈઠ સાઅ)નું અડધું અનાજ કોઈના પાસેથી ઉધાર લઈ તેને આપી દીધું. કર્ઝ આપનારે જ્યારે આપના પાસે ઉઘરાણી કરી ત્યારે આપે તેને પૂરેપૂરું (આખું વસ્ક) આપી દીધું અને બતાવી દીધું કે, અડધું તમારું કર્ઝ છે અને અડધી અમારી દૈન છે !

દરેક મુસ્લિમે જાણવી જરૂરી ઈલ્મ

એટલે

# કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

## નહાવા (ગુસ્લ)ની રીત

નહાવાની નિય્યત કરીને પ્રથમ બંનેવ હાથોને કાંડાઓ સુધી ત્રણવાર ધોવા પછી ઈસ્તિન્જાની જગા (પેશાબ, ઝાડાની) ધોવી, ભલે નાપાકી લાગી હોય કે ન લાગી હોય. પછી શરીર ઉપર જ્યાં નાપાકી લાગી હોય તેને ધોવી. પછી નમાઝ માટે જે રીતે વુઝૂ કરવામાં આવે છે તેવું વુઝૂ કરવું, પરંતુ પગો ન ધોવા, હા, ચોકી (પાટલો) પથ્થર કે પાટિયા પર બેસી નહાતા હોય તો પગો ધોઈ લેવા. પછી શરીર ઉપર તેલની જેમ પાણી ચોપડી લેવું. પછી ત્રણ વાર જમણા ખભા પર થઈને પાણી વહેવડાવવું અને પછી ત્રણવાર ડાબા ખભા ઉપર થઈને પાણી વહેવડાવવું. એ જ રીતે માથા પર થઈને અને આખા શરીર ઉપર ત્રણવાર પાણી વહેવડાવવું. ત્યાર પછીથી નહાવાની જગ્યાએથી અલગ થઈ જઈને જો પગ ન ધોયા હોય તો તે હવે ધોઈ લેવા. નહાતી વેળાએ કિબ્લા તરફ મોં કરી ન બેસવું અને પૂરા શરીર ઉપર હાથ ફેરવવા અને મસળી મસળી નહાવું. વળી એવી જગ્યાએ બેસી નહાવું કે કોઈ માણસ જોઈ ન શકે. અને જો એવી જગ્યા ન મળે તો દૂંટીથી ઘુંટણ સુધીનું શરીર છુપાવી નહાવું જરૂરી છે જો એ પણ થઈ શકે તેમ ન હોય તો "તયમ્મુમ" કરી લેવું.

નહાતી વેળાએ કોઈ જાતની વાતો ન કરવી અને નહાતાં નહાતાં કોઈ દુઆ પણ ન પઢવી. નાહી રહ્યા પછીથી રૂમાલ વડે શરીરને લૂછી નાખવામાં વાંધો નથી.

**મસ્અલો** : સાવચેતીવાળી જગાએ કે જ્યાંથી કોઈ જોઈ શકશે નહીં તેની ખાત્રી હોય તો ત્યાં નગ્ન નહાવામાં વાંધો નથી. સ્ત્રીઓએ ઘણી જ સાવચેતીની જરૂરત છે, ત્યાં સુધી કે સાવચેતીવાળી જગ્યાએ પણ સ્ત્રીઓએ બેસીને નહાવું જ ઉત્તમ છે. નાહ્યા પછી તરત જ કપડાં પહેરી લેવાં. વુઝૂમાં જે જે બાબતો સુન્નત અને મુસ્તહબ છે તે બધી જ વાતો ગુસલમાં પણ છે. સિવાય એટલુ કે નગ્ન નહાતા હોય તો કિબ્લા તરફ મોં ન કરવું અને લુંગી કે કપડું બાંધ્યું હોય તો વાંધો નથી.

ઉપરોક્ત નહાવાની રીતનું વર્ણન થયું તેમાં ત્રણ બાબતો ફરજ છે જેના વિના ગુસલ થએલું (નહાએલુ) ગણાશે નહીં અને નાપાકી દૂર થયેલ ગણાશે નહીં, અને ફરજો સિવાયની જે સુન્નતો મુસ્તહબો છે તેને છોડવી ન જોઈએ પરંતુ છૂટી જશે તો ગુસલ તો થઈ જશે, પાક થઈ જવાશે. (પરંતુ સવાબ ઘટી જશે.)

## ગુસલ (નહાવા)ના ફર્ઝો ત્રણ છે

**(૧)** કોગળા એવી રીતે કરવા કે મોંના દરેક ભાગમાં હોઠથી ગળા સુધી દરેક જગ્યાએ પાણી પહોંચી જાય. દા.ત. દાંતોની વચ્ચેની જગ્યા, જીભની ઉપર નીચે ગળાના છેડા સુધી પાણી વહી જાય. રોઝો ન હોય તો ગળગળા કરવા કે જેથી પાણી સારી રીતે બધે પહોંચી જાય. દાંતમાં કોઈક ચીજ ભરાઈ હોય તો (માંસનો રેસો, સોપારી વગેરે) જ્યાં સુધી તે કાઢતાં નુકસાન કે તકલીફ પહોંચાડનાર ન હોય તો તેને કાઢવી જરૂરી છે, એ વિના ગુસલ થશે નહીં અને ગુસલ વિના નમાઝ નહીં થાય.

**(૨)** નાકમાં પાણી નાંખવું. એનો મતલબ એ કે નાકમાં બંને નસકોરામાં જ્યાં સુધી નરમ જગ્યા

છે ત્યાં સુધી ધોવું એટલે કે સુંઘીને પાણી ઉપર ચઢાવવું કે જેથી એક વાળ જેટલી જગ્યા પણ ધોવાયા વિનાની ન રહી જાય, નહીં તો ગુસલ થશે નહીં. અને નાક, જડ, નથ કે કડી બ્લોક પહેરવાના કાણાં હોય તો તેમાં પણ પાણી પહોંચાડવું જરૂરી છે. નાકમાં લીંટ કે ગુંગુ સુકાઈ ગયું હોય તો તેને કાઢવું પણ જરૂરી છે. નાકની અંદરના વાળ ધોવા પણ ફરજ છે.

**(૩)** આખા શરીર ઉપર પાણી વહાવવું એવી રીતે કે પગોનાં તળિયાં સુધી શરીરના દરેકે દરેક ભાગ ઉપર દરેક રૂવાંટી સુદ્ધાં પર પાણી વહી જાય, એટલા માટે કે જો વાળની અણી પણ ધોવાની રહી જશે તો ગુસલ થશે નહીં.

**ચેતવણી** : ઘણા લોકો એમ કરે છે કે, નાપાક લુંગી બાંધીને ગુસલ કરે છે અને વિચારે છે કે નહાવામાં બધું જ પાક થઈ જશે. પરંતુ એવું નથી, બલ્કે પાણી નાંખી લુંઘી અને શરીર ઉપર હાથ ફેરવવાથી નાપાકી વધુ ફેલાય છે. અને આખા શરીર અને નહાવાના વાસણને પણ નાપાક કરી દે છે. એટલા માટે હમેશાં નહાવામાં ખૂબ જ સંભાળપૂર્વક પ્રથમ શરીર ઉપરથી અને કપડાં પરથી નાપાકી દૂર કરી લેવી જેની પહેરી નહાતા હોય. પછીથી ગુસલ (નહાવું) શરૂ કરવું નહીં તો ગુસલ તો નહીં જ થાય પરંતુ નાપાક લીલા હાથોથી જે જે વાસણો પકડશો બધાં જ નાપાક થઈ જશે. હા, દરિયા, તળાવ કે નદીમાં એવું થઈ શકે છે પરંતુ તે પણ એવી નાપાકી હોય કે જે મસળા વિના, પાણીના ધક્કાઓથી ખૂદ બ ખૂદ વહીને નીકળી જાય, નહીં તો તેમાં પણ મુશ્કેલ છે.

## કઈ કઈ બાબતોથી ગુસ્લ ફર્ઝ થાય છે

જેનાથી ગુસલ ફર્ઝ થાય છે તે પાંચ બાબતો છે :–

**(૧)** વિર્ય પોતાની જગ્યાએથી જોશની સાથે બહાર નીકળવાથી. **(૨)** એહતેલામ એટલે કે ઊંઘમાં વિર્યના નીકળવાથી. **(૩)** શર્મગાહમાં હફશા (મર્દની શર્મગાહનો આગલો ભાગ) સુધી શેહવત કે વિના શેહવતના દાખલ થવાથી વિર્ય નીકળે કે ન નીકળે બંનેવ ઉપર ગુસલ ફર્ઝ છે. **(૪)** હૈઝ (માસિક લોહી) પૂરું થવા પછીથી. **(૫)** નિફાસ પૂરું થયેથી (નિફાસ એટલે સ્ત્રીને સુવાવડ પછીથી જે લોહી આવે છે.)

**મસ્અલો** : વિર્ય જોશ (શેહવત)ની સાથે પોતાની જગાએથી નથી નીકળ્યું, પરંતુ વજન ઊંચકવાથી કે ઊંચેથી પડી જવાથી નીકળ્યું છે તો ગુસલ વાજિબ નથી. હા વુઝૂ તૂટી જશે.

**મસ્અલો** : અગર વિર્ય પાતળુ પડી ગયું કે પેશાબ વેળા એમ જ શહવત (જોશ) વિના અમુક ટીપાં નીકળી ગયાં તો ગુસલ વાજિબ નથી. હા, વુઝૂ તૂટી જશે.

**મસ્અલો** : જુમ્આ, ઈદ, બકરી ઈદને માટે, અરફાના દિવસે અને એહરામ બાંધતી વેળા નહાવું **સુન્નત** છે.

## ગુસલની હાજતવાળા શું કરી શકે, શું ન કરી શકે ?

**મસ્અલો** : જેને નહાવાની જરૂરત હોય તેણે મસ્જિદમાં જવું, તવાફ કરવો, કુર્આન શરીફ પકડવું, (ભલે પછી તેની બહારી જિલ્દ કે સાદો હાંસિયો પણ કેમ ન હોય.) (હિદાયા, આલમગીરી) અડકયા વિના જોઈને કે મોઢે પઢવું, કોઈક આયત લખવી અથવા જેના પર હુરૂફે મુકત્તઆત કે આયત લખી હોય તેવી વીંટી પહેરવી કે પકડવી **એ બધું જ હરામ** છે.

**મસ્અલો** : કુર્આન શરીફ જુઝદાનમાં હોય કે રૂમાલમાં વગેરે કોઈ અલગ કપડામાં લપેટેલું હોય તો તેને હાથ લગાડવામાં (અડકવામાં) વાંધો નથી. *(હિદાયા, હિન્દિયા)*

**મસ્અલો** : જો કુર્આન શરીફની આયત

કુર્આનની તિલાવતની નિય્યતે ન પઢી તો વાંધો નથી જેવી રીતે **"બિસ્મિલ્લાહિર્રરહમાનિર્રહીમ"** પઢી અથવા શુક્રાના માટે **"અલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ આલમીન"** અથવા મુસીબત કે પરેશાનીમાં **"ઈન્નાલિલ્લાહિ વ ઈન્ના ઈલયહિ રાજિઊન"** અથવા ષનાની (અલ્લાહની તારીફની) નિય્યતથી સૂરએ ફાતિહા કે આયતુલ કુર્સી અથવા એવી જ કોઈ આયત પઢી તો કોઈ વાંધો નથી જ્યારે કે કુર્આન શરીફ પઢવાની નિય્યત ન કરી હોય. *(ફતાવા હિદાયા, વગેરે)*

**મસ્અલો** : વુઝૂ વિનાના માણસે કુર્આન મજીદ કે એની કોઈપણ આયતને અડકવું હરામ છે. અડકયા વિના જોઈને કે મોઢે પઢે તો વાંધો નથી.

**મસ્અલો** : કુર્આન મજીદ જોવામાં એ બધા (ગુસલ કે વુઝૂની હાજતવાળા) માટે કોઈ પણ વાંધો નથી, ભલે અક્ષરો ઉપર પણ નજર પડે, શબ્દો સમજમાં આવે અને ખયાલથી પઢાય.

**મસ્અલો** : એ બધાંએ ફિકહ–મસાઈલ, હદીષ, તફસીરની કિતાબો પકડવી મકરૂહ છે.

## કયા પાણીથી વુઝૂ અને ગુસલ જાઈઝ છે અને કયાથી નહીં ?

વરસાદ, નદી, દરિયા, ઝરણાં, નાળાં, કૂવાઓ, મોટા હોઝ અને મોટા તળાવ અને વહેતા પાણી, કરા, બરફનાં પાણીથી વુઝૂ અને ગુસલ તથા દરેક પ્રકારની પાકી જાઈઝ છે.

**મસ્અલો** : વહેતું પાણી તે છે જે તણખલાંઓને વહાવી લઈ જાય. એ પાણી પાક અને પાક કરનાર છે. નાપાકી પડવાથી નાપાક નહીં થાય જ્યાં સુધી એ નાપાકી એના રંગ, સ્વાદ, ગંધને બદલી ન નાંખે. અગર નાપાક ચીજથી રંગ, સ્વાદ, કે ગંધ બદલાઈ ગઈ તો નાપાક થઈ ગયું. હવે એ ત્યારે જ પાક થઈ શકશે કે નાપાકી નીચે તળિયે બેસી જાય અને એ ત્રણ વાતો ઠીક થઈ જાય અથવા એટલુ પાક પાણી ઉમેરાય કે નાપાકીને વહાવી લઈ જાય અથવા પાણીનો રંગ, સ્વાદ, ગંધ ઠીક થઈ જાય. જો પાક વસ્તુએ રંગ, સ્વાદ અને ગંધને બદલી નાંખી તો વુઝૂ અને ગુસલ તેના વડે જાઈઝ છે, જ્યાં સુધી તે બીજી ચીજ ન થઈ જાય.

**મસ્અલો** : દસ હાથ લાંબો, દસ હાથ પહોળો પાણીનો હોઝ કે તળાવ હોય તેને "દહ દર દહ" અથવા મોટો હોઝ કહે છે. એવું અગર ૨૦ હાથ લાંબો અને પાંચ હાથ પહોળો અથવા પચ્ચીસ હાથ લાંબો અને ચાર હાથ પહોળો હોય, મતલબ કે લંબાઈ×પહોળાઈ બરાબર ક્ષેત્રફળ ૧૦૦ ચોરસ હાથ થવું જોઈએ. જો વર્તુળાકાર હોય તો એનું વર્તુળ લગભગ સાડી પાંત્રીસ હાથ હોવું જોઈએ કે તળીયાનો કોઈ પણ ભાગ પાણીથી ખાલી ન હોય (દરેક જ જગ્યાએથી ખોબો ડૂબી શકે તેમ હોય) એવી હોઝનું પાણી વહેતા પાણીના હુકમમાં છે. નાપાકી પડવાથી નાપાક નહીં થઈ જાય જ્યાં સુધી નાપાકીના કારણે રંગ, સ્વાદ કે ગંધ બદલાઈ ન જાય.

**મસ્અલો** : મોટા હોઝમાં એવી નાપાકી પડી જે જોઈ શકાતી ન હોય જેમ કે દારૂ, પેશાબ તો તેમાં દરેક બાજુથી વુઝૂ કરી શકાય છે. અગર જોઈ શકાતી હોય જેમ કે ઝાડો (મળ) કે મરેલું જાનવર તો જે તરફ એ નાપાકી પડેલી છે એ તરફ વુઝૂ ન કરવું બેહતર છે, બીજી બાજુથી વુઝૂ કરવું.

**મસ્અલો** : મોટા હોઝમાં એકી સાથે ઘણા માણસો વુઝૂ કરી શકે છે ભલે વુઝૂનું પાણી એમાં જ પડતું હોય, પરંતુ લીટ, ગળફા એમાં ન નાખવા જોઈએ કેમ કે પાકીઝગી (સફાઈ)ની ખિલાફ છે.

**મસ્અલો** : જે પાણી વુઝૂ અને ગુસલ કરતાં શરીર ઉપરથી પડયું તે પાક છે, પરંતુ એના વડે વુઝૂ કે ગુસલ જાઈઝ નથી.

**મસ્અલો** : જો વુઝૂ વિનાના માણસનો હાથ કે આંગળી કે આંગળીનું ટેરવું કે નખ કે શરીરનો

કોઈપણ ભાગ જે વુઝૂમાં ધોવામાં આવે છે તે જાણે અજાણે પણ દેહ દર દહથી ઓછા પાણીમાં પડશે તો તો તે પાણી વુઝૂ કે ગુસલના લાયક રહ્યું નહીં.

એવી જ રીતે જે માણસ ઉપર ગુસલ (નહાવુ) ફરજ છે એના શરીરનો કોઈપણ ભાગ ધોવાયા વિનાનો પાણીમાં બોળાશે તો તે પાણી વુઝૂ કે ગુસલને લાયક રહેશે નહીં અગર ધોએલા હાથ કે શરીરનો ભાગ પડશે તો વાંધો નથી.

**મસ્અલો** : પાણીમાં હાથ પડી ગયો અથવા કોઈ રીતે "મુસ્તઅમલ" (વપરાએલું) થઈ ગયું તો તે પાણીને પાક કરી કામ લાગે તેવું બનાવવા વિચાર હોય તો એનાથી વધારે પ્રમાણેમાં બીજું સારું પાણી એમાં મેળવી આપવું અને એની રીત આ પણ છે કે એમાં એક તરફથી પાણી નાખવું અને બીજી તરફથી વહી જાય, તો બધુ પાણી પાક થઈ જશે.

**મસ્અલો** : નાના નાના ખાડાઓમાં પાણી છે અને એમાં નાપાકી પડયાની ખબર નથી તો તેનાથી વુઝૂ જાઈઝ છે.

**મસ્અલો** : કાફિર ખબર આપે કે આ પાણી લાયક છે અથવા નાપાક છે, તો બંને પરિસ્થિતિમાં પાણી પાક ગણાશે કે જેની અસલી હાલત છે.

**મસ્અલો** : કોઈ ફળના નીચોવેલા પાણી (અર્ક)થી વુઝૂ જાઈઝ નથી. જેમ કે કેળાના અથવા તરબૂચનું પાણી શેરડીનો રસ વગેરે.

**મસ્અલો** : જે પાણીમાં થોડાક પ્રમાણમાં કોઈક પાક ચીજ ભળી ગઈ, જેમ કે ગુલાબ, કેવડો, કેસર, માટી, રેતી તો તેનાથી વુઝૂ અને ગુસલ જાઈઝ છે.

**મસ્અલો** : કોઈ રંગ કે કેસર પાણીમાં એટલા પ્રમાણમાં પડી ગયું કે કપડાં રંગવાને લાયક બની ગયું તો તેનાથી વુઝૂ કે ગુસલ જાઈઝ નથી.

**મસ્અલો** : પાણીમાં એટલુ દૂધ પડી ગયું કે દૂધ જેવો રંગ થઈ ગયો તો તેનાથી અને ગુસલ જાઈઝ નથી.

## ઈબ્રાહીમી કુર્બાનીમાંથી શો બોધ લેશો ?!

# અલ્લાહના હુકમ સામે તમારાં નફસોને કુર્બાન કરો !

**કાર્યાલય**

જયારે હઝરત ઈબ્રાહીમ علیہ السلام પોતાના કલેજાના કટકાને લઈને રાહે ખુદામાં કુર્બાન કરવા નીકળ્યા ત્યારે શૈતાન પર આફત તૂટી પડી જેથી તેણે ધમપછાડા શરૂ કર્યા. સૌ પ્રથમ શૈતાન હઝરત હાજરા પાસે ગયો અને કહ્યું કે ઈબ્રાહીમ તો તમારા જિગરની કોરને ઝબહ કરવા લઈ ગયા છે ! આપે કહ્યું, એવું હોતું હશે કોઈ બાપ પોતાની અતિ પ્રિય ઔલાદને કતલ કરે ?! તો શૈતાને કહ્યું કે, એમનું ગુમાન છે કે એવો ખુદાનો હુકમ છે ! તો હાજરાએ જવાબ આપ્યો, "સુબ્હાનલ્લાહ ! એવું છે તો અમે બેટાની કુર્બાની આપી તેની રઝા હાંસલ કરીએ એવો સોનેરી અવસર ક્યાંથી મળે !" તો શૈતાન ત્યાંથી નિરાશ થઈને હઝરત ઈસ્માઈલને બહેકાવવા આવ્યો. જ્યારે રબના હુકમની વાત આવી તો હઝરત ઈસ્માઈલે પણ એ જ જવાબ આપ્યો કે, "મારા માટે ખુશનસીબીની વાત છે ! આ મોકો તો વારંવાર આવવો જોઈએ !" છેવટે હઝરત ઈબ્રાહીમને બહેકાવવા કોશિશ કરી કે, હે ઈબ્રાહીમ! ખ્વાબની વાત પર આટલો ભરોસો ! આ તો તમારો વહેમ છે !... વગેરે કહ્યું. તો આપે શૈતાન પર કાંકરીઓ ઉઠાવીને મારી. તો ઈબ્રાહીમની આ અદા રબને એટલી પસંદ પડી કે હજ્જના દિવસે જ્યાં જ્યાં ઈબ્રાહીમે શૈતાનને કાંકરીઓ મારી હતી ત્યાં આજે પણ હાજીઓ રમી કરીને ઈબ્રાહીમી સુન્નતને અદા કરે છે.

આ પ્રસંગ તમામ ઔરતો, બાળકો તથા પુરૂષોને સબક આપે છે કે મનને ગમતી ગમે તેવી ચીજ હોય પણ અલ્લાહ તરફથી તેને ત્યજવાનો હુકમ હોય તો ત્યજી દેવી જોઈએ. ગુનાહિત કામો, હરામનો માલ, નાજાઈઝ મનોરંજન મનને ભલે ભાવે પણ રબની ના છે તો તેનાથી દૂર રહેવું જોઈએ.

# ગુનાહોનો ઈલાજ

**લેખક** : હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી
**અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી
[મુતઅલ્લિમ દારુલ ઉલૂમ કાદરિય્યહ ગરીબનવાઝ–લેડી સ્મીથ, આફ્રિકા]

## ગુનાહોના પ્રકાર

કબીરા (મોટા) ગુનાહના માટે જાણવું દરેક શખ્સના માટે જરૂરી છે. સામાન્ય માણસોમાં કબીરા તથા સગીરા (નાના) ગુનાહોમાં તફાવત કરવું થોડું મુશ્કેલ કામ છે. અને કબીરા ગુનાહોથી તૌબા કરવામાં આવે તો ઘણા સગીરા ગુનાહ અલ્લાહ ﷻ માફ ફર્માવી આપે છે. કબીરા ગુનાહોના નીચે પ્રમાણે પ્રકારો છે :–

**૧. એતેકાદી (માન્યતાને લગતા) કબીરા ગુનાહ** : પ્રથમ પ્રકારના એતેકાદી ગુનાહે કબીરા તે છે જેનો સંબંધ માણસના અકીદાઓથી છે અને અકીદાઓનું કેન્દ્ર માનવ દિલ છે. જો માનવીના દિલમાં અલ્લાહ ﷻની જાતને મઅ્બૂદ (ઈબાદતને લાયક, પૂજ્ય) ન માનવાનો અકીદો હોય અથવા અલ્લાહ ﷻની સિફતોનો ઈન્કાર હોય અથવા જાત તથા સિફતોમાં કોઈ અન્યને શરીક ઠરાવવાનો માદો હોય તો એ સૌથી મહાન ગુનોહ છે જેને કુફ્ર તથા શિર્ક કહેવામાં આવે છે. અલ્લાહ તઆલાની રહમતથી નિરાશ થવું અથવા અલ્લાહ ﷻના અઝાબનો ઈન્કાર કરવો અથવા આખેરતના હિસાબ કિતાબનો ઈન્કાર કરતાં પોતે જ કહેવું કે હું તો બખ્શાયેલો છું, તૌહીદ (અલ્લાહ એક હોવાની માન્યતા) પછી ફરિશ્તા, નબુવ્વત, રિસાલત, જન્નત, દોઝખ, કિયામતનો દિવસ, મોત, બદલો તથા સજાની હકીકતના બારામાં દિલથી યકીન કાયમ ન કરવું અથવા શંકા ઉપસ્થિત કરવી કબીરા ગુનોહ છે. માટે એતેકાદી લેહાઝથી અકીદા સંબંધી ગુનાહોથી બચવું અનિવાર્ય છે, જેથી આપણા એ'તેકાદ (અકીદાઓ, માન્યતાઓ)માં એવા શંકામય ખયાલોને સ્થાન ન આપવું જોઈએ જેના કારણે માણસ થકી એતેકાદી ગુનાહો થવાનો ભય રહે.

**૨. વાણીમય (કૌલી) કબીરા ગુનાહ**: અકીદાઓ પછી તે ગુનાહ છે જેનો સંબંધ માણસની વાણીથી છે. માણસની જીભેથી જો એવા શબ્દો નીકળે જેને અલ્લાહ તઆલાએ ન કાઢવાનો હુકમ આપ્યો છે તો ગુનાહે કબીરા થઈ જશે. બોલવાની શક્તિ એટલે કે જીભ વડે બોલવાની શક્તિ એક અણમોલ નેઅમત છે અને એ જ નેઅમતની બિના પર હઝરતે ઈન્સાન (માનવી) અન્ય મખ્લૂકાતથી બુલંદ તથા ઉચ્ચતર છે, જેથી માનવની એ ફરજ બને છે કે માનવી પોતાની જીભથી એવી વાતચીત ન કરે જેના પર અલ્લાહ ﷻએ પ્રતિબંધ મૂક્યો છે, અને ગુનોહ ઠરાવેલ છે. બલ્કે માણસના જિમ્મે અનિવાર્ય ઠરે છે કે તે પોતાની જીભનો અલ્લાહ ﷻની કાયમ કરેલી હદોમાં ઉપયોગ કરે. જેથી એવા ગુનાહો જે માણસની બોલવાની શક્તિથી સંબંધિત હોય તેને કૌલી (વાણીમય) ગુનાહ કહેવાય છે.

જીભના સંબંધે કૌલી ગુનાહોમાં સૌથી મોટો કૌલી ગુનોહ જૂઠુ બોલવું છે જેને અલ્લાહ તઆલાએ તદ્દન નાપસંદ ફર્માવેલ છે. જૂઠ એવો ગુનોહ છે જે માનવ ઈજ્જત પર એક કાળો ધબ્બો છે. જે કૌમમાં જૂઠની આદત હોય તેનો પાયો ખોખરો થઈ જાય છે. જૂઠને બદલે સત્ય બોલવું માણસની ફરજ છે જે ન કેવળ ગુનાહથી બચાવે છે બલ્કે સવાબનો હક્કદાર પણ ઠરાવે છે. જૂઠી ગવાહી આપવી અને સાચી ગવાહીને છુપાવવી, જૂઠી કસમો ખાવી, ગીબત કરવી, ચુગલી ખાવી, ગાળ આપવી, વાયદા

ખિલાફી (વચન ભંગ), જાદૂ કરવો અથવા કોઈના પર આક્ષેપ લગાડવો સૌ કૌલી (વાણીના) ગુનાહોથી સંબંધ ધરાવે છે.

**પ્રેક્ટિકલ (ફેઅલી) ગુનાહ** : આ તે કબીરા ગુનોહ છે જેનો સંબંધ માનવીના અમલી કાર્ય (પ્રેક્ટિલી અમલ)થી છે. કુર્આન તથા સુન્નતે એની ટીકા (બુરાઈ વર્ણન) કરી છે અને એનાથી બચવાની તાકીદ કરી છે. એમાં એવો ગુનોહ છે જેનો સંબંધ માણસના વિવિધ અંગો સાથે છે જેના થકી એ ગુનાહો અસ્તિત્વમાં આવે છે. એ ગુનાહ નીચે પ્રમાણે છે :–

**પેટથી સંબંધિત ગુનાહ** : આ તે ગુનોહ છે જેનો સંબંધ એવી ચીજોને ખાવાથી છે જેને શરીઅતે મના કરેલ છે, દા.ત. દારૂ પીવું, એમાં દરેક નશાકારક ચીજો સામેલ છે. યતીમનો માલ જુલ્મથી હજમ કરી જવો, વ્યાજ ખાવું, જૂગારનો માલ ખાવો... વગેરે.

**ગુપ્તાંગ સંબંધિત ગુનાહ** : આ તે ગુનોહ છે જેનો સંબંધ નફ્સાની ખ્વાહિશાત (વાસના)થી છે, એમાં ઝિના (વ્યભિચાર), લવાતત (સૃષ્ટિ વિરૂધ્ધ કૃત્ય) અથવા અન્ય કોઈ અપ્રાકૃતિક ચીજથી સંભોગ કરવો એ એમાં સામેલ છે.

**હાથોથી સંબંધિત ગુનાહ** : હાથો વડે થનારા ગુનાહોમાં ખૂન, ચોરી, ડાકૂગીરી (ધાડ), લાંચ લેવી, ઓછું તોલવું, ભેળસેળ કરવી, બેઈમાની તથા ખયાનત (અપ્રમાણિક્તા) સામેલ છે.

**પગો સંબંધિત ગુનાહ** : કાફિરોના મુકાબલામાં જંગના મેદાનથી પીઠ ફેરવીને નાસી છૂટવું, એટલે કે એ હાલતમાં ભાગી જાય કે એક મુસલમાન બે કાફિરોના મુકાબલાથી, દસ મુસલમાન વીસ કાફિરોના મુકાબલાથી. એનો મતલબ એ છે કે કાફિરોની સંખ્યા લડાઈના મુકાબલામાં બમણાથી અધિક હોય તો ભાગી જવું કબીરા ગુનોહ નથી.

**આખા શરીર સંબંધિત ગુનાહ** : મા બાપની નાફર્માની કરવી, તેમના હક્કો અદા ન કરવા, જો ભૂખ્યાં હોય તો તેમને ખાવા ન આપવું, અને ભલુ બુરૂ કહીને તકલીફ આપવી, જો કોઈ ચીજ માંગે તો શક્તિ હોવા છતાં ઈન્કાર કરવો.

## સગીરા (નાના) ગુનાહો

સગીરા ગુનાહો અસંખ્ય છે અને એની કોઈ નિશ્ચિત સંખ્યા નથી. શરીઅતના સમર્થન હેઠળ તથા જાણકારી થકી તેની ઓળખ કરવામાં આવે છે. અને શરીઅતનો મકસદ પણ કેવળ એ જ છે કે ઈન્સાન ગુનાહોને ત્યજીને અલ્લાહ તઆલા પ્રતિ ધ્યાનિત રહે. દરેક તે મના કૃત્ય જે બુરાઈ તથા ખરાબીના વર્તુળમાં આવતુ હોય અને ઈસ્લામી શરીઅતમાં તેનાથી બચવાનો હુકમ હોય તે સગીરા ગુનોહ છે. આ એક સ્પષ્ટ હકીકત છે કે તમામ કબીરા ગુનાહો સિવાય જેટલા પણ ગુનાહો છે તે સગીરા છે.

ચાહે ગુનાહે સગીરા હોય કે કબીરા બંનેવ પ્રકારના ગુનાહથી બચવું અનિવાર્ય છે, કેમ કે કોને ખબર કે કયો ગુનોહ આપણી પકડનો સબબ બની જાય અને આપણે અલ્લાહ ﷻ ના કહેર તથા ગઝબનો શિકાર બની જઈએ. જેથી આપણે દરેક ગુનાહમાં પડવાથી ખૂબ ખૂબ ડરવું જોઈએ. જો ખુદા ન કરે ને કોઈ ગુનોહ થઈ જાય તો તુરત જ સાચી તૌબા કરીને અલ્લાહ ﷻની બારગાહમાં માફી માંગવી જોઈએ. સામાન્ય સગીરા ગુનાહ આ પ્રમાણે છે : કોઈ નામહરમ સ્ત્રીને ઈરાદાપૂર્વક જોવી, અમરદ (દાઢી મૂંછ ફૂટી ન હોય તેવા કિશોર)ને વાસનાની દષ્ટિએ જોવો, તેમને કીસ કરવી, તેની સાથે સૂવું પણ સંભોગ ન કરવો, ગીતો, વાજિંત્રો સાંભળવું, ફિલ્મ જોવી, બિભત્સ સાહિત્યનો અભ્યાસ કરવો, નગ્નતાને ઉત્તેજન આપવું, કોઈને બુરુ ભલું કહેવું, વિના વાંકે મારવું, જાનવરને તકલીફ આપવી, વગેરે સૌ સગીરા ગુનાહો છે.

**ચેતવણી** : યાદ રાખશો **સગીરા ગુનાહ સતત કરવાથી માણસ કબીરા ગુનાહમાં પડી જાય છે, જેથી કોઈ ગુનાહને પણ કદાપિ મામૂલી ન સમજવો જોઈએ.** કેમ કે કેટલીકવાર એવું બને છે કે એક ગુનાહને માણસ તુચ્છ (મામૂલી) નાનો સમજે છે પણ અલ્લાહ ﷻ ને ત્યાં તે મોટો હોય છે, અને કેટલીક વાર બંદો તેને મોટો જાણે છે પણ અલ્લાહ ﷻ ને ત્યાં નાનો હોય છે. સારાંશ કે **મામૂલી સરખા ગુનાહને પણ મોટો સમજવો એ ખૌફે ખુદા તથા ઈમાનની સલામતીના કારણે હોય છે, અને આ જઝબો ગુનાહના અંધકારથી દિલને બચાવવામાં મદદરૂપ પુરવાર થાય છે.** એનાથી ઉલ્ટુ ગુનાહને હકીર તથા મામૂલી સમજવાનું કારણ એ હોય છે કે દિલને ગુનાહની સાથે લગાવ પેદા થઈ ચૂક્યો હોય છે. અને આ દલીલ એ બાબત દર્શાવે છે કે દિલને ગુનાહની સાથે નિકટનો સંબંધ છે અને બંનેની આપસમાં નિસ્બત મજબૂત થઈ ચૂકી છે, એટલા માટે કે દરેક કાર્યને સંબંધ તો દિલથી જ છે, અને જે ચીજની તાષીરને દિલ કબૂલ કરે તેનું પરિણામ તેના પ્રમાણે બહાર આવીને રહે છે. જેથી જો દિલને ગુનાહ જ પ્રિય હોય તો તે ગુનાહમાં પડવાથી આનંદ અનુભવે છે. અમુક નાદાન લોકો ખૂબ જ ખૂશીપૂર્વક અને હસી હસીને ગુનાહોમાં પડે છે તેમના માટે આ રિવાયત બોધપાઠ ગ્રહણ કરવા જેવી છે, નબી કરીમ ﷺ એ ફર્માવ્યું કે, **"જે કોઈ હસી હસીને ગુનોહ કરે છે તે રડતો રડતો દોઝખમાં જશે."**

કાર્યાલય

## કુર્બાની વિશે મસાઈલ

'માલિકે નિસાબ' તે શખ્સ છે જેની પાસે મૂળ હાજતો સિવાય બસો દિરહમ (સાડા બાવન તોલા ચાંદી) અથવા વીસ દીનાર (સાડા સાત તોલા સોનુ) અથવા મૂળ હાજતોના સામાન સિવાય કોઈ એવી ચીજનો માલિક હોય જે એટલી જ કિંમતની હોય. (થોડુ સોનુ, થોડી ચાંદી, થોડી રકમ મેળવીને **સાડા બાવન તોલા ચાંદીની કિંમત** જેટલુ થઈ જાય એટલુ જેની પાસે હોય) **તે સાહિબે નિસાબ છે.** ભલે ઝકાત એટલા માલ પર વરસ પૂરું થયા બાદ આપશે **પણ કુર્બાની તો સાહિબે નિસાબ થતાં જ કરવી પડશે.** (સાડા બાવન તોલા ચાંદી = ૫૦૦૦/– રૂા. લગભગ થાય છે) રહેવાનું મકાન, ઘરવખરી, ફર્નિચર, પહેરવાનાં કપડાં નોકર, સવારી, હથિયારનાં સાધનો તથા ઓજારો અને લેખકો માટે જરૂરતની કિતાબો.... આ ચીજો અસલી હાજતની ચીજો (મૂળ આવશ્યક ચીજો)માંથી છે. (કાનૂને શરીઅત, ભાગ–૧, પેજ–૬૪) **નોંધ :** જો કોઈની પાસે ૧૨મી ઝીલ હજ્જે પણ રકમ વગેરે આવે અને નિસાબ પૂરો થાય તો તે દિવસે જ કુર્બાની કરવી પડશે.

ઊંટ, ગાય, ભેંસ, દુમ્બા, બકરી, ઘેટુ, નર–માદા, ખસ્સી, ગેર ખસ્સી સૌની કુર્બાની થઈ શકે છે.

**મસ્અલહ** : જંગલી જાનવર જેમ કે હરણ, નીલ ગાય, બારા સિંગા (સાબર) વગેરેની કુર્બાની નથી થઈ શકતી.

**મસ્અલહ** : ઊંટ પાંચ વરસનું, ગાય, ભેંસ બે વરસની, બકરી એક સાલની હોય કે વધુ, એનાથી કમમાં કુર્બાની જાઈઝ નથી. અલબત્ત, દુમ્બો કે ઘેટાનું છ માસનુ બચ્ચુ એટલુ મોટુ અને તંદુરસ્ત હોય કે દૂરથી જોવામાં એક વરસનું જણાતું હોય તો તેની કુર્બાની જાઈઝ છે.

**મસ્અલહ** : કુર્બાનીનું જાનવર મોટુ, તાજુ અને સારું હોવું જોઈએ, ઐબદાર ન હોવું જોઈએ. જો થોડી સરખી ઐબ છે તો કુર્બાની કરાહત સાથે થઈ જશે અને જો વધુ ઐબ છે તો થશે જ નહીં. જો શીંગડાં હતાં ને તૂટી ગયાં અને અંદરનો ભાગ (ભેચવો) સુધ્ધાં નીકળી ગયો તો જાઈઝ નથી. એનાથી ઓછાં તૂટયાં તો જાઈઝ છે.

**મસ્અલહ** : આંધળુ, લંગડુ, કાણુ, અતિ દુબળુ, કાન કપાયેલું, પૂછડી કપાયેલુ, બાવલુ કપાયેલું, બાવલુ સૂકાયેલું, નાક કપાયેલું, પેદાઈશી કાન વિનાનું, બીમાર, નર માદા બંને નિશાનીઓવાળુ હોય, કેવળ ગંદુ ખાતુ હોય એ સૌની કુર્બાની **જાઈઝ નથી.**

# નબી ﷺ ની સુન્નત



અને કાર્યાલય

# આધુનિક વિજ્ઞાન

## સ્ત્રી તથા પુરૂષ વિજ્ઞાનની દ્દષ્ટિએ

"સંયુક્તપણે જોવામાં આવે તો સ્ત્રીના શરીરના અંગો પુરૂષના શરીરના અંગો કરતાં એટલા અંશે તફાવત ધરાવતાં છે તથા શક્તિના લેહાઝથી સ્ત્રીના અંગો એટલા અંશે કમજોર છે કે જો તેમની શારીરિક શક્તિના ત્રણ ભાગ કરવામાં આવે તો બે ભાગ પુરૂષની શક્તિના ફાળે જશે અને કેવળ એક ભાગ સ્ત્રીની શક્તિના માટે સાબિત થશે. અંગોના હલન ચલનની પણ એ જ સ્થિતિ છે. પુરૂષનાં શારીરિક અંગો સ્ત્રીની સરખામણીમાં અધિક તેજ તથા પોતાના કૃત્યમાં અધિક મજબૂત છે."

હૃદય કે જે માનવ જીવનનું મૂળ કેન્દ્ર છે. તો એમાં પણ સ્ત્રી પુરૂષમાં તફાવત જોવા મળે છે. અભ્યાસ પરથી સાબિત થઈ ચૂક્યું છે કે સ્ત્રીનું હૃદય પુરૂષના હૃદયા કરતાં ૬૦ ડ્રામ નાનુ હોય છે. (૧/૬ ડ્રામ બરાબર ૪ રતી થાય છે.)

□સોચ્છવાસની પ્રક્રિયાના લેહાઝથી પણ સ્ત્રી તથા પુરૂષમાં મહાન ફરક છે. અભ્યાસ પરથી સાબિત થઈ ચૂક્યું છે કે □સના થકી કાર્બોનિક એસીડના જે રજકણો બહાર આવે છે તે અંદરની ગરમીથી ગરમ થઈને □સમાં મેળવાયને નીકળે છે. આ અનુભવના પરથી સંશોધન કરવામાં આવ્યું તો જણાયું કે પુરૂષ એક કલાકમાં લગભગ ૧૧ ડ્રામ કાર્બનની માત્રા સળગાવે છે પણ સ્ત્રી ૬ ડ્રામથી સહેજ અધિક સળગાવે છે. એનાથી સાબિત થાય છે કે સ્ત્રીની શારીરિક ઉષ્મા પણ પુરૂષની સરખામણીમાં ખૂબ જ ઓછી અથવા અડધીથી કાંઈક વધુ છે. આ સર્વ સંશોધનો તથા કથનો સ્ત્રીની શારીરિક કમજોરીને તથા સ્ત્રીની દિમાગી કમજોરીને કેટલી વિ□સનીયતાપૂર્વક સાબિત કરે છે.

### ★ નેહલિસ્ટ ફિલોસોફર પ્રોડનનું મંતવ્ય ★

વિખ્યાત વિદ્વાન નેહલિસ્ટ ફિલોસોફર પ્રોડન પોતાના પુસ્તક ઈબ્તેકારે નિઝામમાં લખે છે કે સ્ત્રીની બુદ્ધિ તીવ્રતા પુરૂષની બુદ્ધિ તીવ્રતાની સરખામણીમાં કમજોર જોવા મળે છે. તેની અખ્લાકી શક્તિ પણ પુરૂષના અખ્લાકથી તદ્દન વિપરીત હોય છે અને જુદા પ્રકારની પ્રકૃતિ ધરાવે છે. જેના કારણે જે ચીજના સારા નરસાના સંબંધે તેણી મંતવ્ય બાંધે છે તે પુરૂષોના મંતવ્ય પ્રમાણે નથી હોતું. વળી સ્ત્રી તથા પુરૂષમાં અસમાનતા એ કોઈ ટેમ્પરરી ચીજ નથી બલ્કે સ્ત્રીની પ્રાકૃતિક ખાસિયત પર આધારિત છે.

પંચેન્દ્રિયો જેના પર માણસની બુધ્ધિમત્તા તથા દિમાગી બંધારણનો આધાર છે, એમાં પણ સખત મતભેદ જોવા મળે છે. નિકોલ્સ તથા હૈલીએ સાબિત કરી આપ્યું છે કે સ્ત્રીની પંચેન્દ્રિયો પુરૂષની પંચેન્દ્રિયોથી અધિક કમજોર છે.

**(૧)** સ્ત્રીની સુંઘવાની શક્તિ માટે એ બાબત ક્ષમતા બહારની છે કે તેણી નિશ્ચિત અંતરેથી ખુશ્બુની સુગંધ મહસૂસ કરી શકે, એથી ઉલ્ટુ પુરૂષની સુંઘવાની શક્તિ એટલી તીવ્ર છે કે તે આ પ્રકારની ખુશ્બુને સરળતાપૂર્વક મહસૂસ કરી લે છે, જ્યારે કે એનાથી કેટલીક અધિક ખુશ્બુ હોય તો સ્ત્રી મેહસૂસ કરી શકે છે.

**(૨)** એ પણ પ્રાયોગિક રીતે સાબિત થઈ ચૂક્યું છે કે સ્ત્રી એસીડની ગંધ ૧/૨૦૦૦ની નિસ્બતથી અને પુરૂષ ૧/૧૦૦થી મેહસૂસ કરી શકે છે, જે કમજોરીની ઉઘાડી દલીલ છે.

**(૩)** સ્વાદ પારખવાની તથા શ્રવણ શક્તિની ક્ષમતા પણ પુરૂષની સ્ત્રી કરતાં ઘણી વિશેષ છે એના માટે કોઈ ઉઘાડી દલીલની જરૂર નથી. ઈન્સાક્લોપીડિયાએ સ્પષ્ટતા કરી આપી છે કે, "એ જ કમજોરીનું પરિણામ છે કે ભોજનનું ઉમદાપણુ કે સ્વાદની કમીને ઓળખવાના માટે તથા અવાજ પારખનારા તથા પિયાનાના રાગોના અવાજો પારખનારા તમામે તમામ પુરૂષ છે, એક સ્ત્રીએ પણ પોતાને એ વાતોમાં કમાલવાળી સાબિત નથી કરી."

**(૪)** સ્પર્શ શક્તિના સંબંધે લોમ્બરોઝ તથા સીરાજી વગેરે ઉસ્તાદોની એકમતીથી તેહકીક છે કે, "સ્ત્રીમાં આ શક્તિ પુરૂષ કરતાં ખૂબ જ કમજોર જોવા મળે છે. તેમની સંશોધનપૂર્ણ દલીલ એ છે કે જે તકલીફો તથા પીડાઓ ધરાવનાર સ્ત્રી બને છે પુરૂષ એટલા પ્રમાણમાં નથી થઈ શક્તો. આ જાહેરી તફાવત દર્શાવી રહ્યો છે કે પુરૂષ કરતાં સ્ત્રીની સંવેદન શક્તિ અધિક કમજોર છે.

# ખુલફાએ રાશિદીન અને ઈસ્લામી અખ્લાકનું બંધારણ

અઝ : **હઝરત અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી,**
**સદર : જામિઆ અશ્રફિયા-મુબારકપુર**

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી**

## ★ ઝિમ્મી કાફિરો સાથે છૂટછાટભર્યો વર્તાવ ★

આજે જેહાદ અને જિઝિયાના સંબંધથી ઈસ્લામ પર ઘણા બધા વાંધાઓ કરવામાં આવે છે. અહીં સંપૂર્ણ ચર્ચાનો તો અવકાશ નથી પરંતુ ટૂંકમાં વિનંતિ છે કે આ વાંધાઓ ઈસ્લામની હકીકતથી અજાણતાના લીધે છે. અને એ ખયાલના આધારે છે કે આ કોઈ આસ્માની મઝહબ નથી બલ્કે એક કૌમનો પોતે ઘડી કાઢેલો મઝહબ છે. જ્યારે હકીકત એ છે કે ઈસ્લામ ખુદાનો ઉતારેલ દીન છે, કુર્આન અલ્લાહનું સાચુ કલામ છે અને એના કાનૂનો બનાવી કાઢેલા નથી બલ્કે રબ્બાની છે.

અલ્લાહ ﷻએ મુસલમાનોને એના જિમ્મેદાર બનાવ્યા છે કે તેઓ ખુદાની હિદાયત આખી દુનિયામાં પહોંચાડે અને અલ્લાહનો કાનૂન આખા જગત પર લાગુ કરે, દુનિયાથી કુફ્ર તથા શિર્ક અને જુલ્મ તથા નાઈન્સાફીને મિટાવે અને હક્ક તથા ન્યાયની ઉચ્ચતા સ્થાપિત કરે.

એના પાલનમાં મુસલમાનોએ આખા વિ□ને હક્કની દા'વત આપી અને રૂએ જમીન પર અલ્લાહના હુકમના ફેલાવા માટે જાન તથા માલ વડે કોશિશ કરી. બીજી કૌમ જો ઈસ્લામ કબૂલ નથી કરતી તો તેના માટે કમસે કમ એ હતું કે ઈસ્લામની હુકૂમત હેઠળ રહેવાનું સ્વીકારે અને હુકૂમત તેની જાન તથા માલની રક્ષાની જિમ્મેદાર થશે જેના માટે તેણે જિઝિયો આપવો પડશે.

જંગે યરમૂકના વખતે મુસલમાનોએ હમ્સ છોડીને જંગનો મોરચો બીજે ઠેકાણે માંડવાનો હતો. ઈસ્લામી સેનાપતિએ હુકમ આપ્યો કે જ્યારે અમે આ શહેર છોડીને જઈ રહ્યા છીએ તો અહીંના લોકોની રક્ષા કરવાથી લાચાર છીએ એટલા માટે જિઝિયાની રકમ પરત કરી દેવામાં આવે. જેથી હમ્સ તથા તેની આસપાસના લોકોની લીધેલ રકમ પરત કરી દેવામાં આવી. આ ન્યાય પર તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા ! અને હમ્સવાળા રડતા હતા, દુઆ કરતા હતા કે ખુદા તમને ફરી પાછા લાવે. એટલા માટે કે **મુસલમાનોએ તેમને જે આઝાદી તથા ઈજ્જત આપી હતી તે તેમની પોતાની (ઈસાઈ) હુકૂમતના હેઠળ પણ તેમને ઉપલબ્ધ ન હતી.** એની સાથે જેહાદમાં આબાદીઓ ઉજજડ કરવા, ઝાડો અને હરીયાળી ખેતીઓને બર્બાદ કરવાની તદ્દન ઈજાઝત ન હતી, વૃદ્ધો, અશક્તો તથા સ્ત્રીઓને કતલ કરવાની મનાઈ હતી.

આજે જ્યારે કોઈને શક્તિ પ્રાપ્ત થઈ જાય છે તો તે લાખો માનવોને વિના સંકોચે કત્લ કરે છે, શહેરના શહેર વેરાન કરી દેવામાં આવે છે અને **પોતાની ચલાવવા માટે પૂરી દુનિયાને ગુલામ બનાવવાની કોશિશ કરે છે. અને તેના સમર્થકો તેની આ કાર્યવાહીને જાઈઝ સમજે છે. જો પોતાની ઉચ્ચતા માટે કોઈ સર્વ કાંઈ કરવાનો હક્ક રાખે છે તો ખુદાના કાનૂનની ઉચ્ચતા માટે તેની પૂરી મખ્લૂક પર રહમ તથા ન્યાયવાળો કાનૂન લાગુ કરવો કેમ કરીને જુર્મ સમજવામાં આવે છે ?**

હવે આપણે જોવાનું છે કે ખુલફાએ રાશિદીનના યુગમાં મુજાહિદોને શું હિદાયત થતી અને

ઝિમ્મીઓને શું હેસિયત આપવામાં આવતી હતી.

**૧.** સિદ્દીકે અકબર رضی اللہ عنہ એ યઝીદ ઈબ્ને સુફયાનની સરદારી હેઠળ શામ (સીરીયા) તરફ લશ્કર મોકલ્યું તો તેમને ફર્માવ્યું કે દસ વાતોની હું તમને વસિયત કરું છું :–

**૧, ૨, ૩ :** કોઈ સ્ત્રી અથવા બાળક અથવા વયોવૃદ્ધને કત્લ ન કરશો. **૪.** કોઈ ફળદાર ઝાડ ન કાપશો. **૫.** કોઈ આબાદ જગ્યા વેરાન ન કરશો. **૬.** ખાવાની જરૂરત સિવાય કોઈ બકરી કે ઊંટ ઝબહ ન કરશો. **૭.** કોઈ ખજૂરનું ઝાડ પાણીમાં ન ડૂબાડશો. **૮.** ન તો તેને સળગાવીને બર્બાદ કરશો. **૯.** ગનીમતમાં ખયાનત ન કરશો. **૧૦.** બુઝદિલી ઈખ્તિયાર ન કરશો. *(બયહકી, તારીખે ખુલફા–૯૭)*

૨. બયતુલ મુકદસના ઈસાઈઓએ સુલેહ માટે એ શરત રાખી હતી કે અમીરુલ મો'મિનીન ખૂદ સુલેહનામુ લખે. એટલા માટે ફારૂકે આ'ઝમે સફર કરી અને "જાબિયહ" પહોંચ્યા. ત્યાં ઈસ્લામી સેનાપતિ અને બયતુલ મુકદસના ઈસાઈ તેમને મળ્યા અને આ પ્રમાણે સુલેહનામુ લખવામાં આવ્યું :–

"આ તે અમાન છે જે અલ્લાહના બંદા ઉપર અમીરુલ મો'મિનીને એલ્યાવાળાઓને આપી. આ અમાન જાન, માલ, ગિરજા, સબલી (ક્રોસ), બીમાર, તંદુરસ્ત તથા તેમના મઝહબના સર્વ લોકોના માટે છે. તેમના ગિરજાઓમાં પડાવ નાખવામાં નહીં આવે, ન તેને તોડી પાડવામાં આવશે. ન ગિરજાઓ તથા તેની હદોમાં કે સબીલોમાં કોઈ કમી કરવામાં આવશે, ન તેમનો માલ ઓછો કરવામાં આવશે, ન દીનના મામલામાં તેમના પર કોઈ જબરદસ્તી થશે, ન કોઈને નુકસાન પહોંચાડવામાં આવશે, ન તેમની સાથે એલ્યામાં કોઈ યહૂદીનો વસવાટ કરવામાં આવશે અને એલ્યાવાળાઓના જિમ્મે એ છે કે જેવી રીતે મદાયનવાળા જિઝિયો અદા કરે છે તેમ એઓ પણ અદા કરે અને પોતાને ત્યાંથી રોમીઓ અને ચોરોને કાઢી મૂકે. તેઓમાંથી પણ જે જાતે પોતે નીકળી જાય તેના જાનમાલની અમાન છે અને તેના જિમ્મે પર એ જ પ્રમાણે જિઝિયો છે જેવો એલ્યાવાળાઓ પર છે. અને એલ્યાવાળાઓમાંથી જે લોકો પોતાના ગિરજાઓ અને સલીબોને છોડીને રોમીઓની સાથે જવા ઈચ્છે તેમને પણ અમાન છે, ત્યાં સુધી કે તેઓ પોતાની અમ્નની જગાએ પહોંચી જાય, એમના ગિરજાઓ તથા સલીબોથી પણ રોક થામ ન થશે, અને એલ્યામાં ફલાણાના કત્લથી પહેલાંના જે રહેવાસીઓ છે તેઓ જો અહીં રહેવા ચાહે તો જિઝિયાની અદાયગીના સાથે રહી શકે છે. અને રોમીઓની સાથે જવા ઈચ્છે તો જઈ શકે છે અથવા પોતાના માણસો પાસે અન્ય જગાએ જવા ચાહે તો જઈ શકે છે જ્યાં સુધી તેમની ખેતીની કમાણી ન થઈ જાય તેમની પાસેથી કાંઈ વસૂલ કરવામાં નહીં આવે.

જે કાંઈ આ લખાણમાં લખવામાં આવ્યું તેના પર અલ્લાહનો વાયદો છે અને તેના રસૂલનો જિમ્મો, ખલીફાઓનો જિમ્મો અને મો'મિનોનો જિમ્મો છે, જ્યાં સુધી કે તેઓ જિઝયો અદા કરતા રહે, એના પર ખાલિદ ઈબ્ને વલીદ, અમ્ર ઈબ્ને આસ, અબ્દુર્રહ્માન ઈબ્ને ઔફ તથા મુઆવિયા ઈબ્ને અબી સુફયાન ગવાહ છે.

અન્ય સ્થળોના કરારનામાંઓમાં પણ આ જ પ્રમાણે જાન માલ, દેવળો, ક્રોસોની અમાન વગેરેનો ઉલ્લેખ છે. *(તારીખે તિબ્રી, ૪/૪૩૬, પ્રેસ : બૈરૂત, દારુલ ફિક્ર)*

**૩.** જ્યારે ઝિમ્મીઓએ મુસલમાનોની વફાદારી અને તેમનું સદ્વર્તન જોયું તો મુસલમાનોના મદદગાર થઈ ગયા અને મુસલમાનોના દુશ્મનોની માહિતી પૂરી પાડવા લાગ્યા. દરેક શહેરના લોકોએ પોતાના તરફથી અમુક જાસૂસો આ કામ માટે લગાડી દીધા કે તેઓ રોમ તથા રોમના શાહની ખબર લાવતા રહે અને એ માલૂમ કરે કે તેઓ હવે શું કરવા ચાહે

છે. દરેકે શહેરમાં તેમના કાસિદ એ ખબર લાવ્યા કે રોમ ઘણી જ જબરદસ્ત તૈયારી કરી રહ્યા છે અને મહાન લશ્કર એકત્ર કરી રહ્યા છે. શહેરના સરદારોએ પોત પોતાના શહેરના વાલીઓને માહિતગાર કર્યા. શહેરના વાલીએ હઝરત અબૂ ઓબૈદાને ખબરદાર કર્યા. હઝરત અબૂ ઓબૈદા અને મુસલમાન લીડરોએ જોયું કે મામલો ઘણો ગંભીર છે અને મુકાબલા માટે શહેર છોડીને આપણે કોઈ યોગ્ય સ્થળે લશ્કરી જમાવટ કરવી પડશે. એટલા માટે શામ (સીરિયા)ના ગવર્નર અબૂ ઓબૈદાએ **દરેક શહેરના હાકિમને લખ્યું કે ઝિમ્મીઓ પાસેથી જે જિઝિયો તથા ખિરાજ (મેહસૂલ) લેવામાં આવ્યું છે તે તેઓને પરત કરી દેવામાં આવે અને જણાવી દેવામાં આવે કે અમે આ રકમ એ શર્ત પર લીધી હતી કે તમારી રક્ષા કરીશું પરંતુ વર્તમાન સંજોગોમાં અમે એના માટે શક્તિમાન નથી એટલા માટે તમારી રકમ પરત કરીએ છીએ. જો અમને ફતહ પ્રાપ્ત થઈ અને અમે પાછા આવ્યા તો અગાઉ જણાવેલી શરત પર અમે કાયમ રહીશું**. એ રકમ પરત કરવામાં આવી અને આ વાત દર્શાવવામાં આવી તો ઝિમ્મીઓએ કહ્યું, ખુદા તમને પાછા લાવે અને દુશ્મનો પર તમને જીત નસીબ કરે, તમારી જગાએ જો એ લોકો (ઈસાઈઓ) હોત તો કાંઈ જ પાછુ ન આપત, અને જે કાંઈ બચ્યું છે તે પણ લઈ લેત ! અમારા માટે કાંઈ ન છોડત.

યરમૂકમાં રોમીઓ અને મુસલમાનો વચ્ચે સખ્ત જંગ થઈ. અલ્લાહે મુસલમાનોને જીત આપી. હવે દરેક શહેરોના વાલી અને મુસલમાન તે શહેરોમાં પાછા આવવા લાગ્યા તો ત્યાંના ઝિમ્મીઓ તેમનું સ્વાગત કરતા અને જે માલ તેમને પાછો આપ્યો હતો તે ખૂદ લાવીને આપતા જતા.

આ સ્થિતિ જ્યારે તે શહેરવાળાઓએ જોઈ જેમની સાથે સુલેહ ન થઈ હતી તો તેઓ પણ એ જ શર્તે સુલહ કરવા તૈયાર થઈ ગયા. તેમણે જિઝયો અદા કર્યો અને પોતાના શહેરો પર મુસલમાનોને કબ્જો આપી દીધો. *(કિતાબુલ ખિરાજ, અઝ : ઈમામ યૂસુફ, ૨૮૨ થી ૨૮૮માંથી ટૂંકાવીને)*

હઝરત ખાલિદ ઈબ્ને વલીદ ઉન્દલુસની ફતહ પછી હયરા પહોંચ્યા તો ત્યાં ઈરાનના શાહના નિયુક્ત કરેલા વાલી ઈયાસ ઈબ્ને કબીસા તાઈથી આ પ્રમાણે ચર્ચા થઈ :–

''હું તમને અલ્લાહની તરફ અને ઈસ્લામની તરફ બોલાવું છું. જો તમે દા'વત કબૂલ કરી તો તમારા માટે પણ તે હક્કો હશે જે મુસલમાનોના માટે છે અને તમારા ઉપર પણ તે ફર્ઝો હશે જે મુસલમાનો ઉપર છે. એ જો તમને મંજૂર ન હોય તો જિઝિયો અદા કરો અને જો એ પણ મંઝૂર ન હોય તો સાંભળી લો ! હું તમારી પાસે એવી કૌમ લઈને આવ્યો છું કે તમને જેટલા પ્રમાણમાં જીવવાની લાલચ છે તેનાથી વિશેષ તેઓએ મરી જવાની લાલચ છે ! ઈયાસે કહ્યું, અમારે તમારી સાથે જંગની જરૂરત નથી, ન તો તમારા દીનમાં દાખલ થવા ચાહીએ છીએ, અમે અમારા ધર્મ પર કાયમ રહીશું અને જિઝિયો અદા કરીશું.

હઝરત ખાલિદે નેવુ હજાર વાર્ષિક જિઝિયાની શર્તે તેમની સાથે સુલહ કરી લીધી અને તે કરાર થયો કે તેમનું કોઈ દેવળ, કલીસા કે કિલ્લો તોડવામાં આવશે નહીં, ન તો નાકૂસ વગાડવાથી રોકવામાં આવશે, ન તહેવારોના દિવસે સલીબ (ક્રોસ) કાઢવાથી રોકવામાં આવશે, અને ન તેઓ કોઈ દગો કરશે. મુસલમાનોમાંથી જો કોઈ તેમને ત્યાંથી પસાર થશે તો ઈસ્લામ ધર્મની રૂએ હલાલ ખાણા વડે તેમની ઝિયાફત કરવી પડશે. તે વખતે જે સુલેહનામુ તૈયાર થયું તેના શબ્દો આ પ્રમાણે હતા :–

''બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ.....આ હયરાવાસીઓના માટે ખાલિદ બિન વલીદનું લખાણ છે કે રસૂલુલ્લાહ ﷺના ખલીફા અબૂબક્ર એ મને

હુકમ આપ્યો કે યમામાથી પાછા ફરતાં હું ઈરાકવાસીઓ પાસે જાઉં અને જહન્નમની ચેતવણી સંભળાવું. જો તેઓ કબૂલ કરી લે તો તેઓને તે જ હક્ક પ્રાપ્ત થશે જે મુસલમાનોને હોય છે. અને તેમના ઉપર પણ તે ફર્ઝ થશે જે મુસલમાનો પર હોય છે.

હુકમ પ્રમાણે હું હયરા પહોંચ્યો. મારી પાસે ઈયાસ ઈબ્ને કબીસા તાઈ હયરાના અમુક સરદારોની સાથે આવ્યો. મેં તેમને ખુદા વ રસૂલની તરફ દા'વત આપી. તેમણે કબૂલ ન કરી તો મેં તેમની સમક્ષ જિઝિયા અથવા જંગની વાત રાખી. તેમણે કહ્યું, અમારે જંગની જરૂરત નથી, પરંતુ જેવી રીતે અન્ય અહલે કિતાબવાળાઓએ જિઝિયો અદા કરવાની શરતે સુલેહ કરી છે એ જ શરત પર અમે પણ સુલેહ કરીએ છીએ."

મેં જોયું કે સાત હજાર પુરૂષો છે એમાં ધ્યાન કર્યું તો એક હજાર અપંગ અથવા લાચાર મળ્યા, તેમને મેં ગણત્રીમાંથી બાદ કરી નાખ્યા, જેથી જેમના પર જિઝિયો લગાડયો તે છ હજાર થયા. તેમણે નેવુ હજારની રકમ અદા કરવા પર સુલહ કરી. મેં શર્ત રાખી કે તેમના પર અલ્લાહનો વાયદો અને મીષાક છે જે તૌરાત તથા ઈન્જીલવાળાઓથી લેવામાં આવ્યો છે કે ન તેઓ મુખાલફત (વિરોધ) કરશે, ન અરબ તથા અજમના કોઈ મુસ્લિમ વિરુદ્ધ કોઈ કાફિરને મદદ કરશે, ન મુસલમાનોના ખાસ સ્થળોની ગૈરોને જાણ કરશે. તૈમના પર તેના સંબંધે અલ્લાહનો વાયદો તથા તે મીષાક છે જે તેમણે તૌરાત તથા ઈન્જીલવાળાઓથી લીધો છે અને તે સૌથી સખ્ત વાયદો જે કોઈ નબી પર લેવામાં આવ્યો છે. જો આ વાયદા વિરુદ્ધ વર્તે તો તેમના માટે અમાન તથા જિમ્મો બાકી રહેશે નહીં, અને જો તેની કાળજી રાખે તો કોઈ કરારવાળાને જે હક્ક આપવામાં આવે છે તે તેમના માટે પણ હશે. અને અમારા જિમ્મે તેમની હિફાઝત છે જો અલ્લાહે અમને દુશ્મનો પર ફતહ આપી તો પણ એઓ આ કરાર પર રહેશે. તેમના માટે એના પર ખુદાનો વાયદો તથા મીષાક છે.

તેમના માટે મેં એ પણ રાખ્યું છે કે જે શખ્સ ઉમરવાળા થઈને કામથી લાચાર થઈ જાય અથવા જેના પર કોઈ અચાનક આફત આવી પડે અથવા મોહતાજ કે નાદાર થઈ જાય કે તેના મઝહબવાળા તેને ખૈરાત કરવા લાગે તો તેનો જિઝિયો રદ (માફ) કરી દેવામાં આવશે. અને જ્યાં સુધી તેઓ દારુલ ઈસ્લામમાં રહે તેની તથા તેના બાળબચ્ચાંઓનું ભરણપોષણ મુસલમાનોના બૈતુલ માલથી કરવામાં આવશે. જો તેઓ દારુલ હિજરત તથા દારુલ ઈસ્લામથી નીકળીને કોઈ અન્ય જગાએ ચાલ્યા જાય તો તેમનું ભરણપોષણ મુસલમાનોના જિમ્મે રહેશે નહીં. અને તેમનો જે ગુલામ પણ મુસલમાન થઈ જાય તેને મુસલમાનોના બજારમાં ઉભો કરીને કોઈ કમી તથા ઉતાવળ વિના વધુને વધુ કિંમત પર વેચવામાં આવશે અને તેની કિંમત ગુલામના માલિકને આપી દેવામાં આવશે.

અને તેઓ જે પણ પોશાક પહેરે છે તે પહેરી શકે છે પણ જંગી લિબાસની ઈજાઝત નથી, ન તો એ કે મુસલમાનોનો લિબાસ પહેરીને તેમના જેવા થઈ જાય. જો કોઈને જંગી લિબાસમાં જોવામાં આવ્યો તો એના વિશે તેની પૂછપરછ થશે, જો કોઈ યોગ્ય કારણ જણાવ્યું તો ઠીક, નહીં તો લિબાસના પ્રમાણે તેને સજા આપવામાં આવશે. તેમની સાથે મેં એ પણ શર્ત રાખી છે કે જે રકમ પર સુલહ થઈ છે તેને વસૂલ કરીને મુસલમાનોના બૈતુલ માલમાં જમા કરાવવું તેમના અમલદારોની જિમ્મેદારી છે, એના માટે જો મુસલમાનો પાસે મદદગાર માંગશે તો તેમને મદદગાર આપવામાં આવશે અને મદદગારોનો ખર્ચ મુસલમાનોના બતયુલ માલથી અદા થશે. *(કિતાબુલ ખિરાજ, ઈમામ અબૂ યૂસુફ, ૨૮૯, ૨૯૦ ટૂંકાવીને)*

આ સુલહનામાંઓથી સ્પષ્ટ જાહેર થાય છે કે ઝિમ્મીઓની જાન, માલ, પ્રાર્થનાલયોની રક્ષા તથા તેમના ધર્મ અને રસ્મોમાં રુકાવટ ન કરવાનો જિમ્મો લેવામાં આવતો. કોઈ પણ અન્ય કૌમના માટે એથી વિશેષ રક્ષાનું દષ્ટાંત શું હોઈ શકે ?

# ઈદના ચાંદ બાબતે સાવધાન !

કાર્યાલય

દર વરસની જેમ દેવબંદી ગૃપમાંથી કોઈક ન કોઈક ખૂણેથી રમઝાન ઈદનો ચાંદ જોયાની ગવાહી આપનાર ખડો થઈ જાય છે, તેમ ચાલુ સાલે સર્વ ગુજરાતમાં વાદળો હતાં છતાં વહાબી દેવબંદી ગૃપમાં ખાનુપર (તા. જંબુસર, જિ. ભરૂચ) ખાતેથી ગવાહો ઉભા થઈ ગયા. આશ્ચર્યનત્રી વાત છે કે એમના ગામવાળાઓને જ એ ગવાહો પર વિ□ાસ ન હતો, જેથી ત્યાંની મસ્જિદમાં તરાવીહ વગેરે પઢવામાં આવી ! પણ જંબુસર ખાતેના એમના મર્કઝ ખાતે એવા લોકોની ગવાહી સ્વીકારી તેના આધારે ઈદની જાહેરાત કરી દેવામાં આવી ! અને એના આધારે ભરૂચ જિલ્લાના અન્ય દેવબંદી દારુલ ઉલૂમોએ પણ ફોન પર સમાચાર મેળવીને પોત પોતાના વિસ્તારમાં ઈદની જાહેરાત કરી આપી. આવા સમયે કેટલાક નાસમજ સુન્ની ભાઈઓ મસ્અલો સમજ્યા વિના ઈદ કરવા તૈયાર થઈ જતા હોય છે તેમણે સમજવું જોઈએ કે મુસલમાનોને જાણી જોઈને ઉલઝનમાં નાખવા આ ધંધા થતા હોય છે. અને વળી તપાસ કરતાં એ પણ જાણવા મળ્યું કે અમુકે કહ્યું કે દિલ્હીથી રેડીયો, ટી.વી. પર જાહેરાત થઈ ગઈ જેથી એમણે પણ ઈદની જાહેરાત કરી આપી ! એ લોકોને ત્યાં શરીઅતના ક઼ાનૂનને મહત્વ નથી અપાતું પણ તેમના મર્ક઼ઝના આદેશને વિશેષ મહત્વ આપવામાં આવે છે. જો કે હવે એમની અવામ પણ આ ગરબડને સમજવા લાગી છે જેથી આ વરસે ઘણે ઠેકાણે એમણે પણ પૂરા ત્રીસાની ઈદ મનાવી. પણ એમના જે લોકોમાં રેડીયો કે ટી.વી. પર કોઈક મોલ્વીની જાહેરાત પર ઈદ મનાવવામાં આવી તેના સામે અમારા કેટલાક વાંધાઓ છે, જેથી થોડીક ચર્ચા કરી લઈએ.

હદીષમાં છે કે, "એકવાર ૨૯ રમઝાને નબવી યુગમાં શવ્વાલનો ચાંદ ન દેખાતાં સહાબાએ બીજા દિવસે રોઝો રાખી લીધો પછી બપોર બાદ કેટલાક સવારો હુઝૂર ﷺની પાસે આવ્યા. તેમણે જણાવ્યું કે અમે કાલે ચાંદ જોયો છે, અને એની ગવાહી આપી. ત્યારે રસૂલુલ્લાહ ﷺએ એ દિવસે રોઝો તોડવાનો હુકમ આપ્યો." *(તહાવી, પેજ-૧૮૮, ભાગ-૧, મિશ્કાત, પેજ-૧૨૮, ભાગ-૧, બહવાલા અબૂ દાઊદ તથા નિસાઈ, બહવાલા મક઼ાલાતે શારેહે બુખારી)*

મુસલમાનો વિચારો ! સહાબીથી વધારે કોણ સાચો હોઈ શકે ?! પણ ઈદના ચાંદની બાબતે હુઝૂર ﷺએ તેમની વાત પણ ગવાહી વિના સ્વીકારી નહીં. તો પછી આજે કોઈની પણ કેવળ ખબર કેમ કરીને સ્વીકારી લેવામાં આવે ?! જ્યાં સુધી કે તે ગવાહી ન આપે. તો પછી કેવળ રેડીયો, ટી.વી. પર જાહેરાત કરી દેવાથી કઈ રીતે ઈદ કરી શકાશે ?! ગવાહીના માટે બોલવું જરૂરી છે કે "હું ગવાહી આપુ છું" તથા ગવાહ રૂબરૂ હોવા જરૂરી છે. જો દુનિયાની કોર્ટ ગવાહો પ્રત્યક્ષ કોર્ટમાં હાજર રહે તો જ તેમની ગવાહી માને તો શરીઅતના મામલામાં ગવાહીના બદલે કોઈનું એલાન કે ફોન, ફેક્સ કરી દેવું ક્યાંથી માન્ય થશે ?!

બીજી એક હદીષમાં છે કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ના શાગિર્દ હઝરત કરીબ શાબાનમાં દમિશ્ક ગયા હતા ત્યાંથી રમઝાનમાં પાછા આવ્યા અને કહ્યું કે દમિશ્કમાં ૨૯ શાબાને ચાંદ દેખાયો અને તેના હિસાબે રોઝા ચાલે છે. આપે પૂછયું, તમે ચાંદ જોયો છે ? કહ્યું, અન્ય લોકોએ જોયો છે. તો આપે કહ્યું અમે ૨૯નો ચાંદ નથી જોયો જેથી એ હિસાબે રોઝા રાખીશું, એટલે સુધી કે જો ૨૯ રમઝાને ચાંદ નહીં જોઈએ તો ત્રીસ રોઝા પૂરા કરીશું. તો કરીબે કહ્યું કે, શું આપના માટે હઝરત અમીર મુઆવિયહ્‌નું જોવું અને રોઝા રાખવું પૂરતુ

વધુ પેજ નં. ૧૩ પર...

# રબના હુકમ પર કુર્બાન થવાની દાસ્તાન અને તેનો હુકમ

.....રજૂ. મૌલાના શાહજહાં કાદરી *(ખતીબો ઈમામ જામા મસ્જિદ–દયાદરા)*

ઈસ્લામ કાઈનાતનો સૌથી પવિત્ર, મનોહર, સર્વવ્યાપી તથા વિ□ ધર્મ છે એમાં જિંદગી તથા બંદગીના દરેક ચિંતન તથા અમલના માટે માગદર્શક નિયમો મૌજૂદ છે. ઈસ્લામનો એક વિશિષ્ટ ગુણ એ પણ છે કે તેનો દારોમદાર કેવળ કલ્પનાઓ પર નથી બલ્કે ઈસ્લામના પયબંરોની પવિત્ર જિંદગીઓ અમલીરૂપે મૌજૂદ છે. એ જ કારણે ઈસ્લામ પોતાના માનવાવાળાઓથી કુર્બાની તથા જાંનિષારીનો તકાઝો કરે છે અને મુસીબતો તથા તકલીફો પર સાબિર તથા શાકિર રહેવાનો હુકમ આપે છે. જ્યારે કે કુર્બાની પર વિચાર કરીએ તો તેનો ખયાલ સર્વ ધર્મોમાં કોઈ ન કોઈ સ્થિતિમાં જોવા મળે છે. જેનો પ્રારંભ દુનિયાની પેદાઈશથી જ છે કે હઝરત આદમ عليه السلامના બંને પુત્રો હાબિલ તથા કાબિલે ખુદાના હુઝૂરમાં કુર્બાની પેશ કરી તો હાબિલની કુર્બાની મકબૂલ થઈ અને કાબિલની મરદૂદ થઈ.

કાઈનાતના નબી صلى الله عليه وسلمના આગમનથી પહેલાં અરબસ્તાનમાં પણ કુર્બાનીનું અસ્તિત્વ હતું, કેમ કે આપના દાદા હઝરત અબ્દુલ મુત્તલિબે એવી નઝર (મન્નત) માની હતી કે જો મારા દસ પુત્રો થશે તો એક પુત્રની કુર્બાની કરીશ. પરિણામે કુર્બાનીના ડ્રોમાં આપના વાલિદ બુઝુર્ગવાર હઝરત અબ્દુલ્લાહનું નામ નીકળ્યું. જેને બાદમાં આપે તે સમયના કાહિનના મશ્વરા પર અમલ કરીને સો ઊંટની કુર્બાનીમાં પોતાની મન્નત ફેરવી કાઢી.

પરંતુ શરીઅતે મુહમ્મદિયહ્‌માં જે કુર્બાનીને ખાસ મહત્વ પ્રાપ્ય છે તે હઝરત ઈબ્રાહીમ તથા હઝરત ઈસ્માઈલ عَلَيْهِمَا الصَّلٰوةُ وَالسَّلَامُની યાદગાર છે અને મુસીબતો પર સબ્ર તથા આજમાઈશો પર અડગ રહેવું અંબિયા તથા સાલેહીનનો જ તરીકો છે. એ જ કારણે જાંનિષારી પર સબ્ર તથા રઝાએ ઈલાહી પર સંયમ રાખનારા હઝરત ઈબ્રાહીમ અને તેમના પુત્રની તકલીફ તથા આજમાઈશ પર કાંઈ ન લખીએ તો તેમની દાસ્તાન અધૂરી રહી જશે.

દુનિયાની મશ્હૂર સંસ્કૃતિ તથા સભ્યતા ખાસ કરીને ઈસ્લામી સંસ્કૃતિથી દિલચસ્પી ધરાવનાર માણસ સારી રીતે જાણે છે જેમ કે રિવાયતોમાં આવે છે કે હઝરત ઈબ્રાહીમ عليه السلامને અલ્લાહ તઆલાએ પોતાના ખલીલ હોવાનો શરફ બખ્શ્યો. આ કોઈ મામૂલી સન્માન ન હતું, બલ્કે તેના માટે આપે ત્રણ મહાન કસૌટીઓ પાર પાડી. કેમ કે ખલીલ તે હોય છે જેના દિલમાં મહબૂબના સિવાય કોઈ અન્ય ચીજ આવી જ ન શકે. ફરિશ્તાઓએ અર્ઝ કરી, મૌલા ! હઝરત ઈબ્રાહીમ عليه السلام ખલીલ કઈ રીતે થયા ? તો ખુદાએ ફર્માવ્યું, તે ખરેખર ખલીલ છે, તેઓ મારી રઝા પર પોતાનું સર્વસ્વ કુર્બાન કરવાનો જઝબો જ નથી ધરાવતા બલ્કે એના પર અમલ પણ કરે છે. જેમ કે આપની જિંદગીની પ્રથમ કસૌટી તો એ છે કે નમરૂદની ભડકતી આગમાં છલાંગ લગાડી દીધી અને ખુદાની કુદરતથી આગ ઠંડી થઈ ગઈ. બીજી ઈમ્તેહાન એ થઈ કે પતિ તથા પત્નીને અનાજ પાણી વિનાના ઉજ્જડ રણમાં છોડીને અમલી નમૂનો

પેશ કરી ચૂક્યા. ત્રીજી કસૌટી હઝરત ઈબ્રાહીમ علیہ السلام ઘણા જ માલદાર હતા. ખુદા તઆલાનો કુર્બ પ્રાપ્ત કરવાના માટે એક હજાર બકરી, ત્રણસો ગાય અને એકસો ઊંટ ઝબહ કર્યા જેને જોઈને તમામ મખ્લૂક તથા ફરિશ્તા ઘણા જ આશ્ચર્ય પામ્યા. હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ ફર્માવ્યું કે અલ્લાહની આપેલી રોજીમાંથી મેં જે તેના માર્ગમાં કુર્બાની રૂપે પેશ કર્યું છે તે ઘણુ જ મામૂલી છે, જો મારો કોઈ પુત્ર હોત તો તેને પણ અલ્લાહની રાહમાં કુર્બાન કરી આપત.

જ્યારે હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ પોતાના પરવરદિગારથી દુઆ કરી, જેમ કે કુર્આને પાકમાં છે : رَبِّ هَبْ لِي مِنَ الصّٰلِحِيْنَ "ઈલાહી! મને યોગ્ય ઔલાદ આપ." *(પારા–૨૩, સૂ. સાફ્ફાત, આ. ૧૦૦)* તો જવાબ મળ્યો : فَبَشَّرْنٰهُ بِغُلٰمٍ حَلِيْمٍ "તો અમે તેને ખુશખબરી સંભળાવી એક બુદ્ધિશાળી પુત્રની." *(પારા–૨૩, સૂ. સાફ્ફાત, આ. ૧૦૧)* આ આયતથી ત્રણ મુદ્દા જાહેર થાય છે : **(૧)** પેદા થનાર નર થશે **(૨)** પેદાઈશ પછી સમજબુઝની મંઝિલે પણ પહોંચશે **(૩)** શાણો તથા સહનશીલ પણ હશે. એનાથી વધીને સહનશક્તિ શું હોઈ શકે છે કે જ્યારે આપની ઉંમર ૧૩ વરસની થઈ અને આ ઉંમર સામાન્ય જિંદગીમાં જો જોવામાં આવે તો સમજની કાંઈક નિકટ હોય છે અને આ ઉંમરનું બાળક સારું નરસુ, મૌત તથા જિંદગીના ભાવાર્થને સમજવાની શક્તિ ધરાવે છે અને કુર્બાનીના ખયાલથી પણ વાકેફ હોય છે તે સારી રીતે જાણે છે કે કુર્બાનીમાં ગળા પર છરી ચાલે છે અને ધડ તથા માથુ અલગ થાય છે. અને આ રીતે કુર્બાનીનો ખયાલ જ્યારે માણસના દિમાગ પર હોય છે તો યકીનન! તેની રૂહ કાંપી ઉઠે છે અને જો કોઈ બાળકથી ગંભીરતાપૂર્વક કુર્બાનીનો સવાલ કરવામાં આવે તો તે યકીનન! સ્વભાવિકપણે ગભરાઈ જશે, તેનો રંગ પીળો પડી જશે, હોઠો સુકાઈ જશે અને બોલવું મુશ્કેલ થઈ જશે. પણ એ મકામે નબુવ્વત જ છે કે હઝરત ઈસ્માઈલ علیہ السلامમાં ન તો બેચેની આવી અને ન કોઈ બેકરારીની કૈફિયત હતી.

કુર્બાનીનું દશ્ય કાંઈક આ પ્રમાણે છે કે જ્યારે અલ્લાહ તઆલાએ હઝરત ઈબ્રાહીમ علیہ السلامની તમન્ના પૂર્ણ કરી અને આરઝૂ પૂર્ણ કરવાનો નિર્દેશ આ પ્રમાણે આપ્યો કે રાતના સમયે એક ખ્વાબ દેખાડયો જે તરવિયહ્‌ની રાત હતી જેમાં કહેવામાં આવ્યું કે તમે તમારી નઝર પૂર્ણ કરો. આ ખ્વાબના બારામાં આપ વિચારવા લાગ્યા કે શું આ ખ્વાબ શયતાની છે કે રહમાની છે ? એને યૌમે તરવિયહ્‌ કહે છે એટલે શકનો દિવસ. એ ઝીલ હજ્જની આઠમી તારીખ હતી. એ જ પરેશાનીના આલમમાં જ્યારે બીજી રાત્રે સૂતા તો ખ્વાબમાં એ જ પયગામ આવ્યો કે તમારી અતિ પ્રિય ચીજ કુર્બાની માટે રજૂ કરો. જ્યારે આપ સવારે ઉઠયા તો આપને યકીન થઈ ગયું કે ખ્વાબ રહમાની છે. એ ઝીલ હજ્જની નવમી તારીખ હતી એટલા માટે એને યૌમે અરફા કહે છે એટલે ઓળખ તથા યકીનનો દિવસ. અત્યાર સુધી સ્પષ્ટ ન હતું કે કઈ ચીજની કુર્બાની રજૂ કરે. ત્રીજી રાતે આપે ખ્વાબ જોયો કે આપ આપના જિગરના ટુકડા ઈસ્માઈલ علیہ السلامને ઝબહ કરી રહ્યા છે, ત્યારે આપને સંપૂર્ણ યકીન થઈ ગયું કે ખ્વાબ અલ્લાહ તરફથી જ છે અને ફરઝંદની કુર્બાની કરવાનો હુકમ છે. એટલા માટે આપ ફર્માને ઈલાહીના મુજબ કુર્બાની માટે તૈયાર થઈ ગયા અને એ ખયાલ કર્યો કે જો એક ચીજની કુર્બાનીથી મૌલા રાજી થઈ જાય તો એ સોદો ઘણો સસ્તો છે. એટલા માટે આપ તુરત આપના પત્ની હઝરત હાજરા رضی اللہ عنہاની પાસે ગયા અને કહ્યું કે, આપણા પુત્રને સારી રીતે ગુસ્લ કરાવો, ખૂબસૂરત લિબાસ પહેરાવો, વાળોમાં કાંસકી કરો અને આંખોમાં કાજલ લગાડો, તેમને ઝિયાફતમાં લઈ જવા ચાહુ છું. આપે તરત જ હુકમનું પાલન કર્યું અને તેમને

સજાવી શણગારીને આપના હવાલે કરી આપ્યા. હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ છરી તથા રસ્સી પણ લઈ લીધી. બંનેવ અલ્લાહના હુકમના પાલન માટે સવારમાં જ ઘરેથી મિના તરફ રવાના થઈ ગયા. પુત્ર પોતાનુ હુસ્ન પોતાની ઉમ્મીદોની દુનિયા કુર્બાન કરવાના માટે ખુશી ખુશી જઈ રહ્યો છે અને બાપ પોતાની સો વરસોની દુઆના રંગીન ફળ પોતાના જિગરના ટુકડાને કુર્બાન કરવા જઈ રહ્યો છે, અને બંનેવ ખૂબ જ ખુશ છે. મિના પહોંચ્યા બાદ સર્વ હકીકત બાળકને જણાવી દીધી.

જેમ કે ફર્માને ઈલાહી છે :–

قَالَ يٰبُنَىَّ اِنِّىٓ اَرٰى فِى الْمَنَامِ اَنِّىٓ اَذْبَحُكَ فَانْظُرْ مَاذَا تَرٰى ؕ (પારા–૨૩, સૂ. સાફ્ફાત, આ. ૧૦૨)

"કહ્યું, હે મારા પુત્ર ! મેં ખ્વાબ જોયો છે કે હું તને ઝબહ કરું છું. હવે તું જણાવ કે તારી શું રાય છે."

તો ખુશીપૂર્વક કબૂલ કરતાં અને સંપૂર્ણપણે સબ્ર તથા રઝાના પયકર બનીને ખુશીભેર કબૂલ કરતાં ફર્માવે છે :–

قَالَ يٰٓاَبَتِ افْعَلْ مَا تُؤْمَرُ سَتَجِدُنِىٓ اِنْ شَآءَ اللّٰهُ مِنَ الصّٰبِرِيْنَ (પારા–૨૩, સૂ. સાફ્ફાત, આ. ૧૦૨)

"હે મારા પિતા ! કરો જે વાતનો તમને હુકમ થાય છે, ખુદાએ ચાહ્યું તો નિકટ છે કે તમે મને સાબિર પામશો." શબ્દોનો અંદાઝ નફ્સના સુકૂનની ભાળ આપે છે. એટલે કે નફ્સ સંતુષ્ઠ છે અને ઈરાદો મજબૂત છે. હઝરત ઈબ્રાહીમ علیہ السلام હઝરત ઈસ્માઈલ علیہ السلامનો મશ્વરો લઈ રહ્યા ન હતા, બલ્કે પોતાના જિગરના ટુકડાની ઈમ્તેહાનનો હેતુ હતો કે જે બાળક ખલીલની ગોદમાં ઉછેર પામ્યો અને હાજરાનું દૂધ પીધું છે તેનો શો ખયાલ છે, જેથી એ ઈમ્તેહાનના સવાબમાં સમાનપણે શરીક થાય અને રઝાએ ઈલાહીનો તાજ બંનેના માથાંઓ પર જગમગે, અને બંને ઈજ્જત તથા બુઝુર્ગીથી નસીબવંત બને.

**યહ ફય્ઝાને નઝર થા યા કે મક્તબ કી કરામત થી**
**સિખાએ કિસને ઈસ્માઈલ કો આદાબે ફરઝંદી**

જ્યારે પિતા પુત્ર એકાંતમાં એ સ્થળે પહોંચ્યા જ્યાં કુર્બાની થવાની હતી અને ઝબહ કરવાની સર્વ તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ તો પુત્રએ પિતાને અર્ઝ કરી, અબ્બાજાન ! મારા હાથ પગો રસ્સી વડે બાંધી દો કે ક્યાંક બેખબરીમાં એને હલાવું અને આપના પર લોહીના છાંટા પડી જાય. તેમજ મારું મોઢું જમીનની તરફ કરી આપો જેથી મોઢું જોઈને તમને દયા ન આવી જાય, કેમ કે હઝરત ઈસ્માઈલ પિતાની લાગણીથી વાકેફ હતા કે પિતા પુત્રની તકલીફ જોઈને બેચેન થઈ જાય છે. અને ઉત્સાહ આપનો એટલા પ્રમાણમાં બુલંદ હતો કે આપના ચહેરા પર કોઈ પરેશાનીના હાવભાવ ન હતા, અને શરીર તદન શાંત હતું. આ મકામે નબુવ્વત જ તો છે જે અલ્લાહના હુકમ તથા મઅબૂદની રઝાના માટે નફ્સે મુત્મઈનની સાથે કુર્બાનગાહ પર આડો પડયો. આ તરફ હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ તેજ છરી ગળા પર રાખીને ઝડપભેર ફેરવવાની શરૂ કરી દીધી તો આલમે બાલામાં ધ્રુજારી છવાઈ ગઈ અને જમીન તથા આસ્માનની દુનિયા એકીટશે આશ્ચર્યમાં ગરકાવ થઈ જોઈ રહી છે. આ તરફ અલ્લાહની બારગાહથી અવાજ આવે છે : "બેશક ! તેં ખ્વાબ સાચો કરી દેખાડયો, અમે આવો જ બદલો આપીએ છીએ નેક લોકોને." તારી પરીક્ષા થઈ ગઈ અને તું પરીક્ષામાં કામયાબ થઈ ગયો. અને અલ્લાહ તઆલાએ આ મહાન જાંનિષારી જોઈને ઈસ્માઈલને બદલે એક ઘેટું રાખી દીધું અને પછી તે ઘેટાની કુર્બાની થઈ ગઈ. અને હઝરત ઈસ્માઈલ એક બાજુ ઉભા ઉભા હસતા જણાઈ રહ્યા છે. ખુદાની બારગાહમાં આ અદા એટલી પસંદ આવી કે કિયામત સુધીના માટે દરેક માલિકે નિસાબ પર કુર્બાની કરવાનું વાજિબ ઠરાવી દેવામાં આવ્યું.

# કુર્બાનીના દીની દુનિયાવી ફાયદા

રજૂકર્તા : મૌલાના ઈમરાન દાઊદ ઝંઘારવી
(મુતઅલ્લિમ, દારુલ ઉલૂમ ગૌષિયા–મુંબઈ)

અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَના હુકમોમાં, નબીઓના આદેશો તથા સુન્નતોમાં અગણિત દીની દુનિયાવી ફાયદાઓ તથા પુષ્કળ હિકમતો છુપાયેલી છે. એ જ પ્રમાણે ઈદુલ અદહ્‌ાના દિવસોમાં જાનવરની કુર્બાનીમાં પણ અસંખ્ય ફાયદા તથા હિકમતો છુપાયેલી છે. આવો ! સંક્ષિપ્તમાં એનો અભ્યાસ કરી લઈએ :–

## કુર્બાની કંજૂસીનો ઈલાજ

કુર્બાની માટે ઉમદા જાનવર ખરીદવા પાછળ વધુ માલ ખર્ચ કરવો પડે છે તથા તેના હક્કદારો પર ગોશ્ત વહેંચવો પડે છે, ચામડું ખુદાની રાહમાં ખર્ચ કરવું પડે છે, જેનાથી કંજૂસીનો સારો ઈલાજ થાય છે. માણસ સમાજમાં પ્રતિષ્ઠાની નજરે જોવાય છે. યાદ રાખશો કે માલને સાચા અર્થમાં ખર્ચ કરવાથી માણસની તબિયતથી કંજૂસી જેવી બુરી ટેવ દૂર થાય છે. કંજૂસી માણસને જુલ્મ, હક્ક તલ્ફી, વાલિદૈનની નાફર્માની, નીડરતા વગેરે જેવા માનવતા વિરુધ્ધ ગુણો તરફ લઈ જાય છે. બલ્કે કેટલીકવાર તબાહીના કિનારે પહોંચાડી દે છે. કંજૂસને પોતે તેની જાત ઉપર રહમ આવે છે ન કે બીજાઓ ઉપર, જ્યારે કંજૂસના આ નાપાક ગુણો બીજાઓ જુએ છે તો તેઓ તેને બેઈજ્જતીની નજરે જુએ છે અને તેનો સમાજમાં કોઈપણ પ્રકારનો આદર રાખતા નથી, તે દુનિયામાં પણ રૂસ્વા થાય છે અને આખેરતમાં પણ તે અલ્લાહની રહમતથી દૂર, જન્નતથી દૂર અને જહન્નમથી નજીક થાય છે. અલ્લાહ તઆલાને તેની જિંદગી પસંદ નથી માટે કુર્બાની તેનો બેહતરીન ઈલાજ છે.

## કુર્બાની નફરતનો ઈલાજ

કુર્બાનીથી ઘરેલુ, રાષ્ટ્રીય અને સામાજિક હમદર્દી પ્રાપ્ત થાય છે જે સંસ્કારિક જિંદગી માટે જરૂરી છે, કારણ કે સુન્નત પ્રમાણે ગોશ્ત ત્રણ જગ્યાએ વહેંચવો પડે છે : ઘરવાળાઓ માટે, દોસ્ત તથા રિશ્તેદારો માટે, ગરીબો ફકીરો અને મિસ્કીનો માટે. ગોશ્ત મેળવવાવાળા તેના માટે સમૃદ્ધિ તથા ખુશહાલીની દુઆ કરે છે તેમજ મહોબ્બત તથા ભાઈચારગીમાં વધારો થાય છે.

## કુર્બાની કૌમી નિઝામને મજબૂત કરે છે

હદીષે પાકમાં છે કે આપસમાં ભેટ તથા તોહફાની આપ લે કરો, જેથી તમારામાં ભાઈચારગી વધે. આપસી મહોબ્બતથી રાષ્ટ્રીય નિઝામ મજબૂત થાય છે જે કૌમમાં પરસ્પર મહોબ્બત તથા પ્રેમ ન હોય તે ઈજ્જતની જિંદગી ગુજારી શકતી નથી, ન તેનો નિઝામ મુકમ્મલ થાય છે. આથી ઈસ્લામે કુર્બાની દ્વારા આપસમાં મહોબ્બત, હમદર્દી અને રાષ્ટ્રીય નિઝામનો બેહતરીન બોધપાઠ અર્પણ કર્યો છે.

## કુર્બાનીથી થતા આર્થિક લાભ

કુર્બાનીમાં ઉમદા જાનવર જરૂરી છે. જાનવરોના વેપારથી એક વર્ગને ફાયદો થાય છે. કુર્બાની માટે લોકો ખુશી ખુશી ઊંચી કિંમતે સારાં જાનવરો ખરીદે છે, કુર્બાનીનું ચામડું જ્યારે કોઈ ફકીર વર્ગને મળે છે તો તેની આર્થિક સ્થિતિ મજબૂત થાય છે. યાદ રાખો, દીન તથા દુનિયાવી દરેક પ્રકારની સમૃદ્ધિ

માલ દ્વારા થાય છે. જેહાદ, મસ્જિદો, મદ્રસાઓનું બાંધકામ, યતીમો, ફકીરો તથા મિસ્કીનોની ખબરગીરી માલ પર આધારિત છે, આથી ઈસ્લામે કુર્બાની દ્વારા કૌમી બંધારણને આર્થિક રીતે મજબૂત કરવાનો દર્સ આપ્યો છે.

## કુર્બાનીના રાજનીતિમય ફાયદા

ઈસ્લામે પોતાની કુર્બાનીને જાતે જ ઝબહ કરવું અફઝલ બતાવ્યું છે અને જો પોતાના હાથો વડે ઝબહ ન કરી શકે તો તેની પાસે હાજર રહે તથા પોતાની ઔલાદને પણ સાથે ઉભી રાખે જેથી દરેક માણસનું દિલ મજબૂત રહે, લોહી જોઈને ગભરાહટ ન કરે. અને જે રીતે આ જાનવર કુર્બાન કર્યું છે તેમ પોતાની જાનને પણ કુર્બાન કરવા તૈયાર રાખે. યાદ રાખો ! રાષ્ટ્રીય જિંદગી માટે બહાદુરી તથા મર્દાનગીની સખ્ત જરૂરત પડે છે જેથી દરેક રીતે દુશ્મનોનો મુકાબલો કરી શકાય. બુઝદિલ લોકોને દુનિયામાં ઈજ્જત સાથે રહેવાનો કોઈ હક્ક નથી, ઝિલ્લતની જિંદગીથી મૌત બેહતર છે. સામાન્યપણે જોવામાં પણ આવે છે કે ગોશતની તિજારત કરવાવાળી કૌમ હમેશાં લડાઈ ઝઘડાઓમાં બધાથી આગળ જોવા મળે છે, આથી ઈસ્લામે પોતાના અનુયાયીઓને કુર્બાની દ્વારા મુજાહિદાના જઝબાને સલામત રાખવાની પ્રેક્ટિસનો સબક આપ્યો છે તથા પોતાના અનુયાયીઓને સિપાહીયાના જિંદગી ગુજારવાની તા'લીમ આપી છે.

## કુર્બાનીનો દીની ફાયદો

સરકાર ﷺ એ હઝરત બીબી ફાતેમા رضی اللہ عنہاથી ફર્માવ્યું કે, **"હે ફાતેમા ! પોતાની કુર્બાની પાસે હાજર રહો, કારણ કે લોહીનું ટીપુ જમીન પર પડતાં જ તારા ગુનાહ બખ્શી દેવામાં આવે."** જે ઘરમાં કુર્બાની કરવામાં આવે છે તે ઘર કુર્બાની કરવાવાળા પર દુઆ કરે છે. જાનવરના નાના નાના વાળના બદલામાં મોટી નેકીઓ મળે છે, કુર્બાનીના દિવસોમાં અલ્લાહને ત્યાં લોહી વહાવવાથી વધુ કોઈ અમલ પસંદ નથી. કુર્બાનીનું લોહી જમીન પર પડતાં પહેલાં અલ્લાહની બારગાહમાં પહોંચી જાય છે. કુર્બાનીનું જાનવર પુલસિરાત પર સવારીનું કામ કરશે.

અલ્લાહ તઆલા દરેકને ઈસ્લામના આ ફરીઝા પર સાચા દિલથી અમલ કરવાની તૌફીક આપી તેનાથી થતા દીની, દુનિયવી લાભોથી માલામાલ કરે. *(આમીન)*

ફાયદો

## શું ગૈર મુસ્લિમ મહિલાઓ પર કોઈ જુલ્મ નથી થતા ?!

ગુજરાતી વર્તમાનપત્રો પણ ઈસ્લામ તથા મુસ્લિમો પ્રતિના પૂર્વગ્રહથી ખૂબ જ પીડાઈ રહ્યાં છે. આશ્ચર્યની વાત છે કે કોઈપણ વાતને આધાર બનાવી મુસ્લિમોને વિના વાંકે આડે હાથ લેવા એ અખ્બારોનો જાણે નિયમ બની ગયો ! તા. ૧/૧૧/૦૬નું સંદેશ દૈનિક લખે છે કે : "ગત સપ્તાહથી અમલમાં આવેલા 'મહિલા સંરક્ષણ કાયદા'ના માટે નિષ્ણાતો માને છે કે આ કાયદો મુસ્લિમ મહિલાઓ માટે વરદાનરૂપ નિવડશે. મુસ્લિમોમાં મહિલાઓ બાબતે ચુસ્ત નીતિ નિયમો અમલમાં છે અને બુરખાની પ્રથા પણ છે. તેણીઓ અનેકવાર ઘરેલું હિંસાનો ભોગ બને છે... વગેરે." *(સંદેશ, તા. ૧/૧૧/૨૦૦૬)*

જો ન્યાય પ્રિય લોકો વર્તમાન પત્રોનો રોજ સરવે કરે તો જાણવા મળશે **રોજ સરેરાશ ચાર પાંચ સ્ત્રીઓના આપઘાતના, સાસરીવાળાના ત્રાસથી સળગી જવાના કે સળગાવી દેવાના બનાવો જોવા મળશે તો એ મોટા ભાગે ગૈર મુસ્લિમ જ હોય છે. તો શું આ ગૈર મુસ્લિમ સ્ત્રીઓ પર મુસલમાનો જુલ્મ કરવા આવે છે !** શું આ કાયદો ગૈર મુસ્લિમ મહિલાઓ માટે વરદાનરૂપ નહીં સાબિત થાય ?! પૂર્વગ્રહની તથા આડેધડ હાંકે જવાની કોઈ હદ હોય છે ! પણ હાલના આ વર્તમાન પત્રોમાં કોઈ નીતિમર્યાદા છે જ નથી !

# U.K., U.S.A. વગેરેમાં રહેનાર કુર્બાની ઈન્ડિયામાં કરાવે તો....?

અઝ : મોહક્કિકે મસાઈલે જદીદા હઝરત અલ્લામા મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી *(સદર મુફ્તી : અલજામિઅતુલ અશરફિયહ્–મુબારકપુર, જિ. આઝમગઢ, યુ.પી.)*

કાર્યાલય

**સવાલ : (૧)** ઈદે અદહાના દિવસોમાં ઈંગ્લેન્ડ, અમેરિકા, કેનેડા, સઊદી વગેરે દેશોમાં રહેતા લોકો પોતાની કુર્બાની ઈન્ડિયામાં કરાવે છે. સમયના તફાવતને કારણે એવું બને છે કે ત્યાં હજી રાત હોય છે જ્યારે અહીં દિવસ થઈ ગયો છે. તો ત્યાં તેમના દેશમાં સુબ્હ સાદિક થતા પહેલાં તેમની કુર્બાની અહીં ઈન્ડિયામાં થઈ શકે કે નહીં ? તેમજ ક્યારેક ઈદ ત્યાં આગલા દિવસે થઈ જાય છે તો એવા આગળ પાછળ દિવસોમાં ઈદ થાય તેવા સંજોગોમાં શો હુકમ છે ?!

**(૨)** જો વિદેશથી કુર્બાની કરાવનાર માટે તેમના દેશમાં પણ કુર્બાનીનો સમય હોવો જરૂરી જ હોય તો.... કેટલાક ફતાવા રઝવિય્યહ તથા બહારે શરીઅતના અમુક લખાણનો હવાલો આપી જણાવે છે કે, "કુર્બાની ઈન્ડિયાના સમય પ્રમાણે અહીં કરે તો પણ થઈ જશે." તો એનો ખુલાસો શું છે ? તે વિગતવાર સમજાવવા વિનંતિ છે. [(દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ–થામ, જિ. ભરૂચથી કરેલ પ્રશ્ન ટૂંકાવીને રજૂ કર્યો છે.) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*]

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**અલ્જવાબ :** કુર્બાની વાજિબ થવાનો સબબ "સમય" છે, એટલે ઐયામુન્નહર : દસમી, અગ્યારમી તથા બારમી ઝીલ હજ્જ. આ સમય દસમી ઝીલ હજ્જના રોજ સુબ્હ સાદિક શરૂ થવાના સમયથી શરૂ થાય છે અને બારમી ઝીલ હજ્જના રોજ સૂર્યનો પ્રથમ કિનારો ડૂબવાની સાથે ખત્મ થઈ જાય છે.

એ સમય શરૂ થતાં જ "માલિકે નિસાબ" પર કુર્બાની "વાજિબ" થઈ જાય છે અને જ્યાં સુધી એ સમય ન આવે ત્યાં સુધી માલિકે નિસાબ પર પણ કુર્બાની વાજિબ નથી થતી. કેમ કે કોઈ ચીજના વાજિબ થવામાં ચાવીરૂપ રોલ ચીજના સબબનો રહેતો હોય છે. જેવી રીતે નમાઝ વાજિબ થવાનો સબબ છે "નમાઝનો સમય." જ્યારે એ સમય આવી જાય છે તો બાલિગ પર નમાઝ વાજિબ થઈ જાય છે અને જ્યાં સુધી એ સમય નથી આવતો ત્યાં સુધી નમાઝ વાજિબ નથી થતી, જેથી જો કોઈ શખ્સ ઝોહરના સમયથી પહેલાં ઝોહરની નમાઝ પઢી લે, અથવા ફજ્ર, અસ્ર, મગરિબ, ઈશામાંથી કોઈ પણ નમાઝ તેનો સમય આવતાં પહેલાં પઢી લે તો તેની નમાઝ થશે નહીં. એ જ પ્રમાણે કુર્બાનીનો સમય આવતાં પહેલાં જો કોઈ પોતાના તરફથી અથવા બીજાના તરફથી કુર્બાની કરી આપે તો કુર્બાની પણ સહીહ થશે નહીં. દુર્રે મુખ્તારમાં છે :–

(وسببها الوقت) وهو أيام النحر وقيل الرأس، وقد مه في التاترخانية *(હાશિયા રદ્દુલ મુહતાર, ૧/૪૫૩)*

(و سببها الوقت) "سبب الحكم" ماترتب عليه الحكم ممالايدرك العقل تأثيره ولا يكون بصنع المكلف كالوقت للصلاة۔ والفرق بينه وبين العلّة و الشرط مذكور فى حا شيتنا [نسمات الاسحار على شرح المنار] للشارح۔ وذكرفى النها ية أن سبب وجوب الا ضحية وصف القدرة فيها بانها ممكنة أوميسرة لم يذكرلا فى اصول الفقه ولا فى فروعه، ثم حقق أن السبب هوالوقت، لأنّ السبب انما يعرف بنسبة الحكم اليه وتعلقه به، اذ الاصل فى اضافة الشئ، الى الشئ أن يكون سببا، وكذا اذا لازمه فتكرر بتكرره وقد تكرر وجوب الاضحيه بتكرر الوقت و هو ظاهر وجد الاضافة فأنه يقال يوم الاضحى كما يقال يوم الجمعة اوالعيد وأنكان الأصل اضافة الحكم الى سببه كصلاة الظهر، لكن قد يعكس كيوم الجمعة۔ والدليل على سببية الوقت امتناع التقديم عليه كامتناع تقديم الصلاة، وانما لم تجب على الفقير لفقد الشرط و هو الغنىٰ وأن وجد السبب ۔۔۔۔۔۔ اه

(રદુલ મુહતાર, ભાગ–૯, પેજ–૪૫૩, કિતાબુલ અઝહિયહ્)

આ લખાણોથી જાણવા મળ્યું કે :–

**(अ)** કુર્બાનીનો સમય ઝીલ હજ્જની દસમી, અગ્યારમી, બારમી તારીખ છે.

**(ब)** એ જ સમય કુર્બાની વાજિબ હોવાનો સબબ છે જેવી રીતે નમાઝનો સમય નમાઝ વાજિબ થવાનો સબબ છે.

**(क)** એ સમય શરૂ થતાં પહેલાં કુર્બાની સહીહ ન થશે જેવી રીતે નમાઝના સમયથી પહેલાં તે સમયની નમાઝ સહીહ થશે નહીં. અને સમય ગુજરી ગયા પછી કુર્બાની ફૌત થઈ જશે, જેવી રીતે સમય પસાર થઈ જવાથી નમાઝ ફૌત થઈ જાય છે.

ફતાવા હિંદિયામાં છે :–

ولو لم يضح حتى مضت ايام النحر فقد فاته الذبح، فأن كان من لم يضح غنيا ولم يوجب علىٰ نفسهٖ شاة بعينها تصدق بقيمةِ شاةٍ، اشترى اولم يشتر، كذافى العتابيه اھ ملخّصًا

*(પેજ–૨૯૬, ભાગ–૫, ચોથુ પ્રકરણ સમય તથા સ્થળ વિશે)*

તેમજ એ જ હિંદિયામાં છે :–

وقت الأضحيه ثلثة ايام، العا شر والحادى عشر و الثانى عشر، ويجوز فى نهارها وليلها بعد طلوع الفجر من يوم النحر الى غروب الشمس من اليوم الثانى عشر۔ لو وقع فى غير وقته لا يخرج عن العهدة الا بذلك كذا فى محيط السرخسى۔۔۔ اھ

*(પેજ–૨૯૫, ભાગ–૫, પ્રકરણ–૩, કુર્બાનીના સમય વિશે)*

સારાંશ કે **જે જ્યાં રહે છે તેના પર કુર્બાનીનો હુકમ ત્યાંના લેહાઝથી થશે. જેથી સઊદિયા, બ્રિટન, કેનેડા, અમેરિકામાં રહેનારાઓ પર કુર્બાની તે સમયે વાજિબ થશે** જ્યારે ત્યાંના હિસાબથી કુર્બાનીનો સમય પામવામાં આવે અને તે સમય સુધી સહીહ થશે જ્યાં સુધી ત્યાં કુર્બાનીનો સમય બાકી છે. હવે જો બ્રિટનમાં રહેનાર કોઈ વ્યક્તિની તરફથી તેના કોઈ મામૂરે (જેને કુર્બાની કરવાનું કહેવામાં આવ્યું તેણે) હિંદુસ્તાનમાં એવા સમયમાં કુર્બાની કરી જ્યારે ત્યાંના હિસાબથી કુર્બાનીનો સમય ખત્મ થઈ ચૂક્યો હતો તો તેના તરફથી એ કુર્બાની સહીહ ન થઈ. અને જો હિંદુસ્તાનમાં રહેનાર કોઈ શખ્સની તરફથી તેના મામૂરે બ્રિટનમાં એવા સમયમાં કુર્બાની કરી જ્યારે અહીં કુર્બાનીનો સમય શરૂ જ ન થયો હતો તો એ કુર્બાની પણ સહીહ ન થશે. કેમ કે પ્રથમ સ્થિતિમાં કુર્બાનીનો સમય આમિર (કહેનાર)ના માટે ફૌત થઈ ચક્યો હતો અને બીજી સ્થિતિમાં હજી આવ્યો જ ન હતો.

એનો સાર એ નીકળ્યો કે આમિર તથા મામૂર જ્યારે એવાં બે શહેરો અથવા બે દેશોમાં રહેતા હોય જેમના સમયોમાં વધારે તફાવત હોય તો આમિરની તરફથી કુર્બાની સહીહ થવાના માટે એ જરૂરી છે કે બંને જગાએ કુર્બાનીનો સમય એક સાથે હોય. એટલે જ્યારે આમિરના તરફથી કુર્બાની કરવામાં આવે તો આમિર તથા મામૂર બંનેને ત્યાં કુર્બાનીનો સમય મૌજૂદ હોય. અને જો એક જગાએ હોય બીજીએ ન હોય તો કુર્બાની સહીહ થશે નહીં.

કાનૂની દષ્ટિબિંદુ હેઠળ જોવામાં આવે તો એનો સબબ એ છે કે કુર્બાનીનો સમય તેના વાજિબ થવાના માટે સબબ છે અને અદાના માટે શર્ત છે. અને ખૂદ કુર્બાનીના માટે ઝર્ફ છે, જેથી જ્યારે એ સમય મૌજૂદ હશે ત્યારે કુર્બાની વાજિબ થશે અને ખાસ એ સ્થિતિમાં તેને અદા કરવું સહીહ થશે, જેમ કે નૂરુલ અન્વારના નીચે પ્રમાણેના લખાણથી જાહેર થાય છે :–

ألثانی امرٌ مقید بالوقت، وهوا ربعة انواع۔ لانه اما ان یکون الوقت ظرفا للمود ی وشرطاللاداء وسبباللوجوب۔۔۔۔ اھ

*(પેજ–૫૬, ચર્ચા અમરના બે પ્રકાર વિશે)*

જ્યારે કુર્બાનીનો સમય અદાના માટે શર્ત છે તો જ્યાં કુર્બાની થઈ રહી છે ત્યાં તે સમયનું મૌજૂદ હોવું જરૂરી છે જેમ કે એ સૌને સ્વીકાર્ય છે. દુર્રે મુખ્તાર વગેરેમાં છે : المعتبر مکان الاضحیه۔ અને જેના તરફથી કુર્બાની થઈ રહી છે તેના રહેઠાણની જગા દા.ત. બ્રિટન વગેરેમાં પણ સમયનું મૌજૂદ રહેવું જરૂરી છે, કેમ કે જો ત્યાં સમય ખત્મ થઈ જાય તો તેની કુર્બાની વિના શંકાએ ફૌત થઈ જશે, જેમ કે જુઝઈય્યાત (હવાલાઓ) રજૂ કરવામાં આવી ચૂક્યા, અને જે ઈબાદત ફૌત થઈ જાય તેની અદા ક્યાંય નથી થઈ શક્તી. જેથી આ શર્ત બંને જગાએ મૌજૂદ હોવી જરૂરી થઈ. વલ્લાહુ તઆલા અઅ્લમ.

(૨) "ફતાવા રઝવિય્યહ", "શરહે મુસ્લિમ" તથા "બહારે શરીઅત"ના જે મસાઈલથી ગુંચવણ પેદા થયેલ છે, તેનો પાયો દુર્રે મુખ્તારનું આ લખાણ છે :–

اول وقتها بعد الصلوۃ ان ذبح فی مصر ای بعد سبق صلوٰۃ ولو قبل الخطبة، لکن بعد ها احب۔ وبعد طلوع فجر یوم النحر ان ذبح فی غیرہٖ والمعتبر مکان الا ضحیه، لا مکان من علیه۔۔۔اھ

અને આ લખાણમાં કુર્બાનીના સમયથી મુરાદ કુર્બાનીના જાનવરને ઝબહ કરવાનો સમય છે. જેમ કે ان ذبح فی مصر અને ان ذبح فی غیره અને فیضحی بها અને مکان الا ضحیه એના માટે દલીલ પૂરી પાડે છે. અને કુર્બાનીના જાનવરના માટે સમય અદા માટે શર્ત હોય છે. તો આ લખાણનો સાર એ છે કે **દસમી ઝીલ હજ્જની સુબ્હ સાદિક તુલૂઅ થઈ ચૂકી અને વાજિબ થવાનો સબબ પામવામાં આવ્યો જેથી માલદરો પર કુર્બાની વાજિબ થઈ ગઈ.** હવે જો તેઓ ગામડામાં છે અને ત્યાં કુર્બાની પણ કરવી છે તો ત્યાં અદા માટેની શર્ત સમય પણ છે જે સાબિત થઈ ચૂકેલ છે એટલા માટે તેમની કુર્બાની સહીહ થશે. પરંતુ શહેરવાળા માટે જે સમય અદા માટે શર્ત છે તે હજી સાબિત થયેલ ન થયો તે ઈદની નમાઝ બાદ સાબિત થશે, એટલા માટે તેમની કુર્બાની ઈદની નમાઝ પહેલાં સહીહ થશે નહીં, પરંતુ કેમ કે વાજિબ થવાનો સબબ મૌજૂદ છે એટલા માટે જો તે શહેરથી બહાર નીકળીને એવી જગાએ કુર્બાની કરે જ્યાંથી સફર પર નીકળનારને કસરની ઈજાઝત છે (આબાદીથી દૂર) તો તેમની કુર્બાની સહીહ થશે, અને જો વાજિબ થવાનો સબબ ન પામવામાં આવત તો કુર્બાની સહીહ ન થાત, જેમ કે નમાઝના સમયથી પહેલાં નમાઝ સહીહ નથી થતી. શહેરવાસીઓ માટે ઈદની નમાઝ પહેલાં કુર્બાની વાજિબ થવા માટેનો સબબ તો છે પણ શરીઅતની રૂએ તેની હૈસિયત પણ અદા માટેની શર્ત જેટલી નથી. કેમ કે ઈદની નમાઝ તેના

પર વાજિબ છે. જો નમાઝથી પહેલાં તેમને કુર્બાનીની રજા આપી દેવામાં આવે તો ઘણા લોકો કુર્બાનીમાં મશગૂલ થઈ જશે અને આ શેઆરે ઈસ્લામ (ઈસ્લામી નિશાની) પોતાની પૂરી શાનો શૌકતની સાથે અદા થશે નહીં. એટલા માટે શરીઅતે પ્રથમ ઈદની નમાઝનો હુકમ આપ્યો પછી કુર્બાનીની ઈજાઝત આપી. એથી ઉલ્ટુ ગામડામાં ઈદની નમાઝ નથી એટલા માટે તેમને શરીઅતે સુબ્હ સાદિક તુલૂઅ થવાના સમયથી જ કુર્બાનીની ઈજાઝત આપી દીધી.

સારાંશ એ કે સવાલમાં ફતાવા રઝવિય્યહ વગેરેથી નકલ કરવામાં આવેલ મસાઈલનો સંબંધ એવા બે સ્થળોથી છે જેમના સમયમાં તફાવત નથી જોવા મળતો, બલ્કે જે સમય શહેરનો છે તે જ સમય શહેરની બહાર એ જગાનો પણ છે જ્યાં સફર કરવાવાળાને કસરની ઈજાઝત હોય છે. જેમ કે ફતાવા રઝવિય્યહના મૂળ ફત્વામાં થોડુક ધ્યાન કરવામાં આવે તો સમજી શકાય છે. એટલા માટે વાજિબ થવાનો સબબ બંને જગાએ સાબિત હોય એના માટે છે અને શહેર તથા શહેર બહારનો ફરક અદાની શર્ત સાબિત હોય તથા સાબિત ન હોય એના માટે છે. એથી ઉલ્ટુ બ્રિટન તથા હિંદુસ્તાનના સમયોમાં સાડા ચાર કલાક અને કેટલાક દિવસોમાં સાડા પાંચ કલાકોનો તફાવત હોય છે જેના લીધે એવું થઈ શકે છે કે એક જગાએ (કુર્બાની) વાજિબ થવાનો સમય મૌજૂદ હોય અને બીજી જગાએ ન મૌજૂદ હોય અથવા એક જગાએ અદા માટેની શર્ત મૌજૂદ હોય અને બીજી જગાએ ન હોય. વલ્લાહુ તઆલા અઅ્લમ.

બ્રિટનમાં રહેનાર તરફથી હિંદુસ્તાનમાં બારમી ઝીલ હજ્જના ગુરૂબ સુધી કુર્બાની કરવી જાઈઝ નથી જ્યારે કે તેમને ત્યાં મહીનો એક દિવસ પહેલાં શરૂ થયો હોય, જેમ કે નં. ૧માં સ્પષ્ટતા સાથે વર્ણવી દેવામાં આવ્યું. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**લખનાર :(મુફ્તી) મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી** (સદર મુફતી જામિઆ અશરફિયા, મુબારકપુર, યુ.પી., તા. ૧૭ શવ્વાલુલ મુકર્રમ, હિ.સ. ૧૪૩૭, અંગ્રેજી તા. ૯/૧૧/૨૦૦૬)

## કુર્બાનીના જાનવરને ઝબહ કરવાનો તરીકો

કુર્બાનીના જાનવરને ડાબે પડખે એ રીતે સૂવડાવે કે તેનું મોઢુ કિબ્લાની તરફ હોય અને પોતાનો જમણો પગ તેના પાસા પર મૂકે અને ઝબહ કરતાં પહેલાં આ દુઆ પઢે :–

**ઈન્ની વજ્જહતુ વજહિય લિલ્લઝી ફતરસ્સમાવાતિ વલ્અર્દ હનીફંવ વમા અના મિનલ મુશ્રિકીન. ઈન્ન સલાતી વનુસુકી વ મહયાય વ મમાતી લિલ્લાહી રબ્બિલ આલમીન લા શરીક લહૂ વ બિઝાલિક ઉમિર્તુ વ અના મિનલ મુસ્લિમીન.** પછી **અલ્લાહુમ્મ મિન્ક વલક બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર** પઢતાં પઢતાં તેજ છરી વડે ઝબહ કરે.

ઝબહ પછી આ દુઆ પઢે : **અલ્લાહુમ્મ તકબ્બલ્ મિન્ની કમા તકબ્બલ્ત મિન ખલીલિક ઈબ્રાહીમ અલયહિસ્સલામુ વ હબીબિક મુહમ્મદિન સલ્લલ્લાહુ તઆલા અલયહિ વસલ્લમ.** અને જો બીજાના તરફથી ઝબહ કરે તો **મિન્ની**ની જગાએ **મિન** પછી તેનું નામ લે.

**નોંધ** : મોટા જાનવરમાં સાત ભાગ હોય છે જેથી સાત સાહિબે નિસાબ વ્યક્તિઓ ભેગી થઈને એક જાનવર ખરીદી કુર્બાની કરી શકે છે. યાદ રાખશો ! "કુર્બાનીમાં એક ભાગ પણ કોઈ કાફિરનો કે બદ્અકીદા વહાબી વગેરેનો હશે તો **કોઈની કુર્બાની થશે નહીં.**

## અંગ્રેજના જુલ્મ તથા આતંકવાદની દાસ્તાન !

# મુજાહિદે આઝાદી મૌલાના ઈમામ બખ્શ સેહબાઈ

રજૂકર્તા : **મૌલાના ગુલામ દસ્તગીર મિસ્બાહી** (હાલ : મુબારકપુર, આઝમગઢ, યુ.પી.)

ઈ.સ. ૧૮૫૭નો ઈતિહાસ હિંદુસ્તાનની આઝાદીની જદ્દો જેહદનાં પાનાંઓ એવા એવા ખૂની પ્રસંગોથી અને ભયંકર બનાવોના બયાનોથી ભરેલાં છે જેનો ઉપર છલ્લો અભ્યાસ જેવી રીતે એક બાજુ લોકશાહી માટેના જેહાદના પરવાનાઓના મજબૂત ઈરાદા, અડગતા, અને બહાદુરી તથા ઊંચા હોંસલાની શહાદત પેશ કરવા માટે પૂરતો છે, તો બીજી બાજુ એ જ બનાવોની રોશનીમાં અંગ્રેજો જેવી સભ્યતા તથા સુસંસ્કારની દાવેદાર કૌમની અત્યંત શરમનાક કાયર હરકતો અને ઈન્સાનિયતને હણનારા જુલ્મો તથા સિતમોને સારી રીતે અંદાઝો લગાડી શકાય છે. આઝાદીના મુજાહિદોની બહાદુરી અને નીડરતાના કિસ્સા લખતી વેળા ઈતિહાસકારોનાં દિલ અને કલેજાં ઉછળતાં લાગે છે, પરંતુ જ્યારે વરૂઓની જેમ અંગ્રેજ હાકિમોના જુલ્મોની દાસ્તાનો લખવાનો સમય આવે છે તો આપણા જ શું ? ન્યાય કરનાર અંગ્રેજ કલમકારોનાં પણ કલમનાં દિલ ચિરાઈ જાય છે અને જિગર ફાટીને ટુકડા ટુકડા થઈ જાય છે. (એટલે કે તેમને પણ ઘણી તકલીફ થાય છે) અને તેઓ પણ તેની ટીકા કર્યા વગર નથી રહેતા કે બદલાની પણ કોઈ હદ હોય છે !

### બ્રિટિશોના જુલ્મનો બોલતો ઈતિહાસ

જીવતા મુસલમાનોને સુવ્વર (ડુક્કર, ભૂંડ)ની ચામડામાં સીવડાવીને ગરમ તેલના કઢીયામાં નાખવા, ફતહપૂરી મસ્જિદથી કિલ્લાના દરવાજા સુધી વૃક્ષોની ડાળો સાથે મુસલમાનોની લાશોને લટકાવવી. મસ્જિદોની બેઅદબી, ખાસ કરીને દિલ્હીની જામે મસ્જિદના કમરાઓમાં ઘોડાઓને બાંધવા, ઈબાદતના સ્થાને ઓફીસો શરૂ કરવી અને હોઝમાં વુઝૂના પાણીની જગ્યાએ ઘોડાઓની લીંડ નાખવું વગેરે અંગ્રેજોના જુલ્મોનાં અમુક જ ઉદાહરણો છે, જેનું દૃષ્ટાંત ઈન્સાનિયતના ઈતિહાસમાં મુશ્કેલીથી જોવા મળશે.

અંગ્રેજ હાકિમોએ મુસલમાનો પર જુલ્મોનો અતૂટ સિલસિલો એ ગુનાહના પરિણામે શરૂ કર્યો કે મુસલમાનો પોતાના પ્યારા વતન હિંદુસ્તાન જેને તેઓએ લગભગ આઠ સો વરસ સુધી ખૂને જિગરથી સીંચન કરી રશ્કે જન્નત બનાવ્યું હતું તે હિંદુસ્તાન પર અંગ્રેજોના જબરદસ્તી કબ્જાના વિરોધમાં સર પર કફન બાંધી જંગ (યુદ્ધ)ના મેદાનમાં કૂદી પડયા હતા જે તેમનો બુનિયાદી અને કાનૂની હક્ક હતો. અગર અમુક ગદ્દારો અને નાજાઈઝ તરીકાથી પૈસા લેવાવાળાઓની ચાલાકી અને ધોકેબાઝી અંગ્રેજોની મદદગાર ન હોત તો યકીનન ! એમણે એકવાર ફરી હારીને એ જ મુકામ પર જવું પડત જ્યાંથી તે આવ્યા હતા.

પરંતુ રબ તઆલાની મશીય્યતને બીજું કાંઈક મંઝૂર હતું એટલા માટે મુજાહિદોની આ આઝાદીની ચળવળ નિષ્ફળ થઈ. અને હાકિમ મહકૂમ (એટલે કે બાદશાહો ગુલામ) બનીને ઈતિહાસમાં દુઃખી મઝલૂમોની દાસ્તાનોના એ કિરદાર બની ગયા જેના પર આઝાદ હિંદુસ્તાનના હર જમાનામાં ખૂનના આંસૂ રડવામાં આવશે.

## મૌલાના સહબાઈની ઈલ્મી મહાનતા

મૌલાના ઈમામ બખ્શ સહબાઈ પણ એ જ માયૂસ મઝલૂમોમાંથી હતા. જિંદગીમાં દુનિયાનું એ કયું સુખ છે જે તેમને પ્રાપ્ત ન હતું, પરંતુ વફાત પછી ન તેમને કફન મળ્યું અને ન કબ્ર !

મૌલાના સેહબાઈ એ ઈલ્મવાળા જામેએ સિફાત (ખૂબીઓના કેન્દ્ર) હર ફન મૌલા અને ઉચ્ચ સંસ્કારવાળા લોકોમાંથી હતા જે વરસો પછી પૈદા થાય છે. આપ ન કેવળ નસબમાં ફારૂકી હતા બલ્કે પોતાના જમાનામાં શાનો શૌકત અને ફારૂકી બહાદુરીનો પૂરો નમૂનો લઈ દુનિયામાં તશરીફ લાવ્યા હતા.

અલ્લામા અબ્દુલ્લાહ ખાં અલ્વીના દર્સમાં રહી અકલી તથા નકલી ઈલ્મોમાં એ મહારત પ્રાપ્ત કરી કે બચપનમાં જ ધુમ મચાવી દીધી અને શાઈરીમાં પણ એ નામ કર્યું કે મિર્ઝા કતીલના બરાબર ગણાવા લાગ્યા. કિલ્આએ મોઅલ્લામાં રાખેલા એક યાદગાર મુશાઈરામાં ઈમામ સહબાઈ અને ગાલિબે સમાન ગઝલો પઢી પરંતુ શેઅરોની એકદમ અદાઈગી અને અર્થની સરળતાના લીધે સહબાઈએ ગાલિબ પર ગલ્બો પ્રાપ્ત કર્યો, અને બાદશાહી ઈનામથી સરફરાઝ થયા. મૌલાના સહબાઈએ ખુદાથી પ્રાપ્ત સલાહિયત (ક્ષમતા) અને કાબેલિયતના લીધે માલદારો પોતાના બાળકોને એમનાથી પઢાવવામાં ફખ્ર સમજવા લાગ્યા. એટલા માટે નવાબ હામિદ અલીખાંએ એમને કાયમી રીતે પોતાના બાળકોના ઉસ્તાદ મુકર્રર કરી લીધા હતા. ઈ.સ. ૧૮૪૨માં જ્યારે દિલ્હી કાલેજ નવા કાયદા અને કાનૂન સાથે ચાલુ થઈ અને ઈલ્મ (જ્ઞાન)ના આશિકોનું સેન્ટર (કેન્દ્ર) બન્યું તો મિ. થોમસન હુકૂમતે હિંદના સેક્રેટરીની દા'વત પર તે ત્યાંના ફારસીના ઉસતાદ મુકર્રર થયા અને ટૂંક સમય પછી જ મિ. બોટરસન દિલ્હી કોલેજના પ્રિન્સીપાલના કાળમાં મુદર્રિસે અવ્વલના મરતબા પર ચૂંટી લેવામાં આવ્યા.

મૌલાના સેહબાઈના ઈલ્મ અને ફઝલને જીવન બખ્શનાર હકીકતમાં તેમનો એ ઈલ્મી અને અદબી માહોલ હતો જેના ચમકતા સિતારાઓ અલ્લામા ફઝલે હક્ક ખૈરાબાદી, મૌલ્વી અબ્દુલ્લાહખાં અલ્વી, મૌલ્વી અબ્દુલ ખાલિક, મૌલ્વી મહબૂબ અલી, મૌલ્વી નસીરુદ્દીન શાફઈ, મૌલ્વી કરમુલ્લાહ, મૌલ્વી નૂરુલહસન, મૌલ્વી કરામતઅલી, મૌલ્વી મમલૂકઅલી, મુફતી સૈયદ રહમત અલી, મૌલ્વી અમાન અલી, મૌલ્વી મુહમ્મદ જાન અને મૌલ્વી મુહમ્મદ રુસ્તમ..... વગેરે ઉલ્માએ કિરામ હતા. એના સિવાય ગાલિબ મો'મિન, આઝુરદા, એહસાન, નય્યર, નિષાર, શેફતા, ઝમીર, મમનૂન અને નસીર વગેરે કુદરત ધરાવનાર શાઈરો અને ઈમામુદ્દીન ખાન ખુશનવેસ, ગુલમ અલી મન્સૂર, હિમ્મતખાન ગોયા, રાગરસખાન ગોયા, સૂફી શાહ મુહમ્મદ હનીફ, સૂફી શાહ ફિદાહુસૈન, સૈયદ અસ્કરી, હકીમ ગુલામ નજફ, હકીમ સાદિકઅલી અને હકીમ નસરુલ્લાહ વગેરે અન્ય કલા તથા વિદ્યાના નિષ્ણાતો પણ એ મજલિસોના ચાંદ અને સૂરજ હતા, ઉલ્મા અને ફુઝલાની આ મજલિસો દરરોજ અસરની નમાઝ પછી અલ્લામા ફઝલે હક્ક ખૈરાબાદીના મકાનમાં અને રાત્રે મુફતી સદરુદ્દીન ખાન આઝુરદાના ત્યાં રાખવામાં આવતી હતી. અને એ મજલિસોમાં મામૂલી પઢેલા લોકોને જવું શક્ય ન હતું, મૌલાના સેહબાઈ એ બંનેવ મહફિલોના બેસવાવાળા હતા. મૌલાના અબુલ કલામ આઝાદ પોતાના વાલિદ મૌલાના અબુલ ખૈરની રિવાયત અનુસાર એ મજલિસોનું ઝિક્ર (વર્ણન) મૌલાના મીરથી કર્યું હતું જેનું વર્ણન મીરે પોતાની કિતાબ ગાલિબમાં કર્યું છે. વાલિદે મર્હૂમ એ દિવાનખાનાના જે કિસ્સા સંભળાવતા હતા, કાશ ! એ નોંધવામાં આવતા ! ઓલવાયેલા ચિરાગની એ છેલ્લી રોશની હતી. મર્હૂમ દિલ્હીની સાતસો વરસોની જીવનની મેહફિલોની સજાવટની આ છેલ્લી બઝમ હતી. મુફતી સાહબનું દિવાનખાનું દિલ્હીના તમામ ચુનંદા

લોકોનું મરકઝ (કેન્દ્ર) હતું. ઠંડી, ગરમી, વરસાદ કોઈપણ ઋતુ હોય પરંતુ રાતની આ મેહફિલ કોઈ છોડતું ન હતું, દરેક વિદ્યાના વિદ્વાનોને ત્યાં તેમના ઉમદા વખતોમાં જોવામાં આવતા હતા. કોઈ નવો વ્યક્તિ દિલ્હી આવતો અને એ ચાહતો કે દિલ્હીના બધા વિદ્વાનોને અને ઈલ્મવાળાઓને એક જ મેહફિલમાં જાુએ, તો એ સીધો મુફતી સાહબના દિવાનખાનાનો રસ્તો લેતો એ મજલિસોના એક સત્ય હઝરત ઈમામ સહબાઈ પણ હતા. કોલેજથી પાછા ઘરે આવતા પછી સાંજે ફરવાના બદલે મૌલાના ફઝલે હક્ક ખૈરાબાદીના ત્યાં જતા, ત્યાં બપોરનો નાસ્તો કરતા, રાત્રે ઈશા પછી મુફતી સાહબને ત્યાં જતા અને જ્યારે ત્યાંની મેહફિલ ખત્મ થતી તો ઘરે જતા. *(હવાલો : કિતાબ ગાલિબ, અઝ : મીર, પેજ–૨૯૦)*

એ અદબવાળી મેહફિલોના કવિઓનું વર્ણન ગાલિબના એક શેઅરમાં પણ જોવા મળે છે :–

**મો'મિનો નય્યરો સહબાઈ વ અલ્વી વ નિગાહ**
**હસરતી અશરફ વ આઝુરદા બુવદ આઝમ શાન**

**તર્જુમો** : મો'મિન, નય્યર, સહબાઈ અને અલ્વી અને નિગાહ, હસરત, અશરફ, આઝુરદા ઊંચી શાનવાળા હતા.

## પૂર્વજ ઉલમા વર્તમાન સમસ્યાઓ પ્રતિ જાગૃત હતા !

દિવાનખાનામાં બેસનારા આલિમો અને કવિઓ, કેવળ અદબી અને ઈલ્મી વર્ણનો ન કરતા હતા બલ્કે વર્તમાનકાળ (કરન્ટ ઈસ્યૂ) પર પણ વિચાર વિમર્શ કરતા હતા.

અંગ્રેજોની વધતી તાકત કિલ્આએ મોઅલ્લા અને બહાદુરશાહ જફરની મજબૂરી, નવાબો અને રાજાઓની જાએદાદ (પુંજી)થી મેહરૂમી અને વતનના લોકોની સુસ્તી અને કમજોરી, મતલબ કે સર્વ વિષયો પર ચર્ચા કરતા હતા. મૌલાના સેહબાઈ જે દિલ્હી કોલેજના ટીચર હતા અને દિલ્હી કોલેજની તબ્લીગી જમાઅત મુસલમાનોના ખિલાફ કેવા કેવા કાવત્રાં કરતી હતી, એનાથી એ સંપૂર્ણ રીતે વાકેફ હતા, એટલા માટે એમના દિલમાં અંગ્રેજોના ખિલાફ પૂરતી દલીલો હતી.

ઈ.સ. ૧૮૫૭માં હાલાત જ્યારે વતનવાળાઓ માટે એકદામ ખરાબ થઈ ગયા અને અલ્લામા ફઝલે હક્ક ખૈરાબાદીએ આઝાદીની તેહરીકમાં રૂહ ફૂંકવાના હેતુથી જ્યારે જુલાઈ ૧૮૫૭માં જેહાદનો ફત્વો આપ્યો તો તેની તરફદારી અને સમર્થન કરવા અને તેને સંપૂર્ણ કરવાવાળા ઉલ્મામાં મૌલાના સહબાઈ સૌથી આગળ હતા. જંગે આઝાદીમાં એ જેહાદના ફત્વાનો શું કિરદાર રહ્યો તે ઈતિહાસકારો પર છુપો નથી.

હકીકત તો એ છે કે તે એક ફત્વાના શબ્દોએ મુસલમાનોના ઠંડા લોહીમાં એ ગરમી પૈદા કરી દીધી કે કશું જ ન હોવા છતાંય મુસલમાન પોતાની ગૈરત અને ઈજ્જતની રક્ષા માટે સર પર કફન બાંધી મેદાનમાં નીકળી પડયા અને કુર્બાનીનો એ ઈતિહાસ રચ્યો જે જીવંત કૌમો માટે હમેશાં નસીહત રહેશે.

મુન્શી ઝકાઉલ્લાહના કથન મુજબ, એ ફત્વાના છપાવવાથી મુલ્કમાં હંગામો વધી ગયો દિલ્હીમાં ૯૦ હજાર સિપાહીઓ એકત્ર થઈ ગયા. *(હવાલો : તારીખે ઝકાઉલ્લાહ)*

પરંતુ અલ્લામા ઈકબાલના કહેવા મુજબ :–

**જાફર અઝ બંગાલ વ સાદિક અઝ દક્કન**
**નંગે આદમ નંગે દીન નંગે વતન**

વ્યક્તિત્વ અને દીન અને વતનની હિફાઝત માટે જાફર બંગાળથી અને સાદિક દક્કનથી આવ્યા.

એટલે કે ઈ.સ. ૧૭૫૭માં મીર જાફરીની ગદ્દારીના લીધે પ્લાસીનું યુદ્ધ અને ઈ.સ. ૧૭૯૭માં મીર સાદિકની નમક હરામીના લીધે મૈસૂરના યુદ્ધની જેમ ઈ.સ. ૧૮૫૭ની પણ આ આઝાદીની તહરીક

(સંગઠન) ગદ્દારો અને ધોકાબાજોની ધોકાબાજી અને દગાબાજીની ભેટ ચઢી જઈ હિંદુસ્તાનીઓની શિકસ્ત (હાર) અને અંગ્રેજોની ફતહ (કામયાબી) પર ખત્મ થઈ ગઈ. અને હવે ફાતેહ કૌમ (અંગ્રેજો)ની એ બદલાની કારવાઈ શરૂ થઈ જેણે આસમાનને પણ લોહીનાં આંસૂં રડવા પર મજબૂર કરી દીધું.

## શું આ ત્રાસવાદ બ્રિટન ભૂલી ગયું !

દિલ્હીના દરેક વૃક્ષો પર લાશો, રાજગાટ પર ખુલ્લી છાતીઓ અને ગોળીઓનો મુકાબલો, ગટરોમાં પાણીની જગ્યાએ ગરમ ગરમ લોહી, સડકો પર મુસાફિરોની જગ્યાએ કચડેલાં શરીરો, આબાદીઓમાં મકાનોની જગ્યાએ તેનો જૂનો સામાન, કૂવા અને તળાવોમાં હયા અને પવિત્રતાની માલિક કુંવારીઓ, સૂનસાન જગ્યાએ બાળકોની ચીસો, બેવાઓની આહ અને ફરિયાદ અને પતિઓની ફરિયાદો મતલબ કે મહોબ્બતના શહેરમાં સૌ તરફ અફસોસ જ અફસોસ !

અંગ્રેજોના એ જુલ્મોનો સીધો નિશાનો મુસલમાન બન્યો, અલ્લામા ફઝલે હક્ક ખૈરાબાદીના કહેવા મુજબ કે, **"હિંદુઓમાંથી કેવળ એ લોકો માર્યા ગયા જે લોકોના વિશે દુશ્મન હોવાનું યકીન હતું અને મુસલમાનોમાંથી કેવળ એ લોકો બચી ગયા જે લોકો કોઈક રીતે ત્યાંથી ચાલ્યા ગયા હતા. અથવા એ લોકો બચી ગયા જે લોકો ઈસાઈ (ખ્રિસ્તી)ઓના મદદગાર અને પોતાના ધર્મ અને મઝહબમાં કાચા હતા અથવા તે લોકો જે તેઓના જાસૂસ અને અલ્લાહ તઆલાની રહમતથી નાઉમ્મીદ હતા."** *(હવાલો : બાગીએ હિંદુસ્તાન, અઝ : અલ્લામા ફઝલેહક્ક ખૈરાબાદી, પેજ–પર)*

દિલ્હીમાં સૌથી વધારે મુસીબત કિલઆએ મુઅલ્લા નજીકના મહોલ્લા કૂચા ચલાનના રહેવાસીઓ પર આવી જયાં ઈમામ બખ્શ સહબાઈનું ઘર હતું. ભરોસામંદ રાવીઓના મુજબ એ મહોલ્લો દિલ્હીનું આંખ અને નાક હતો. એકથી વધીને એક બુઝુર્ગીવાળા આલિમો અને કાઝીઓ ત્યાં આબાદ હતા. શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી, શાહ અબ્દુલઅઝીઝ મુહદ્દિષ દહેલ્વી મુન્શી ઝકાઉલ્લાહ વગેરે બધા તે મહોલ્લાના રહેવાસી હતા. **અંગ્રેજોએ તે મહોલ્લાની એ હાલત કરી કે કોઈપણ ઘર પોતાની જગ્યાએ સલામત ન રહી શક્યું અને ન કોઈ પણ વ્યક્તિ હિજરત કરી પોતાની જાન બચાવી શકી, મૌલાના ઈમામ બખ્શ સેહબાઈ નમાઝની હાલતમાં પોતાના છોકરાઓ, ભત્રીજાઓ, શિષ્યો, મિર્ઝા રહીમુદ્દીન ઈજાદ, મિર્ઝા પ્યારે રફઅત અને બીજા રિશ્તેદારો જેમાં એક મુન્શી ઈકરામુદ્દીન રિન્દ પણ સામેલ હતા તેમને ગિરફતાર કરવામાં આવ્યા અને રાજગાટ પર જમના નદીના કિનારે અંગ્રેજોની ગોળીઓના નિશાન બન્યા.**

## અંગ્રેજો થકી મૌલાના સહબાઈના આખા કુટુંબનો ખાત્મો !

એ દર્દનાક વાકેઆ (બનાવ)નો ખુલાસો એક દાર્શનિક પુરાવાની જબાનથી સાંભળીએ અને આઝાદીના એ દીવાનાની બેબસી (મજબૂરી) અને પસ્તાવા પર લોહીનાં આંસૂ રડીએ :–

મૌલાના કાદિરઅલી સાહબ મૌલાના સહબાઈના સગા ભાણ્યા હતા અને તેમની સાથે તેમના ઘરમાં રહેતા હતા. એક વેળા તેમને બયાન કર્યું કે હું ફજરની નમાઝ મારા મામા મૌલાના સહબાઈની સાથે કટરા મીર પરવરની મસ્જિદમાં અદા કરી રહ્યો હતો. એટલામાં અંગ્રેજો શોર ઘોંઘાટ કરતા આવી પહોંચ્યા. પહેલી જ રકઅત હતી કે ઈમામના અમામાથી અમારા બાવડાં બાંધી દેવામાં

આવ્યાં, અમને બધાને ગિરફતાર કરી દરિયા કિનારે લાવવામાં આવ્યા. એક મુસલમાન અફસરે અમોને આવીને કહ્યું કે મૌત તમારા સર પર છે, ગોળીઓ તમારી સામે છે, અને દરિયો તમારી પાછળ છે, તમારામાંથી જે તરવાનું જાણતો હોય તે દરિયામાં કૂદી પડે ! હું સારો તરવય્યો હતો પરંતુ મામુ સાહબ એટલે કે મૌલાના સહબાઈ અને એમના સાહબઝાદા મૌલાના સોઝ તરવાનું ન જાણતા હતા. એટલા માટે દિલે કબૂલ ન કર્યું કે એમને છોડીને જાન બચાવું, પરંતુ મામા સાહબે મને ઈશારો કર્યો એટલા માટે હું દરિયામાં કૂદી પડયો. પચાસ સાઈઠ ગજ પાણીમાં ગયો હશે ને ગોળીઓનો અવાજ મારા કાનોમાં પડયો અને સૌ સફ બંધી પડીને મરી ગયા. *(હવાલો : અલ્લામા શરહિલ ખૈરી બ રિવાયત મીર કાદિર અલી)*

મુન્શી ઝકાઉલ્લાહ એ કત્લેઆમમાં બચી ગયા હતા. બે માણસોની રિવાયત મુજબ એ દર્દનાક વાકેઆને આ રીતે લખ્યો છે :–

બે વ્યક્તિ મિર્ઝા મુસ્તફા બેગ અને વઝીરુદ્દીન જીવંત બચ્યા. તેઓ એ કતલની હાલત બયાન કરે છે કે અમે લોકો જમના નદીના તળીયે ગયા, ગોળીઓનું નિશાન અમારા પર સિપાહીઓએ કેવળ એક વેળા માર્યું પછી તે જતા રહ્યા. ઘણા લોકો તે ગોળીઓ વાગતાની સાથે જ મરી ગયા. થોડા લોકો તેમનાથી બચી દરિયા બાજુ દોડયા, આગથી બચ્યા પણ પાણીમાં ડૂબીને મર્યા. **એ કત્લ થનારાઓમાં બેગુનાહ એક બુઝુર્ગીવાળા મૌલાના ઈમામ બખ્શ સહબાઈ અને એમના કુટુંબના એકવીસ મર્દ હતા.** *(હવાલો : તારીખે ઉરૂજે સલ્તનતે ઈંગ્લિશયા, અઝ : મુન્શી ઝકાઉલ્લાહ)*

જાલિમ અંગ્રેજોએ એના પર બસ ન કર્યું બલ્કે મૌલાના સહબાઈનું મકાન પણ તોડી જમીન બરાબર કરી દીધું.

મૌલાના સદરુદ્દીન આઝુરદાએ જ્યારે મૌલાના સહબાઈની શહાદતની ખબર સાંભળી તો બેકાબૂ થઈ પોકારી ઉઠયા :–

**ક્યૂં કર આઝુરદા નિકલ જાએ ન સૌદાઈ હો**
**કત્લ હો ઈસ તરહ બે જુર્મ જો સેહબાઈ હો**

## અફસોસ ! દેશ બાંધવો એમને ભૂલી ગયા !

પ્યારાં વાંચકો ! હિંદુસ્તાનની આઝાદીની કસ્મકસની શરૂઆતનું કેવળ એક પાસુ છે, જેનું ધ્યાન જ એ સાબિત કરવા માટે પૂરતું છે કે **જો આપણા અસ્લાફે (પૂર્વજોએ) કુર્બાની અને ત્યાગભાવનાની આવી નષ્ટ ન થનારી નિશાનીઓ છોડી ન હોત તો શાયદ આજે પણ આપણે આઝાદીની એ કિંમતી નએમતથી ફાયદો ન ઉઠાવી શકતા. પરંતુ બુરુ થાય હિંદુસ્તાની ઈતિહાસનું કે જેણે પોતાના દિમાગથી એવા નીડર અને બહાદુર મુજાહિદોનાં નામ પણ ભૂલાવી દીધાં જેમણે ભયંકર વાવાઝોડાઓમાં પણ આઝાદીના ચિરાગને પ્રકાશિત રાખ્યો અને પોતાની લાજવાબ કુર્બાનીઓની હેઠળ આવનારી નસ્લો માટે એ રસ્તો નક્કી કરી દીધો કે જેના પર ચાલીને સો (૧૦૦) વરસો પછી આઝાદીના સ્વપ્નાને પૂરું કરી શકાયું.** મૌલાના ઈમામ બખ્શ સહબાઈની કુર્બાની એટલા માટે બેમિષાલ છે કે તે મુજાહિદે ન કેવળ પોતાની જાનનો તોહફો પ્યારા વતનને પેશ કર્યો બલ્કે પોતાની સાથે પોતાની ઔલાદ, ભત્રીજાઓ, શાગિર્દો અને બીજા રિશ્તેદારોને પણ જેહાદમાં કુર્બાન કરી સારા સંસ્કારની યાદ તાજા કરાવી દીધી. આવા સરફરોશ (બહાદુર)ને ભૂલાવી દેવો એ પણ એક સંપૂર્ણ ઈતિહાસને પીઠ પાછળ ફેંકી દેવાના બરાબર થશે અને યકીનન ! આ અત્યંત દરજ્જાની બદ્દયાનતી (અપ્રમાણિક્તા) અને જુલ્મ ગણાશે. *(બહવાલા જામે નૂર, દિલ્હી)*

# ટોની બ્લેયરની વિદેશ
# પોલીસી બ્રિટન માટે ખતરનાક

રજૂ. : મૌલાના મુહમ્મદ યાસીન મિસ્બાહી *(હાલ : મુબારકપુર, જિ. આઝમગઢ, યુ.પી.)*

અમેરિકાના પ્રસિદ્ધ દૈનિકપત્ર "ન્યુયોર્ક ટાઈમ્ઝે" જાહેર કર્યું કે ૧૦ ઓગસ્ટે અમેરિકા જવા નીકળેલા બ્રિટિશ વિમાનોનું અપહરણ કરી તેને આકાશમાં તબાહ કરી નાખવાની ઘટના ફક્ત એક ડ્રામો અને જૂઠી કાર્યવાહી હતી. આ ઉપરાંત દૈનિક પત્રએ જણાવ્યું કે બ્રિટન તથા અન્ય દેશોમાં ખોજ તથા તપાસ દરમ્યાન એવા કોઈપણ પુરાવા ન મળી શક્યા જેના આધારે એ સાબિત થાય કે ૨૪ શંકાસ્પદ અપરાધીઓ એ દિવસે વિમાનોનું અપહરણ અથવા તેના પર હુમ્લાના અંગે તે દિવસે એરપોર્ટ પર ઉપસ્થિત હતા, અને તેમાંના બે આદમીઓ પાસે પાસપોર્ટ પણ ન હતી. બ્રિટનના હોમલેન્ડના સિક્યૂરીટી સેક્રેટરી માકઈલ શેરટોફના જણાવ્યા મુજબ શંકાસ્પદ વ્યક્તિઓ વિરુધ્ધ કાર્યવાહી ફક્ત એક ભૂલ અને ગેર સમજ થઈ હતી અને તેઓને હવે મુક્ત કરી આપવા જોઈએ. એક સરકારી પત્રકારે કહ્યું કે જે વ્યક્તિને આ કાંડનો લીડર કહેવામાં આવે છે તેના વિરુધ્ધ પણ બોંબધારી હોવાનો કોઈ પણ પુરાવો જાહેર નથી કરી શકાયો.

## ડ્રામાનો સહારો લઈ મુસ્લિમોની બદનામી ?!

આ રહસ્મય સંશોધનથી બ્રિટનના મુસ્લિમો વિરુધ્ધ ગવર્નમેન્ટની નફરતભરી જંગ પ્રકટ થાય છે. બીજુ કે આ ડ્રામાના આધાર પર નિર્દોષ લોકોને ભયભીત કરવામાં આવ્યા. પૂરી કૌમને શંકાસ્પદ ઠરાવવામાં આવી અને આ કાલ્પનિક (બનાવટી) હુમ્લાની આડ લઈને મુસ્લિમ જમાઅતો અને ધાર્મિક સંગઠનો ઉપર પણ ટીકા કરવામાં આવી તથા કેટલાકનો સંબંધ ઘણી સરળતાથી "અલ કાઈદા" અને એના જેવા સંગઠનો સાથે જોડી દેવામાં આવ્યો. આ ઘટના પછી તરત જ અમુક ન્યાયપ્રિય પત્રકારોએ બ્રિટન ગવર્નમેન્ટની દુષ્ટતા અને નીચતા તરફ ઈશારો કર્યો હતો. અને કહ્યું હતું કે હમણાં બ્રિટન કાબુલ, બગદાદ અને બૈરૂતની અસલી સમસ્યાઓ ઉપરથી બ્રિટન પ્રજાનું ધ્યાન હટાવવા માટે આ પ્રકારના ડ્રામા સર્જી રહ્યું છે. અને પ્રજા સમક્ષ પોતાની સાખ અને આબરૂને યથાવત રાખવા માટે આ પ્રકારની કાલ્પનિક ઘટનાઓની આડ લઈ મુસ્લિમ ગૃપની અમુક વ્યક્તિઓને નિશાન બનાવી રહ્યું છે. તે સમયે આ ડ્રામાના માધ્યમથી ઘણી મોટી મોટી વાતો કરવામાં આવી હતી. આતંકવાદીઓના આધુનિક શસ્ત્રો અને આધુનિક રચનાના વિષય પર લિટરેચરો જાહેર કરવામાં આવ્યાં અને ફરી એક વાર વિ□ને એ તરફ કેન્દ્રિત કરવાની કોશિશ કરી કે સમગ્ર વિ□ આતંકવાદના ઘેરામાં છે એટલા માટે આતંકવાદ વિરોધી લડાઈમાં બ્રિટને આગળ પડતાં રહેવું જોઈએ. આ મનઘડ્ત ઘટના પછી અમેરિકી સદર જ્યોર્જ ડબ્લયુ બુશે ઈસ્લામી ફાશિઝમની પરિભાષાનો ઉપયોગ કર્યો, જેનાથી તેમના દિલની ખરાબી અને નીચતા ફરી એકવાર વિ□વાસીઓ સમક્ષ જાહેર થઈ ગઈ છે.

## આંતકવાદ વિરુધ્ધ લડાઈ તો એક બહાનું છે !

પ્રશ્ન એ ઉભો થાય છે કે આતંકવાદ વિરોધી જંગના દાવેદારો છેવટે આ સંસારિક દુઃખ દર્દનો

નાશ કરવા માટે ફરેબ અને ધોકાનો રસ્તો કેમ અપનાવે છે ?! **આનાથી તેઓની નિય્યત પણ જાહેર થાય છે કે આતંકવાદ વિરોધી લડાઈ તો ફક્ત એક બહાનુ અને ધોકો છે અસલમાં તે દેશોને નિશાન બનાવવા છે જે અમેરિકા તથા તેના ચેલા ચમચાઓની હા માં હા નથી ભરતા. એટલા માટે જ વિ□ના ન્યાયપ્રિય બુધ્ધિમાનો વારંવાર દોહરાવે છે કે આતંકવાદના વિનાશમાં જે રસ્તાઓ અપનાવવામાં આવી રહ્યા છે તે સરાસર શંકાસ્પદ છે, તેનાથી આ દુષ્ટતાના વિનાશમાં તો કોઈ મદદ નહીં મળે પણ આ બીમારી વધતાં વધતાં એક લાઈલાજ બીમારી બની જશે.** એટલા માટે આ સમસ્યાના ઉકેલ માટે ધાર્મિક પક્ષપાત અને સંકૂચિત દષ્ટિથી સ્વચ્છ હોવું આવશ્યક છે.

ઈરાક યુદ્ધ વિષયમાં અમેરિકા અને બ્રિટને જે ફરેબ (દગાબાજી) અને જૂઠનો સહારો લીધો તે ટૂંક સમયમાં જગ જાહેર થઈ ગયું. પરંતુ તેના ઉપર કોઈપણ પ્રકારની લાજ અને શરમ અનુભવવાને બદલે "ચોરી ઉપરથી સીનાજોરી"નું સબૂત દઈ તમામ વિ□સમુદાયને નિરાશ કર્યો. કાબુલ, બગદાદ અને બૈરૂતની તબાહીથી આંતરરાષ્ટ્રીય સ્તરે નવયુવાનોમાં ગમ અને ગુસ્સાએ જન્મ લીધો. આજે મુસલમાન મરાકશથી લઈને ઈન્ડોનેશિયા સુધી હતાશ અને નિરાશાના શિકાર છે, એટલા માટે કે લગાતાર તેઓને નિશાન બનાવાય રહ્યા છે. તેઓને એ વાતની શિકાયત છે કે કોઈપણ ગુનાહ વિના અમને નિશાન બનાવવામાં આવે છે. અને ત્યાર બાદ અમારી બચાવ સંબંધી ગતિવિધિઓને આતંકવાદની પરિભાષા આપવામાં આવે છે. અને તેની આડમાં સામાન્ય નાગરીકોનું જીવન પણ હરામ કરી દેવામાં આવે છે. મઝહબી સંગઠનો અને લીડરો પર પ્રતિબંધ લગાડવામાં આવે છે અને મોટા ભાગે અમ્નો શાંતિની આડ લઈ ઈસ્લામને પણ નિશાન બનાવવામાં આવે છે.

## ઈરાકમાં આતંકવાદ ક્યારથી ભડકયો ?!

શિકાગો યુનિવર્સિટીના પ્રોફેસર રોબર્ટ પેપેના પુસ્તક **Dying to win of Suicide terrorism** માં છે કે **અમેરિકા અને બ્રિટન સૈન્યના નેતૃત્વ હેઠળ થયેલા હુમલા પહેલાં ઈરાકના સંપૂર્ણ ઈતિહાસમાં કોઈપણ પ્રકારનો આત્મઘાતી હુમ્લો આતંકવાદ રૂપે જોવા નથી મળતો,** પરંતુ આ આક્રમણ પછી આ પ્રકારની ઘટનાઓ પુષ્કળ પ્રમાણમાં જોવા મળે છે.

## અમેરિકન બ્રિટન પોલીસીઓથી દુનિયા અધિક અસુરક્ષિત

એ હકીકતને દુનિયાના સર્વ ન્યાયપ્રિય લોકો સ્વીકારી રહ્યા છે કે ૧૧–સપ્ટેમ્બર પછી અમેરિકી નેતૃત્વમાં જે ચળવળનો આરંભ થયો છે તેનાથી દુનિયા પહેલાં કરતાં પણ વધુ અસુરક્ષિત થઈ ગઈ છે. અને જે દેશોએ આ વિષયમાં બુશનો સાથ આપ્યો છે તેઓ પર ધરતી ધીરે ધીરે સંકૂચિત થતી જાય છે, તેનું એક ઉદાહરણ બ્રિટન અને તેના પ્રધાનમંત્રી ટોની બ્લેયર છે. હમણા ટૂંક સમય (૨૨–ઓગસ્ટ, ૨૦૦૬)માં "ગાર્ડિયન"માં થયેલા એક સર્વે મુજબ ૭૨% લોકોનું માનવું છે કે ભયમાં વધારો થયો છે. ફક્ત ૧% લોકોનું માનવું છે કે અફઘાનિસ્તાન અને ઈરાક યુદ્ધમાં દખલ કરીને અને આતંકવાદ વિરોધી જંગમાં જોડાઈને બ્રિટન એક સુરક્ષિત દેશ બન્યો છે. સર્વેથી એ પણ જાણવા મળ્યું કે આતંકવાદ અંગે સરકાર તરફથી પ્રસિદ્ધ થઈ રહેલાં બયાનો લોકોને શંકાસ્પદ લાગે છે. ૭૨% પ્રજાની રાય એ છે કે દેશના મંત્રીઓ આતંકવાદના ભયની વાતને વધારી વધારીને જાહેર કરે છે અને ફક્ત ૨૦% લોકોનું માનવું છે કે સરકાર આ વિષયમાં સાચુ બોલી રહી છે.

બ્રિટન દૈનિક પત્ર "ગાર્ડિયન"નું આ સર્વે ત્યાંની સરકાર માટે એક ચેતવણી છે. બ્રિટન પ્રધાન મંત્રી ટોની બ્લેયર જે રીતે બુશની તમામ પોલીસીઓમાં

"હા" ભરી રહ્યા છે તે પૂરા દેશ માટે ખતરનાક છે, કેમ કે તેનાથી આમ નાગરીકોમાં નફરતની ભાવનાઓ પેદા થાય છે, જે ભાવનાઓ જાહેર થવા માટે કોઈપણ રૂપ ધારણ કરી શકે છે. અને આ નફરત અને ગુસ્સો માત્ર કોઈ એક વર્ગમાં નહીં પરંતુ પબ્લિકના સ્તરે આ ગુસ્સો લંડન અને વોશિંગ્ટનના રાજમાર્ગો ઉપર પણ જોઈ શકાય છે. આજે બ્રિટનમાં જે મુસ્લિમો વસે છે તેમાં નહીં જેવી સંખ્યા એવી છે જેઓ અંતિમવાદી અને ક્રાંતિકારી વિચારો ધરાવે છે, પરંતુ એનો એ નિશ્ચિત મતલબ નથી કે બ્રિટન તેની આડ લઈ બ્રિટનના સંપૂર્ણ મુસલમાનોને શંકાસ્પદ ઠરાવે. છતાં પણ જરૂર એ વાતની છે કે પોતાની એ પોલીસીઓ પર શાંત દિમાગે વિચાર કરવામાં આવે જે મુસલમાનોમાં આક્રોશની લહેર પેદા કરી રહી છે અને દેશના અંતર્ગત જે પક્ષપાત અને તરફદારીભર્યો વર્તાવ ચાલી રહ્યો છે તેનો અંત લાવવાની કોશિશ કરે. **બીમારીની સાચી જાણ હોવા છતાં તેનો ખોટો ઈલાજ કરવાથી તે બીમારીમાં વધારો થાય છે.** બ્રિટનના મુસ્લિમો વિશે જે વાતો મીડિયામાં પ્રસારીત થઈ રહી છે તેના ઉપર ઈમાનદારીથી વિચાર કરવાની જરૂરત છે. બ્રિટન આઈ.સી.એમ. સર્વે મુજબ બ્રિટનના ૯૧% મુસ્લિમો બ્રિટન માટે વફાદાર છે, તેમાંથી ૮૦%નું માનવું છે કે બ્રિટન જ તેઓનું ઘર છે અને તેઓ ત્યાંના સમાજમાં ભળી ગયા છે. આ ઉપરાંત ૭ જુલાઈએ થયેલા લંડન બોંબ ધડાકાઓને ૯૯% મુસલમાનોએ ગલત ઠરાવ્યા હતા.

શું આ સર્વેની દષ્ટિએ સંપૂર્ણ મુસ્લિમ આબાદીઓને શંકાસ્પદ ઠરાવી તેઓને નિશાન બનાવવા એ યોગ્ય કહી શકાય ?! સપ્ટેમ્બર પછી ટોની બ્લેયરે જે રીતે બુશની પોલીસીઓ પર અમલ કરવાની ભૂલ કરી છે તેનાથી કેવળ બ્રિટન જ નહીં પરંતુ સંપૂર્ણ વિ□ના ન્યાયપ્રિય લોકોની દષ્ટિએ ટોની બ્લેયર ઉઘાડા થઈ રહ્યા છે. અને તેમના આ સમજદારીથી વિપરિત પગલા વિશે એક તબક્કે પ્રસિદ્ધ બુદ્ધિજીવી અને નીડર સાહિત્યકાર "અરૂંધતી રોય"એ કહ્યું હતું કે, "બ્લેયર બ્રિટિશ પ્રધાનમંત્રી નહીં, પણ બુશના પ્રતિનિધિ જણાય છે."

થોડાક દિવસો પહેલાં બ્રિટનમાં એક મુદ્દતથી સ્થાયી મુસ્લિમ સંગઠનોના ૩૭ પ્રતિનિધિઓ, છ મુસ્લિમ લીડરો જેમાં લેબરપાર્ટી સાથે સંબંધ ધરાવનાર ત્રણ મુસ્લિમ મેમ્બર ઓફ પાર્લામેન્ટ પણ હતા તેમણે એક ખુલ્લા પત્રમાં બ્રિટન ગવર્નમેન્ટને પોતાની પોલીસીઓ ઉપર ફેર વિચારણા કરવાની અપીલ કરી અને કહ્યું કે અમેરિકી પોલીસીઓ અને ઈઝરાઈલનાં આંધળાં સમર્થનોથી બ્રિટન જ અંદર અંદર ભભૂકી રહ્યું છે. થોડાક દિવસો પહેલાં બ્રિટનના સૌથી સીનિયર પોલીસ ઓફિસર "તારિક઼ ગફૂરે" કહ્યું કે બ્રિટનના આતંકવાદ વિરોધી કાનૂન અને પોલીસ વિભાગની સખતાઈના કારણે લઘુમતી ગૃપોના જુર્મ અને અપરાધોમાં સપડાવાનો ખતરો વધી રહ્યો છે.

દૈનિક પત્ર "ઈન્ડિપેન્ડન્ટ"ના મુજબ ઈરાકમાં અસાધારણ સ્થિતિ અને હવે મધ્યપૂર્વમાં આમ નાગરીકો ઉપર થઈ રહેલા હુમ્લાઓને ખત્મ કરવામાં નિષ્ફળતાને કારણે માત્ર બ્રિટનના જ આમ નાગરીકોની જાનનો ખતર નથી વધી રહ્યો, પરંતુ તે અંતિમવાદીઓને પણ મજબૂત કરી રહ્યું છે જે આપણા સૌના માટે ખતરો છે.

**ટોની બ્લેયરે એ ન ભૂલવું જોઈએ કે કાબુલ, બગદાદ અને બૈરૂતના રાજ માર્ગો અને મુખ્ય માર્ગો પર વહી રહેલું ખૂન પણ લાલ હોય છે, બેવાઓની ચીસો અને ભોળાં નિર્દોષોની આહ તથા ફરિયાદથી આંખ આડા કાન કરીને પોતાના દેશની પ્રજાને સુરક્ષા પ્રદાન કરવી મુશ્કેલ કાર્ય છે !** કેમ કે ઈન્સાનનો ઈન્સાન સાથે સંબંધ આજે પણ ખૂબ જ ગાઢ અને ગેહરો છે અને તેને સમજવા માટે ઈન્સાની ભાવનાઓની જરૂરત પડે છે. *(આલમી સહારા, ૯–નવેમ્બર, ૨૦૦૬)*

# સુન્ની દા'વતે ઈસ્લામીનો
# ભરૂચ શહેરમાં સુન્ની ઈજતેમા કામયાબ !

કાર્યાલય

વર્તમાન સમયના બેહયાઈના માહોલમાં ઈસ્લામની સુસભ્ય સંસ્કૃતિના પ્રચાર તથા પ્રસાર માટે ઈશ્કે નબી ﷺ સાથે દિલોમાં સુન્નતે મુસ્તફા ﷺ પ્રત્યેની મહોબ્બતની જ્યોતને જગમગાવવા માટે, ભાઈઓ તથા બહેનોની દીને ઈસ્લામ પ્રત્યેની લાગણીને ઉત્તેજન આપવા માટે, કુર્આન તથા સાહિબે કુર્આનનાં ફર્માનોના પાલન માટે દિલોમાં વલવલો પેદા કરવા આલમી તેહરીક સુન્ની દા'વતે ઈસ્લામીનો બે દિવસીય સુન્ની ઈજતેમા ભરૂચની ધરતી પર સબજેલ ગ્રાઉન્ડ પર તા. ૧૧/૧૧/૨૦૦૬ શનિવાર ઝહોરબાદથી બહેનો માટે કુર્આને પાકની તિલાવત અને હઝરત સૈયદ અમીનુદ્દીન માલેગાંવીની દુઆ સાથે શરૂ થયો. જેમાં મુબલ્લિગોએ વિવિધ નઅતેપાકના ગુલદસ્તા પેશ કર્યા સાથોસાથ હઝરત મૌલાના રફીઉદ્દીન અશરફી પરભનીવાળા, જનાબ ઈમ્તયાઝભાઈ ભીવંડીવાળા, હાફેઝ અબ્દુર્રહીમ ભોલાવવાળા વગેરે મુબલ્લિગોએ સ્ત્રીને ઈસ્લામે શું ઈજ્જત આપી તથા આજના બુરાઈ દૌરમાં ઈજ્જતની જિંદગી, ઈસ્લામી જિંદગી જીવવા પ્રેરતાં બયાનો કર્યા તથા મુબલ્લિગા આલિમા બહેનોએ હલકાઓમાં બહેનો વચ્ચે ઉભા રહીને સ્ત્રીને લગતા પાકી સાફીના તથા દીની જરૂરી મસાઈલો પણ શીખડવાડયા. પર્દાના સંપૂર્ણ એહતેમામ સાથે થયેલા ઈજતેમામાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના શાકિર રઝવી નૂરી સાહબે પણ શર્મો હયા અપનાવવા દિલને ઝંઝોળનાર બયાન કર્યું હતું તથા પર્દો અપનાવી બાઈજ્જત જિંદગી જીવવાની શીખ આપી હતી. મગરિબ બાદ ઝિક્ર તથા દુઆ સલાતો સલામ સાથે પ્રથમ દિવસનો ઈજતેમા કામયાબી સાથે પૂર્ણ થયો. ભરૂચ શહેર ઉપરાંત વાગરા, જંબુસર, કરજણ, અંકલે□ર, ઝઘડિયા... વગેરે તાલુકાઓમાંથી દૂર દૂરથી બહેનોએ હાજરી આપી હતી. બીજા દિવસે રવિવારે ૧૨ વાગ્યાથી મર્દો માટેનો ઈજતેમા શરૂ થયો, જેમાં ઝહોર બાદ નમાઝના મસાઈલ સ્ટેજ પરથી જનાબ મૌલાના રફીઉદ્દીન અશરફી, જનાબ કારી રિઝવાન સાહબ તથા અન્ય મુબલ્લિગોએ પ્રેક્ટિકલી સમજાવ્યા તથા રુકૂઅ સિજદા વગેરેમાં મોટા ભાગે લોકો ક્યાં ભૂલો કરે છે વગેરેની સમજ આપી. નઅતે પાકની નૂરાની મેહફિલ સાથો સાથ અમલી એતેકાદી ઈસ્લાહ જનાબ કારી રિઝવાન સાહબે અનોખા અંદાઝમાં કરી હતી. અસર બાદથી ઈશા સુધી હઝરત અલ્લામા મુફતી નિઝામુદ્દીન રઝવી મિસ્બાહી (સદર મુફતી જામિઆ અશરફિયા મુબારકપુર) સાહબને સવાલો જવાબનો પ્રોગ્રામ ચાલ્યો જેમાં શરીઅતના ઈલ્મના વિવિધ સવાલોના સરળ જવાબોથી પબ્લિકને હઝરતે ફયઝયાબ કરી ઈલ્મની રોશની ફેલાવી હતી. ખૂબ જ રસપૂર્વક બેસીને અવામે સવાલો કર્યા જવાબો સાંભળ્યા. ઈન્ટરનેટ પર લાઈવ બંને દિવસનો ઈજતેમા રિલીઝ થયો હતો. ઈશાની અગાઉ જામિઆ અશરફિયા–મુબારકપુરમાં ફારિગ થનાર આલિમ ફાઝિલ થનારના માટે ઈસ્તકબાલિયા પ્રોગ્રામ થયો જેમાં હઝરત મુફતી નિઝામુદ્દીન સાહબ, હઝરત મૌલાના સૈયદ સલીમબાપુ બેડીવાળા તથા અન્ય ઉલમાના હાથોએ તેમને અમામા શરીફ બાંધવામાં આવ્યા. અને દરેકને રોકડ ઉપરાંત તફસીરે રહમાની (સૂરએ બકરહ્‌ની તફસીર) હઝરત મખ્દૂમ માહિમી رحمۃ اللہ علیہની લખેલી એનાયત કરવામાં આવી. ત્યારબાદ ઈજતેમાના સદર શેરે સૌરાષ્ટ્ર હઝરત મૌલાના સૈયદ સલીમબાપુ બેડીવાળા (ખલીફા તાજુશ્શરીઅહ્‌ હઝરત અલ્લામા મુફતી અખ્તર રઝા અઝહરી مدظلہ العالی) સાહબે સુન્ની દા'વતે ઈસ્લામી તેહરીકના મહત્વ પર ઈમાન અફરોઝ બયાન કર્યું. અંતમાં અતાએ મુફતીએ આ'ઝમ હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીએ ભરૂચ શહેરના સબજેલ ગ્રાઉન્ડમાં ભરચક ઈલ્મની પ્યાસી હજારોની અવામને પોતાની જિંદગીમાં ઈસ્લામી ઈન્કિલાબ પેદા કરવા, પોતાના ઘરના માહોલને શરમો હયાવાળો બાઅખ્લાક બનાવવા ખૂબ જ અસરકારક, પ્રભાવશાળી, દિલને વલોવતું બયાન કર્યું હતું. અંતમાં ઝિક્ર દુઆમાં અસંખ્ય લોકોએ રડી રડીને સાચા દિલની તૌબા કરી હતી. આમોદ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા ખાતે ચાલતા તર્બિયતી સેન્ટરમાં દાખલો મેળવી મુબલ્લિગ બની દીનની ખિદમતમાં જોડાવા પણ તાકીદ કરવામાં આવી હતી.

*–રજૂ. પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી*

# બરકાતે ખ્વાજાની ટપાલ

**આજીવન/પેટ્રન સભ્ય બન્યા છે !**

★ જનાબ હાજી આદમભાઈ દુકા–સેગવા

★ જનાબ હાજી મુબારક હાજી ઈસા–કંબોલી

★ જનાબ મુબારક હાજી અહમદ પટેલ (પેટ્રન)

★ જનાબ ખલીફા નઝીર બાપુ–નાની દમણ (પેટ્રન)

રૂા. ૨૫૦૦/– તથા રૂા. ૧,૦૦૦/– ભરીને બરકાતે ખ્વાજા (માસિક)ના આજીવન/પેટ્રન સભ્ય બન્યા છે. (જઝાકુમુલ્લાહ !) –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ વાંચકો લખે છે ! કે.... ★

આલી જનાબ શબ્બીર ભાઈ, સલામ બાદ જણાવવાનું કે આપની સંસ્થા "અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા" થકી પ્રકાશિત થતી ઈમાન અફરોઝ દીની કિતાબો વાંચી ઘણી જ ઈલ્મી વાતો જાણવા મળી. ઉપરાંત તમારા તંત્રીપદ હેઠળ પ્રકાશિત થતું "બરકાતે ખ્વાજા" (માસિક)નો નવેમ્બર–૨૦૦૬નો તંત્રી લેખ "દેવબંદમેં ફત્વા બિકતા હે" વાંચી ઘણી જ ખુશી થઈ. તમો આ જ રીતે દીને ઈસ્લામ તથા સુન્નિયત (મસ્લકે આ'લા હઝરત)ની ખિદમત કરતા રહો એવી દુઆ અલ્લાહ તઆલાની બારગાહમાં અમો સૌ ગુજારીએ છીએ. –*ખત્રી ઉષ્માનગની સુલેમાનભાઈ (ડભોઈ)*

જનાબ શબ્બીરભાઈ પટેલ, "બરકાતે ખ્વાજા" (માસિક)ના લેખો ખાસ કરીને આપના તંત્રી લેખો કૌમો મિલ્લતનું જે માર્ગદર્શન કરે છે તે આપનો જ હક્ક છે. હક્કગોઈની શું કિંમત ચૂકવવી પડે છે ? યકીનન ! એનાથી આપ વાકેફ છો. મારા જેવા ન જાણે કેટલાય ખુશ થતા હશે. કયામતની કડક ધૂપમાં જ્યાં કોઈ સાયો નહીં હોય ત્યાં અર્શે આ'ઝમ નીચે જગા પામનારાઓમાં તમે પણ તમારું નામ નોંધાવ્યું છે. અલ્લાહ કરે ઝોરે કલમ ઔર ઝિયાદા !

–*શેખ મુહમ્મદ મુજીબુદ્દીન (પેટલાદ)*

**તિલકવાડા** : જિ. નર્મદાથી ઘોરી હનીફભાઈના દુઆ સલામ બાદ જણાવવાનું કે ભરૂચ મુકામે તા. ૧૨/૧૧/૨૦૦૬ના રોજ સુન્ની દા'વતે ઈસ્લામીના ઈજતેમાં આવી ઘણી બધી સુન્નતો તેમજ દીને ઈસ્લામની ઘણી વાતો શીખી, અમોને સુકૂન થયો. અલ્લાહ તઆલાથી દુઆ છે કે પ્યારા હબીબ ﷺના સદ્કામાં હર જગા સુન્ની દા'વતે ઈસ્લામીના આવા ઈમાન અફરોઝ ઈજતેમાને કામયાબી અતા કરે અને આપના જેવા દીનના મુજાહિદોને ખૂબ જ દીનની ખિદમતનો અજ્ર આપે એવી અમારી દિલી દુઆ છે. (આમીન) –*હનીફભાઈ ઘોરી (સંજરી ટેલીકોમ સર્વિસ, તિલકવાડા)*

**વાપી** : તા ૪/૧૧/૨૦૦૬ના રોજ વાપી મુકામે (અહમદનગર) છીડી ખાતે મુનાઝિરે અહલે સુન્નત શાહઝદાએ શેર–બે–શેરે અહલે સુન્નત મૌલાના ઈદ્રીસ રઝાખાં અને અન્ય ઉલ્માએ દીનનો ભરપૂર મેદની વચ્ચે ઈશાની નમાઝ બાદ તકરીરનો પ્રોગ્રામ થયો હતો. જેમાં મૌલાના ઈદ્રીસ રઝાખાંએ પોતાના નૂરાની હક્કાની બયાનો વડે હાજરજનોના ઈમામ તરોતાજાં કરી દીધાં હતાં અને અહલે સુન્નત વલ જમાઅત મસ્લકે આ'લા હઝરતનો પરચમ બુલંદ કર્યો હતો. –*રજૂ. : ફારૂક ઉમરભાઈ શેખ (કિલ્લાપારડી)*

## ★ રૂા. ૭/–ની ટપાલ ટિકિટ મોકલી મંગાવો ! ★

**કિતાબ** : જામે અકીદત (નઅતો મન્કબતનો સંગ્રહ, પેજીસ–૯૬)

**શાયર** : શૈખ અબ્દુલગની અબ્દુર્રહ્માન 'ગનીમત' જ્યુબેલીવાલા

જનાબ 'ગનીમત' બાલાસિનોરીએ પોતાનાં મર્હૂમા અહલિયાના ઈસાલે સવાબ અર્થે હમ્દ, નઅત તથા મન્કબતનો આ ગુલદસ્તો સુન્ની અવામ સમક્ષ રજૂ કર્યો છે. મૌલા કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં એને કબૂલ ફર્માવે અને એને એમની મર્હૂમા અહલિયા

માટે તથા એમના માટે ઝરીયાએ નજાત બનાવે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

કિતાબ મેળવવા સંપર્ક કરો : (૧) ખાનકાહે અહલે સુન્નત, જામા મસ્જિદ બિલ્ડીંગ, માંડવી, વડોદરા (૨) એ.એ. શેખ ગનીમત જયુબેલીવાળા, તળાવ દરવાજા, બાલાસિનોર, પિન. ૩૮૮૨૫૫ (૩) હાજી ગુલામ મુહમ્મદ ઈબ્રાહીમ, બાગે કાદરી, અઝીઝ પાર્ક, પાવાગઢ રોડ, હાલોલ (પંચમહાલ)

## ★ શાદી મુબારક હો ! ★

**હાલોલ** : રહીમ કોલોનીથી ખત્રી અબ્દુલલતીફ અબ્દુર્રહ્‌માનજી તેજગઢવાળા જણાવે છે કે તેમના નાના ભાઈ નિસાર અહમદ અબ્દુર્રહ્‌માનજી ખત્રીના નૂર ચશ્મ ફરઝંદ તન્વીર અહમદની શાદી કલારાણી હાલ અંકલે□રના જનાબ ખત્રી જુસબજી અબ્દુર્રહ્‌માનજીની નેક દુખ્તર નફીસાબાનુ સાથે તા. ૨/૧૧/૨૦૦૬ના રોજ અંકલે□ર મુકામે રાખવામાં આવી.

**ભરૂચ** : (રોશનપાર્ક) ખાતે હાજી ઉષ્માન હાજી ઈબ્રાહીમ વોરાસમનીવાળાના નેક ફરઝંદ શાહિદની શાદી મુબારક તા. ૧૯/૧૧/૨૦૦૬ના રવિવારે યૂનુસ હાજી આમનજી (કરમાડવાળા, હાલ : બોલ્ટન, યુ.કે.)ની નેક દુખ્તર સાલેહા સાથે રાખવામાં આવ્યા.

**માંગરોલ** : ના હાફેઝ ઈકબાલ સાહબના નેક ફરઝંદ ઈરફાન હુસૈનની શાદી મુબારક તા. ૧૨/૧૧/૨૦૦૬ના રોજ ઝંઘાર મુકામે ધનિયાવીના રહીશ મર્હૂમ દાઊદભાઈ મૂસાની નેક દુખ્તર (હાફેઝ અબ્દુલ્લાહ ઝંઘારવીની ભાણકી) આલિમા ફાઝિલા રિઝવાના સાથે રાખવામાં આવ્યા. જેમાં ખલીફાએ મુફતીએ આ'ઝમ હઝરત અલ્લામા મૌલાના મુફતી મુજીબ અશરફ સાહબ નાગપુરી, જનાબ મૌલાના ગુલામ મુસ્તફા સાહબ તથા અન્ય સાદાત, ઉલમા, હુફ્ફાઝે કિરામે હાજરી આપી હતી.

**મનુબર** : ખાતે દિવાન મુબારક અલી અહમદશાની નેક દુખ્તર ફઝીલાબાનુની શાદી તા. ૧૩/૧૧/૨૦૦૬ના રોજ ઈખર નિવાસી ઐયૂબશાના નેક ફરઝંદ ઈમરાન સાથે રાખવામાં આવી.

## ★ મસ્જિદ બનાવી આપો ! ★

જેતપુરપાવી તાલુકાના ઉચાપાન ગામમાં આવેલ "નૂરાની મસ્જિદ" ખૂબ જ જૂની પૂરાણી તેમજ ખૂબ જ નાની જર્જરીત હાલતમાં છે. જેને શહીદ કરી નવેસરથી બનાવવાની ખાસ જરૂર છે. ગામમાં આશરે ૫૦ ઘરની વસ્તી છે અને નાનુ ગામડું છે. અહીંની અવામ મધ્યમવર્ગની હોઈ નવી મસ્જિદના બાંધકામ માટે ખર્ચ ઉઠાવી શકે તેમ નથી માટે સુન્ની અવામને દર્દભરી અપીલ કરીએ છીએ કે તમારી ઈમદાદ વગર અમારાં ગામમાં નવી મસ્જિદ બની શકે તેમ નથી. તો આપ સખીદાતાઓ આપના સખી હાથમાં અમારા સુધી લંબાવી હમોને નવી મસ્જિદ બનાવવામાં મદદરૂપ બની સવાબે જારીઆના હક્કદાર બનો એવી ખાસ દર્દભરી અપીલ છે. **સંપર્ક કરો** : નૂરાની મસ્જિદ–મદ્રસા, મુ.પો. ઉચાપાન, તા. જેતપુર–પાવી, જિ. વડોદરા, પિન. ૩૯૧ ૧૬૦ ફોન: (૦૨૬૬૪) ૨૬૮૧૦૫

## ઈન્તેકાલ પુરમલાલ

**લુવારા** : તા. જિ. ભરૂચથી હાફેઝ મુબારક જણાવે છે કે તેમના વાલિદ સાહબ મર્હૂમ હાજી આદમ યૂસુફ લકઝરીવાલા તા. ૨૫/૧૧/૨૦૦૬ રમઝાન ઈદના દિવસે સવારે ૧૦ કલાકે ઈન્તેકાલ કરી ગયા છે. તેમના ઈસાલે સવાબ અર્થે રૂા. ૧૫૧ "બરકાતે ખ્વાજા" (માસિક)ને લિલ્લાહ મોકલ્યા છે. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہના વસીલાથી મર્હૂમની મગફેરત ફર્માવે, આ'લા જન્નતમાં જગા અતા ફર્માવે, કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**કરજણ** : હાફેઝ ઈબ્રાહીમ કહાનવાલા જણાવે છે કે હુસૈન ટેકરી મસ્જિદના ઈમામ જનાબ હાફેઝ મુશતાક કહાનવાળાનાં વાલિદા હુરીબહેનનો ઈન્તેકાલ તા. ૧૫–૧૧–૦૬ના રોજ થયો છે. મૌલા કરીમ મર્હૂમાની મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે અને કુટુંબીજનોને સબ્રે જમીલ આપે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*